Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# કન્યાવિક્રય દોષ.

રચનાર

શ્રીશ્રીશ્રી મુનીમહારાજ શ્રી સુખસાગ
રજી મહારાજના શિષ્ય મુની મહા
રાજ શ્રી બુદ્ધિસાગરજી.

છપાવી પ્રસિદ્ધ કર્તા,
શ્રી જૈનોદય બુદ્ધિસાગર સમાજ.
મુ. સાણંદ.

વીરસંવત ૨૪૩૧ સંવત ૧૯૬૧

કીં. રૂ૦-૪-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમદાવાદમાં.

"રાજનગર પ્રિન્ટીંગ પ્રેસ"માં શા. મગનલાલ
હઠીસંગે છાપ્યું.

પ્રસિદ્ધકર્તાએ સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अर्पणपत्रिका.

શેઠજી. રા. રા. જેસંગભાઇ કંકુચંદભાઇ ઝવેરી.
વડોદરા.

શેઠજી. રા. રા. નથ્થુભાઇ મંછાચંદ.
વિજાપુર.

## ॥ श्री वीरोविजयतेतराम् ॥

श्रोतं श्रुतेनैवनकुण्डलेन, दानेनपाणिर्नतुकंकणेन ॥
विभातिकायःकरूणायराणां, परोपकारैर्नतुचंदनेन ॥

(માણસોની "ક્ષયિત કાયા" પણ પરોપકારથી "અક્ષયિત" આભૂષણાલંકૃત થાય છે.) તેવા સજ્જનોના જીવિતને ધન્યવાદ છે. સજ્જનો હરનીશ પરોપકાર કર્તવ્યતામાં વિમગ્ન રહે છે, તેઓ પોતાનું કાર્ય તજી દઇ પરોપકારવૃત્તિ કાર્યને પ્રથમ સ્વીકારે છે. શાબાસ છે તેવા પરોપકારવૃત્તિ વિમગ્ન અંતઃકરણવાળા વિબુધોને "ત્રા" તેઓના જીવિતને. જન્મને સાંસારિક ધર્માદિ વર્તુણુકોને પણ શતવાર પ્રેમપૂર્વક ધન્યવાદ છે. તેવાઓથીજ આ પૃથ્વિ ભૂષિત—ને પૃથ્વિને "बहुरत्ना वसुंधरा" એ વિશેષણ પણ લાયકજ છે કે તેવાં રત્નો આ પૃથ્વિ વલયમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ પણ તેવા સજ્જનોના ગુણાલંકારલકૃત છો, ધર્મમાં અતિ પ્રેમાર્દભાવ રાખો છો, સિદ્ધાંતોક્ત શ્રાવકના ગુણોથી વિરાજીત છો, દયાળુ, ગુણવાન્, સુશીલ, ધર્મદ્રઢવાન્, પરોપકારી ને જૈનમાર્ગમાં અતિ ઉચ્છાહિ છો, તન મનને ધન અર્પી વીરપ્રણિત ધર્મને વધારવા, ઉજવલીત કરવા, હરનીશ અનુમોદન આપવા ખંત ધરાવો છો; તેમજ સાધુ મહારાજોને તથા ધર્માનુંયાયી બંધુઓને તદનુસાર વર્તવા વારંવાર અતિ પ્રેમપૂર્વક સઘ સમાજમાં "સ્વમનસ્થ" પ્રેમાર્દ્રભાવ દર્શાવી "માર્ગસ્થોના" મનને વારંવાર બોધ દઇ આનંદીત કરો છો; વિગેરે અનેક ગુણોના પ્રભાવથી રંજીત થયેલ આ સમાજ આપના ગુણાનુવાદને નિરંતર અનુસરી તે ભાવથી આકર્ષિત થઇ આ લઘુ પુસ્તક આપને ભેટ આપવા મનોચ્છુકતા ધરાવે છે તો ઘટિત વિનય પૂર્વક સ્વીકાર કરશોજી.

લેખક.

શ્રી જૈનોદય બુદ્ધિસાગર સમાજ.

મુ. સાણંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रस्तावना.

આ ભારતભૂમિ વિશાલ રમણીય સ્થાન છે. આ ભૂમી દેવભૂમી સમાન છે, તેમાં જન્મ પામેલાઓના જન્મને સાફલ્યતા છે; કારણ કે ભારત સ્થલમાં જન્મ લેવાને "નભવાસી" અમરો પણ અહર્નિશ ઇચ્છા રાખેછે. તે દેવો પ્રતિદિન એવી આકાંક્ષાપૂર્વક ઉચ્ચારણ કરે છે કે, "धन्यास्तु ये भारतभूमि भागे" (તે) જેઓ આ ભારત સ્થલમાં જન્મ પામેલા છે તેઓના જન્મને ધન્યવાદ છે, માટે દેવભૂમીસમાન ભારત મંડલમાં જન્મ પામી વીરજી મહારાજ પ્રણિત સત્યધર્મને અંગિકાર કરવો. તદનુસાર હરનીશ વર્ત્તવું એ સૌકો પ્રાણીઓનું કર્તવ્ય છે, પણ ચાલુ સમય કઠિન વરતાય છે માટે દીવસે દીવસે તે કર્તવ્યતા વિછિન્નતાપણાને પ્રાપ્ત થયેલી જોવામાં આવતાં તથા કેટલાક જૈનબંધુઓની વગર મહેનતી અન્યાયાનુગામી કન્યાવિક્રયરૂપી વૃત્તિને રોધ કરવા ઘણા દીવસથી આ પુસ્તક રચવાનો વિચાર ચાલતો, પણ "समयाभावात्" તેમજ "अन्यकार्या वरोधात्" તે વિચાર સંપૂર્ણતાને પામી શકયો નહોતો. તેટલામાં ભાવિનતાને આધારે સૌરાષ્ટ્ર તરફ પ્રયાણાવસર આવ્યો, ત્યાં જવું થયું, તત્ર નિવાસિત થતાં તત્રત્યોની કન્યાવિક્રયવૃત્તિ આધીન કર્તવ્યતા નયનાવલોકન થાતાં મેં દૃઢતાથી તેઓની વૃત્તિવિનાસક 'कन्याविक्रय दोष' નામનું પુસ્તક રચવા આરંભ કર્યો, તેમાં વડોદરાવાસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનધર્માભૂષણ ભૂષિતાંગ સુશ્રાવક જેસંગભાઇ કંકુચંદ તથા નથુભાઇ મંછાચંદભાઇએ તે વાતને પ્રેમપૂર્વક અનુમોદન આપ્યું, ને પુસ્તક રચવા વારંવાર મુને પ્રેરણા કરી ઇચ્છા જણાવી જે તૈયાર થયે છપાવવા પણ વખતે મદદ આપીશ. તેથી આ "કન્યાવિક્રય દોષ" નામનું લઘુ પુસ્તક રચી બહાર પાડવા બનતો પ્રયાસ કરેલ છે તો તદનુસાર વર્તતાં "વા" લખેલ નૉવેલના લેખને વિચારતાં–માંહીથી સાર ગૃહણ કરતાં ધીમેધીમે તથાપિ સત્વરતાથી સૌકો જૈનબંધુઓ ઉપરોક્ત નિષેધને રોકવા બનતો પ્રયાસ અંગિકાર કરશે ને સત્યધર્માનુયાયીઓ બનસે, ને રચનાર, અનુમોદન દેનાર ઉભયના કરેલ શ્રમને પૂર્ણ ફળદાયી કરશે એવી આશા છે. વળી ધર્મ છે તેજ સહાયી છે. અન્ય સાંસારિક વસ્તુઓ ક્ષયકારી છે. ધર્મ એકલો અવિનાસી ને અખંડ સુખદાયી છે. એજ. इत्यलम्.

अनुष्टुपछंद.

कुंथुः करोतु कल्याणं, सुमतिस्सर्व संपदः ॥
शेषास्तु धनधान्यानि, प्रयच्छन्तु जिनास्सदा ॥

किंवह्वाडंवरण विलेखनन. शिवमस्तुसदासर्वेषाम्.
"કિંવહ્વાડંબર વિલેખનેન" હમેશાં સર્વનું કલ્યાણ થાઓ.

લેખક.

શ્રી જૈનોદયબુદ્ધિસાગર સમાજ.

મુ. સાણંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જાહેર ખબર.

અમારે ત્યાંથી તથા નીચે લખેલે ઠેકાણેથી નીચે લખેલાં પુસ્તકો તૈયાર મળશે.

કન્યાવિક્રય દોષ. કીં. રૂ૦–૪–૦

પુજાસંગ્રહ (મુનીમહારાજ શ્રી બુદ્ધિ-
સાગર વિરચિત. કીં. રૂ૦–૨–૦

શ્રી જૈનોદય બુદ્ધિસાગર સમાજ.
મુ. સાણંદ.

શા. જેસંગભાઇ મોતીલાલ બુકસેલર.
ઠે. રીચીરોડ–મુ. અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# છપાય છે.

મુનીમહારાજ શ્રી બુદ્ધિસાગરજી મહારાજનુ બનાવેલું "ચિંતામણી" નામનું પુસ્તક થોડા દીવસમાં શાસ્ત્રી અક્ષરથી છપાઇ તૈયાર થશે. તેનું કદ આશરે કન્યાવિક્રયની બુક જેવડું થશે. આ પુસ્તકમાં નિતી તથા જ્ઞાનસહિત શિખામણના બોધપાઠ ત્રણસેંને આશરે છે. તે સિવાય શ્રીમાન્ આચાર્યોની બનાવેલી ગુંહલીઓ મર્મ તથા અર્થ સાથે દાખલ કરવામાં આવી છે. કીંમત ઘણીજ જુજ.

ફક્ત રૂ૦-૩-૦ ત્રણ આના.

શ્રી જૈનોદય બુદ્ધિસાગર સમાજ.

મુ. સાણંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ नमः संखेश्वर पार्श्वनाथाय ॥

# कन्याविक्रय दोष.

॥ मंगलम् ॥

श्री सर्वज्ञं नमस्कृत्य । स्मृत्वा श्री रविसागरं ॥
कन्याविक्रय दोषाख्यं । पुस्तकं क्रियते मया ॥१॥

ચોત્રીશ અતિશયરૂપ લક્ષ્મીએ કરી વિરાજીત લોકાલોક ભાસ્કર સર્વ પદાર્થ જ્ઞાતા એવા સર્વજ્ઞમહારાજાને નમસ્કાર કરીને, તથા વળી પંચ મહાવ્રતધારક સંસારતારક ચઉગતિવારક બાળબ્રહ્મચારી કૃપાનિધિ દયાનિધિ પ્રશમ રસવાહક શ્રી નેમસાગરજીના શિષ્ય પરમોપકારી શ્રી રવિસાગરજી સદ્‌ગુરૂ મહારાજની અમૃતમયી અલૌકિત વ્યક્તિ (મૂર્તિ) નું હૃદયમાં સ્મરણ કરી તેમની કૃપાથી "कन्याविक्रय दोष" નામનું પુસ્તક તેમના પ્રશિષ્ય બુદ્ધિ નામના બાલથી ભવ્ય જીવોના ઉપકાર નિમિત્તાર્થમ્ અને જૈન શાસનની અતિ વૃદ્ધિ માટે કંઇક બાલક ક્રિડાવત્ પ્રયત્ન કરાય છે. આ પ્રસંગે શ્રી સુખસાગરજી ગુરૂને પુનઃ પુનઃ ત્રિકરણયોગે નમન કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# कन्यानो विक्रय करीने द्रव्योपार्जन करवुं ते महापाप छे.

કન્યાનું જે વેચવું તે મહા પાપ છે, એમ સર્વ ભવ્યાત્માઓને જણાવવા હું આ પુસ્તક રચું છું; તેમાં શાસનદેવતાઓ સાહાય્ય કરો, ઇષ્ટ મહામંત્રાત્મક દેવો સહાય્ય કરો, કે જેથી ઇષ્ટકાર્ય સિદ્ધ થાય.

કળિકાળના યોગે "હુંડા અવસર્પિણી કાળ" પંચમ આરો કૃષ્ણપક્ષિયા જીવ દક્ષિણાર્ધ ભરત વિગેરે કારણો થી જૈનશાસનની અભિવૃદ્ધિ દેખવામાં આવતી નથી. અને કેટલાક શ્રાવકો અનેક પ્રકારના સંશય પાપમાં આશક્ત થઇ સત્યધર્મપરાંગમુખ થતા જાય છે, અને સત્ય ધર્મને વિષે અનેક પ્રકારની શંકાઓ કરે છે. દૈવ યોગે કેટલાંક વર્ષથી જૈનોમાં કેટલાક શ્રાવકોમાં ગુપ્ત રીતે પોતાની છોકરીઓનું વેચાણ થાય છે, કેટલાક કેટલાક ભાગમાં તો ચીભડાની પેઠે—શાકની પેઠે પોતાની છોકરીઓની કિંમત કરી, તેમના માતપિતા વેચાણ કરે છે; એમાં મહા પાપ છે.

કાઠીઆવાડમાં (સૌરાષ્ટ્રમાં) મુખ્ય ઉદ્યમ કન્યા વિક્રયનો છે. પૈસાની પાપી લાલચથી અને એ પૈસા પેટપૂર્તિ કરવાને સારૂ પોતાના ધર્મને રસાતલમાં પેસાડી દેઈ "દયાને હૃદયમાંથી દેશવટો આપી" અને વાત્સલ્ય પ્રેમમાં અંગારો મુકીને પોતાની દીકરીનું વેચાંણ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપૈયાની થેલીઓ ઘરમાં મુકી દીકરી પૈસા નામની પદવીરૂપ કાળી ટીલી કપાળમાં ધારણ કરી પોતાની દીકરીને ઘરડા ડાસા (બુઢ્ઢા) સાથે પરણાવે છે, અને લાકડે માંકડું વળગાડી દે છે; અને મડદાલ બુઢ્ઢાને મીંઢળ પહેરાવે છે. એ અગ્નિમાં અધમો ધનની પિપાસારૂપ (અનિર્વાણ્ય ઉદર પોષણ હુતદ્રવ્યને) હોમી (આહુતિ આપી) અગ્નિને તૃપ્તિ કરે છે. જે જૈનો દયાના દરિયાવ કહેવાય છે, કોઇને દુઃખ દેવું નહિ, અહિંસા પૈરમ ધર્મમાં જીવન ગાળનાર નામ ધરાવે છે, તેમાં કન્યાવિક્રયરૂપ ક્ષયરોગે વાસ કીધો છે. મારા જૈન બંધુઓ ચોમાસામાં ઉત્પન્ન થતાં અળસિયાંની દયા કરે છે, પાણીના પોરા વિગેરેની રક્ષા માટે ગરણાં રાખે છે, ખોડાં ઢોરોની દયા માટે પાંજરાપોળો બાંધે છે પણ કન્યાની દયા માટે કંઈ પણ મનમાં વિચાર લાવતા નથી. અરે! અહો શો જુલમ. અરે! ઓ વિતરાગ દેવ! તમારા ભક્તોની આવી દુર્દશા, તેમની આવી ઘાતકી લાગણી. શું થવા બેઠું! અને શું થશે. તે બિચારી કન્યાની ઘેટાં બકરાંની દશા સામું કોણ દેખે? એક ખરાબ પીપાસાને વશ થવું એ શું યોગ્ય કહી શકાય? ના કદી કહી શકાય નહિ.

## कन्याविक्रयनी मनाइ शुं शास्त्रमां छे?

कन्याविक्रयी—શુ આપણા શાસ્ત્રમાં કન્યા વેચવી ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિ એવી શાસ્ત્રકર્તાઓએ મનાઇ કરી છે ને કરી હોય તો ગ્રંથાધાર બતાવો?

धर्मसाधक—ઓ મારા વહાલા ભ્રાતા! શાસ્ત્રોમાં કોઇપણ ઠેકાણે કન્યાને વેચવી, એમ લખ્યું નથી. ભરતરાજા, સગરચક્રવર્તી, રામ, પાન્ડવો, શ્રી મહાવીરસ્વામિના ભક્તો વિગેરે કોઇએ પણ પોતાની કન્યાને રૂપૈયા લઈ બીજાને વેચી નથી. થોડા વખતથી પ્લેગની પેઠે આ મહારોગ ફાટી નિકળ્યો છે. સ્વોદર પોષણ કરવા અસમર્થ, નિપુરૂષાર્થી અનૂદ્યોગી પુરૂષોએ તે પ્રચાર જારી કીધો છે, તો તેઓનો મનોદ્ભવવિચાર-સંસાર નિતિમાર્ગાનુગામી કહેવાયજ નહીં; માટે કન્યાનો વિક્રય કરવો એ અકથનીય પાપનું પગલું છે; તેમાં કોઈદી શ્રેયસ્કર થતુંજ નથી. માટે સર્વથા નિર્વિક્રયી કન્યાદાન દેવું એ જૈનધર્મની અત્યુન્નતિનું પ્રથમ દ્વાર છે.

कन्याविक्रयी—પોતે ઉત્પન્ન કરેલી છોકરી તે એક જાતના ફળની માફક કહેવાય, તો તે ફળનો સર્વથા ઉપભોગ કરવામાં શું અનિતી છે? પોતે વેચવી જોઇએ તથા ગુજરાન ચલાવવું જોઇએ.

धर्मसाधक—ઓ મારા મિત્ર! અશ્રવણીયવાક્ય, કર્ણાકટુતાને વધારી વિશેષ ખેદ ઉપજાવે છે, જરા વિચારીને બોલો, પોતાનાથી જે ઉત્પન્ન થાય એ સર્વને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેચવાં જોઇએ એમ તમારૂં કહેવું યુક્તિહીન અને ધર્મશ્રદ્ધાહીન છે. કારણ કે–પોતાનાથી ઉત્પન્ન થએલી એવી જે પોતાની છોકરી તેને જેમ ફળની માફક તું ગણે છે ત્યારે કેરી, જામફળ, વિગેરેને પોતે જેમ ભક્ષણ કરી ઉપભોગમાં લઇએ છીએ અને બીજાઓને પણ વેચી શકીએ છીએ તેમ તારી છોકરી પણ એક ફળ સમાન થઈ તો તેમ તું પણ તેની સાથે કેમ ક્રિડા કરતો નથી અને પોતાની સ્ત્રી તરીકે કેમ ગણતો નથી તેનું શું કારણ છે તે બતાવ.

कन्याविक्रयी–હાય ! હાય ! અરરરર ! પોતાની છોકરી સાથે તે ક્રિડા કરાયકે ? અને પોતાની સ્ત્રી તરીકે તેને કેમ કહેવાય? એ પ્રમાણે કરનાર તો અધમમાં અધમ મહા પાપી અઘોરી જાણવો.

धर्मसाधक–વારૂં ઠીક. પોતાની દીકરીની સાથે ક્રિડા કરનારને મહાપાપી શા કારણથી જાણવો ?

कन्याविक्रयी–સત્યદેવના શાસ્ત્રમાં તેમ કરનારને મહા પાપી કહ્યો છે, તેથી અમો પણ તેમાં મહા પાપ સમજીએ છીએ.

धर्मसाधक–તેજ પ્રમાણે વિતરાગદેવના વચનથી સિદ્ધ થાય છે કે, કન્યાવિક્રય કરવો તેમાં મહા પાપ છે. પોતાની માતામાં સ્ત્રીજાતિત્વ રહ્યું છે તેવુંજ પોતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની સ્ત્રીમાં પણ અગ્રોક્તપણું (સ્ત્રીપણું) રહ્યું છે અને તેવુંજ પોતાની દીકરીમાં સ્ત્રીજાતિપણું પણ રહ્યું છે. દરેકમાં આંખ, કાન, નાક, શરીરનો આકાર સરખો છે, છતાં માતાને પૂજ્યબુદ્ધિથી નમવું, સ્ત્રીને વિષયબુદ્ધિથી ભોગવવી અને પુત્રીમાં વાત્સલ્યતાભાવ. એમ પ્રત્યેકમાં જુદા જુદા પ્રકારની ભાવના રહેલી છે તેનું કારણ શું છે?

તેનો ઉત્તર કહેવાશે કે—ધર્મ વ્યવહાર એજ પ્રકારનો છે અને તેથી વિપરીત ચાલે તેને ધર્મ વ્યવહાર તોડવાથી મહાપાપ લાગે અને ચારગતિમાં અનંત દુઃખો ભોગવે તે પણ ધર્મશાસ્ત્રથી સિદ્ધ થાય છે. તેવીજ રીતે કન્યાવિક્રય કરવો એ પણ ધર્મશાસ્ત્ર વિરૂદ્ધ છે તો તેથી વિરૂદ્ધ ચાલનાર, નરકનિગોદમાં અનંત દુઃખો ભોગવે તેપણ યુક્તિ યુક્ત છે.

**कन्याविक्रयी**—અમો પૈસાદાર છતાં દીકરી વેચી પૈસા લેતા નથી, પણ ગરીબ અવસ્થામાં પૈસાને માટે વેચીએ તેમાં શો દોષ?

**धर्मसाधक**—અરે કર્ણાશ્રવણવાક્યવક્તા! મ્હારા વ્હાલા ભલા મનુષ્યો! પૈસાદાર છતાં જેમ સારૂ સારૂ જમીએ, અને ગરીબ અવસ્થા આવે ત્યારે આપણી ઉં (રામપાત્ર) લેઈ ઘરોઘર ભમી ભિક્ષા કેમ માગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વી નહીં? એમ વર્તવામાં શો દોષ—ગરીબ અવસ્થા પ્રાપ્ત થતાં કેમ પોતાની સ્ત્રી અગર પુત્રને વેચતા નથી, તો પછી દીકરીને કેમ વેચવી જોઇએ? ગરીબ અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે પથ્થરા કેમ ખાતા નથી? કોઈ કહેશે કે પથ્થરા તે કંઈ ખવાય અને તે શું પેટમાં પચે, તેના ઉત્તરમાં સમજવાનું કે—પથ્થરા જેમ ખવાય નહિ અને પેટમાં પચે નહિ તેમ દીકરીનો પૈસો તેને વેચી ખવાય નહિ અને તે ખાધો છતાં પચી શકે નહિ અને દરિદ્રપણું પ્રાપ્ત થાય.

कन्याविक्रयी–ઘણા લોકો પોતાની દીકરીઓને વેચી પૈસા ખાય છે, તો તે કેમ ગરીબ થઈ જતા નથી? ઉલટા તે તો મૂછો ઉપર હાથ મૂકી તોરમાંને તોરમાં લહેર મારે છે અને આનંદમાં દિવસ ગુજારે છે તેનું કેમ?

धर्मसाधक–જે લોકો પોતાની દીકરીઓ વેચે છે તેઓની સારી સ્થિતિ છતાં પણ પ્રતિદિન ગરીબ સ્થિતિ થતી જાય છે, સંતાનનો ઉચ્છેદ થાય છે, નિર્ધનતા થાય છે, બહીરસ્થિતિ દરશન અત્યુત્કૃષ્ટ જણાતું હોય પણ અંદર અલક્ષ્મીત્વ પ્રાપ્તપણું હોયજ તેમાં શક નહીં. ઉપરનો ડોળ ગમે તેવો હોય પણ અંતરમાં ખાલી થતા જાય છે, તેની આબરૂ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘટે છે, જ્ઞાતિમાં હલકો થાય છે, મહા પાપ બાંધે છે, છોકરીની ખરાબ આશિષ તેને શિરપાવમાં મળે છે અને છોકરીના પૈસા ખાનારની બુદ્ધિ બગડે છે.

कन्याविक्रयी- પોતાની દીકરીના પૈસા ખાવાથી બુદ્ધિ કેવી રીતે બગડે?

धर्मसाधक-જેમ અનેક દુર્ગુણ ગણાન્વિત અવિદ્વજ્જનના સમાગમે સહુ સાધનો વિઘ્નીભુત થાય છે તેમ જ સ્વકન્યા વેચી લીધેલ પૈસો મતિભ્રમ કરી અનિવાર્ય દુખ દેનાર નિવડે છે, તેટલુંજ નહિ પણ નિશ્રેયસ પંથદ્વારને રોધી નરકગામી દ્વારમાર્ગનો રસ્તો સહેલાઇવાળો છે તેમ દર્શાવી આપે છે. મદિરાપાનથી બુદ્ધિ બગડે છે તેમ દીકરીના પૈસા ખાવાથી બુદ્ધિ બગડે છે. પહેલાં દીકરીના પૈસા ખાવાની જે ઈચ્છા થઈ તેજ વખતે બુદ્ધિ ખરાબ થઇ અને પોતાની વ્હાલી દીકરીને ઘેટાં બકરાંની પેઠે જ્યાં પોતાનું ખીસ્સું ભરાય ત્યાં દેવી એ શું ઓછું પાપ? એવાં પાપ કરી દુર્ગતિ પામીએ એમાં શું આશ્ચર્ય?

**પ્રશ્ન**—મારા પ્રિય ભાઈ! તમારા શરીરે ઉષ્ણ વાયુ લાગે છે તેને તમો આંખે દેખો છો? ઠંડો વાયુ લાગે છે તે તમો દેખી શકો છો?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कन्याविक्रयी—ના સાહેબ, ઉષ્ણવાયુ, ઠંડો વાયુ આંખે દેખી શકાતો નથી, પણ ઝાડને હલાવે છે, તૃણને હલાવે છે, આપણા શરીરને લાગે છે, તેથી તે વાયરો છે એમ જાણીને તે સત્ય માનવામાં આવે છે.

धर्मसाधक—મારા મહેરબાન સાહેબ! તેવીજ રીતે કન્યા વેચવાથી જે પાપ થાય છે તે આંખે દેખી શકાતું નથી, પણ પરભવમાં નીચ જન્મ, દરિદ્રાવસ્થા, રોગીપણું, આદિ દુઃખોથી પાપની સિદ્ધિ થાય છે. અનિતિ પંથાશ્રયી—સાહેબ—શ્રવણ કરો કે કન્યા વેચીને ઉપાર્જીત કરેલ દ્રવ્યોદ્‌ભવપાપ અદર્શનીય છે (દ્રષ્ટિગોચરને પ્રાપ્ત થઇ શકતું નથી) છતાં તદુભવ અમોઘ પાપના ઓઘ, જન્મો જન્મ દારિદ્રયાદિ અનેક દુઃખોથી વારંવાર દુખ દેવા સ્વપંજાઓનું પ્રદર્શન કરી ભયંકરતા દર્શાવે છે, તેટલુંજ નહિ પણ નરકદ્વાર નચીત કરવા (લઇ જવા) સાર્થવાહનું કામ કરવા પણ પાછા પડતા નથી. આહા! કેટલું દુઃખદાયી અનિતિપંથનું પગલું. વિચારો મારા મહેરબાન! માટે પોતાની છોકરીને વેચીને પરણાવીને પૈસા ખાવા તેમાં મહા પાપ છે.

જૈનશાસનમાં કન્યાવિક્રય કરવો તે અધમાધમ પાપ પ્રદર્શિત છે તેમ છતાં જે જૈનો કન્યાવિક્રય કરે છે તે અધમ બની ઉપરોક્ત વિશેષણ વિલંકારાલંકૃત થઇ અપયશના સહચરો બને છે તે નિઃશક્તા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## कन्याविक्रयथी थता महा पापो.

કન્યાવિક્રયના અધમ રીવાજથી આજકાલ સંખ્યા બંધ બાળાઓ વિધવાઓ બને છે, તે વિધવાઓ પોતાની યુવાવસ્થાથી સ્વછંદી અને દુરાચારિણીઓ બને છે અને કેટલીક તો નાતજાતથી પણ નિકળી જાય છે, કેટલીક નાતમાં રહી દુરાચાર કરે છે અને તેથી કરી ગર્ભ ધારણ થાય છે ત્યારે લોકલજ્જાથી બીક પામતી, લાજતી, પોતાના ઉદર વિષે રહેલા ગર્ભનું પાતન કરે છે ઘણે ઠેકાણે સાંભળીએ છીએ કે અમુક વિધવાએ ગર્ભપાત કર્યો, અને કદાપી બાળક પ્રસવે છે તો તેનો પણ નાશ કરે છે તેમ છતાં જૈનોનું નયનપંકજ વિકસિત થઈ ઉપરોક્તમાર્ગ રોધકોને સ્વસુગંધ અર્પતુ નથી. તે શું અંધારૂં?—ખરેખર અંધારૂં ને વિઘ્નવાળુ-યસ હરનારૂં ને પાયમાલ કરનારૂં.

## काठीयावाडमां चालतो कन्यानो वेपार.

સૌરાષ્ટમાં આધુનીક કાળમાં કન્યાવિક્રય થતો સૌકોની દ્રષ્ટિગોચરતાને વારંવાર દર્શન દે છે. આજકાલ કાઠીયાવાડ (સૌરાષ્ટ) માં કન્યાવિક્રય પુરજોસથી વધતો જાય છે, અને તેવાજ કારણોથી કાઠીયાવાડના લોકો કંગાલ અવસ્થાના ભોગી થઇ પડયા છે. કાઠીયાવાડી જૈનોમાં કેટલાંક કુટુંબોતો પોતાનો નિર્વાહમાત્ર કન્યાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરજ કરે છે. રાજાને ત્યાં પુત્ર પ્રસવથી જેવો આનંદ થાયછે તેવોજ આનંદ કાઠીયાવાડી જૈનોમાં પુત્રી પ્રસવથી થવાથી કેટલાક કન્યાવિક્રયીઓને થાય છે. કન્યાઓજ તેમના વ્યાપારની મુખ્ય વસ્તુ થઈ પડી છે. કાઠીયાવાડ માં જે કન્યા વેચનાર શ્રાવકો છે તેમાં જેને એક બે ક ન્યાઓ હોય છે તેને બજારમાંથી માલ ઉધારે બસેં ત્ર ણસેં રૂપૈયાનો મળી શકે છે, બીજાઓને કોના ઉપર ઉધાર માલ મળે! જેને એક બે દીકરીઓ હોય છે તેઓ કશો ઉદ્યમ નહીં કરતાં જ્યારે તે દીકરીઓ મોટી થાય છે ત્યારે કોઈ વૃદ્ધ વરને પોતાના ધોળામાં ધુળ નાંખનારને વળગાડી રૂપૈયા મેળવી પૈસાપાત્ર બની મજાથી પછી બેઠાં બેઠાં ખાય છે અને ઉદ્યોગ કરવાની કશી પણ પરવા ધરતા નથી. ધીમે ધીમે અધર્મથી મેળવેલાં નાણાં થોડા વખતમાં ફના થઇ જાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:—

अधर्मोपार्जितंद्रव्यं पंचवर्षाणि तिष्ठति ॥
प्राप्ते च षष्ठमे वर्षे समूलेन विनश्यति ॥

તો તે શ્લોકાધારે અધર્મોપાર્જિત નાણાં સ્વયમેવ ષષ્ટ વર્ષ પ્રાપ્ત થતાં વિનાસાલય નિવાસીભૂત થાય છે, તે વખતે અગ્રભૂત સ્થિતિ પુન: પોતાને અનિવાર્ય દુઃખ દેવા તત્પર થઈ સ્વપંજાઓનું પ્રદર્શન વારંવાર દેખાડે છે. કેમકે એ પૈસામાં એવો ગુણ છે કે તે લાંબો વખત પહોંચતો નથી અને કન્યાવિક્રયીઓ અંતે ભીખારીના ભીખારી રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आज परणीने सासरे आवी अने काले विधवा. केवो त्रास!

કન્યાવિક્રય કરનારની ગરીબ સ્થિતિ હોવાથી અને ઉપરા ઉપરી દુષ્કાળો પડવાથી તેઓ હાલ એવા બેહાલ થઇ ગયા છે કે તેનું વર્ણન કરતાં ત્રાસ છુટે છે. કાઠીયાવાડમાં ઘણાખરા ઉત્તમ પુરૂષો કુળવંતો ભીખારી થતાં પણ કન્યાવિક્રય કરતા નથી, પણ કેટલાકના લીધે આખું કાઠીયાવાડ ગણાય છે.

ભીખારી બનેલા ગરીબ કાઠીયાવાડી જૈનોથી મહેનત મજૂરી બનતી નથી એટલે છેવટ મહાજનના ઘરમાદાના દાણા ખાવાનો વખત આવ્યો છે; એટલુ જ નહિ પણ કેટલાંક કુટુંબો ધરમાદા દાણા ખાય છે. અફસોસ! અફસોસ! અરેરે! જૈનોની આવી સ્થિતિ! અરેરે! આવી અધમાવસ્થા! શું જૈનીઓને આ થોડું શરમાવનારૂં છે!

જે જૈનો અનેક દુઃખ સંકટો આવી પડ્યા છતાં લાંબો હાથ કરી માગતા નહોતા, અને જે જૈનોના પૂર્વજો કરોડાધિપતિ દાનેશ્વરી ધર્મના સ્થંભ હતા તે જૈનોની દીન વચનથી બીજાની આગળ માગણી થાય એ શું ઓછી શરમની વાત છે? સ્વહસ્તકૃત કન્યાવિક્રયોદ્ભવ પાપથી પોતાની પુંજી પરવારતાં કર પ્રસારી દીન વાણી વદી અન્યાશ્રયી બનતાં વારંવાર માગે છે, તે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ જોઇએ છીએ. અરે! કેવી તેઓની અકર્તવ્યતા. અવિચારી કર્મને અનિવાર્ય શરમતા છતાં, હજુ કોઇ ચેતતું નથી અને એ અકરણીય રીવાજને અટકાવવા યત્ન કરતા નથી તેમ મુખોર્દ્ધ્વ મિષ્ટ મધુર શબ્દોચ્ચારણ પણ કરતા નથી (સખેદ) આહા! શું જૈનબંધુઓ તમારી અવિચારતા, ને અકર્તવ્યતા.

એક જુવાન પુરૂષ લખે છે કે—હાલ કાઠીયાવાડમાં દશેક કન્યાઓ એવી મેં જોઇ છે કે—આજ પરણી ને સાસરે આવી અને કાલે વિધવા. પૈસાના લોભે ઘરડા બુઢ્ઢાને દીકરી પરણાવે પણ વિચારો કે પાકું પાન ક્યાં સુધી ઝાડ ઉપર રહે. અરે જૈનો! આથી પણ વધારે તમારી ખરાબ અવસ્થા થશે અને જૈનોની સંખ્યા પણ પ્રતિદિન જો આવો રિવાજ કાયમ રહેશે તો ઘટી જશે.

## कन्याविक्रयने लीधे बीजो एक वधु जूलम.

કન્યાવિક્રયને લીધે બીજો એક વધુ જુલમ વધી પડયો છે, તે એકે—કાઠીયાવાડમાં મોટી મોટી કન્યાઓ કરી તે વેચવાના વેપારને લીધે ગૂજરાતના કેટલાક વાણીઆઓ તે કન્યાઓ બબે હજારે ત્રણ ત્રણ હજારે ખરીદ કરે છે અને દક્ષિણમાં વસતા વાણીઆ પણ કાઠીયાવાડી જુવાન બાળાઓના બાપને રૂપૈયાની કોથળીઓ આપી લેઈ જાય છે—ગુજરાતમાં એ ઝેરી હવારૂપ કુટેવે પ્રવેશ કર્યો છે. ગુજરાતમાં જેને કન્યા મળે નહિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે કાઠિયાવાડમાંથી રૂપૈયાની કોથળીઓ ઠલવી રૂપવંતી મનમાની પરખીને કન્યાઓને લઈ આવો. જુઓ સુરત, અમદાવાદ, પાટણ, મેહેસાણા, વિજાપૂર, પાદરા, આદિ સ્થળે કાઠીયાવાડની ઘણી કન્યાઓ આવેલી છે તે શું થેલીઓ ઠાલવ્યા વિના આવી હશે, અને તે કન્યાઓના માબાપની કેવી સ્થિતિ હશે તે ઉપર વિચાર કરો. આ પ્રમાણે કન્યાનો ઘટાડો કાઠીયાવાડમાંથી થવાથી કાઠીયાવાડના જુવાન ગરીબ છોકરાઓ આવા કારણથી નિર્વિવાહિત અલલનાન્વિત પુંસ ઉમ્મર પ્રાપ્ત થતાં વર્ષાઋતુર્દ્ભવ નવિન તૃણાસ્વાદિત ગવાદિ ચતુષ્પદોની માફક નૂતન નૂતન નારી રસસસિકો અવનિતલમાં તે રસ ન મળવાને લીધે મતિભ્રમિત થઈ ભટકયાં કરે છે, ને નિચકામો કર્યાથી પાયમાલી સ્થિતિ ઉપર આવી જાય છે તે સૌરાષ્ટની કન્યાવિક્રયીઓ નિર્દયતા ને અવિચારતા. અન્ય કંઈ પણ નહિ. હા શું! અજ્ઞાનાંધકારનો ફેલાવો. વિદ્વજ્જન મન મુંજાવનારો અપાર દુ:ખ દેનારો તે વિચારો. આવા કારણથી કુંવારા (વાંઢા) રહી ભ્રષ્ટ થાય છે. જુવાનીની ભર્ત્ત અવસ્થામાં અન્ય વર્ણની સ્ત્રીઓને લઇ ભાગી જાય છે અને વ્યભિચારી બને છે. બે ત્રણ હજાર રૂપૈયા આપવાની શક્તિ નહિ હોવાને લીધે કન્યા કોણ આપે અને આવા કારણથી અન્યની કન્યાઓ પરણી સ્વજાતિથી પણ ભ્રષ્ટ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક પૈસા મેળવી પરણવા માટે ઘાંચી મોચી કે કોળીની છોકરીઓ લેઇ ગુજરાત કે બીજા દેશોમાં પોતે તેનાં માબાપ બની વાણીઆમાં પરણાવી આપે છે, અને જ્ઞાતિને ભ્રષ્ટ કરે છે. એક જુવાન પુરૂષ લખે છે કે, "હાલમાં મેં તેવા કેટલાક કેસોનો અનુભવ કર્યો છે અને તેઓના ભવાડા થતાં નજરે જોયા છે છતાં તેઓ નાતમાં રહેવા પામે છે. કહો જૈનોનું કેટલું અંધારૂં! "કહેવત છે કે સોનું કટાય નહિ અને વાણિયા વટલાય નહિ." કાઠીયાવાડના તમામ જૈનો આમ કરતા નથી પણ કેટલાક અધમ જૈનોજ એમ કરે છે."

## कन्याविक्रय करवानुं शुं कारण.

ઉદ્યોગ કરી શકાય નહિ. ઘેર બેઠાં બેઠાં પૈસાદાર બનવાના હવાઇ વિચારોથી આ દશા થાય છે તથા તીર્થંકર ભગવાનનાં રચેલાં શાસ્ત્રો વાંચ્યા તથા સાંભળ્યા વિના આવી દુર્દશા થાય છે. તથા વળી પરદેશમાં રળવા જવું એ તો પરભવમાં પણ કેમ બને એવા વિચારોથી ઘેર બેશી ગડમથલ કરી પાપી ઇચ્છાઓને બ્હેકાવી મૂકવાથી અને તાલપૂટ વિષ સમાન કન્યાવિક્રય કરવાની બુદ્ધિ થાય છે. શ્રાવક નામ ધરાવી પરદેશ જવું એ શું સારૂં કહેવાય. "હાંલ્લાં હડીયો કરે અને ભૂત ભુસ્કા મારે" તેમ છતાં શું બીજાની નોકરી કરી શકાય! ઊંઘના સ્વપ્નામાં પૈસાદાર બની ઘર સંસા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર ચલાવવો એજ જાણે મનુષ્યનું કર્તવ્ય હોય નહીં એમ કન્યાવિક્રયીઓની મનોવૃત્તિ કબુલ કરે છે. આહા હા! કન્યાવિક્રયીઓને પરભવનો ભયતો ક્યાંથીજ હશે!

## आ कन्याविक्रय उपर एक वात कहेवामां आवे छे.

નયનાનંદદાયક, રાજમાર્ગ રાજીત, વિવિધ પ્રતોલિકા હારવિરાજીત, વિશેષ ચિત્રવિચિત્ર ચિત્રામણ પંક્તિ અલંકૃત આશ્રમસ્થાન શોભિત, પાવિકુપતડાગાદિ રમ્ય જલાસયાન્વિત, સદગુણ શોભિત ધાર્મીક ભક્તિત્વ વાત્સલ્યાદિ ગુણગણાલંકૃત ગુણિજન નિવાસ નિશ્રેયસનગર સમ, જનનમન મુદકારક, એક વસંતપુર નામનું નગર હતું, તેમાં એક વિમલ નામનો ગૃહસ્થ રહેતો હતો તે જાતે વણિક હતો. સત્ય જૈનધર્મમાં તેનું લક્ષ્ય હતું અને તેની આબરૂ ગામમાં સારી હતી. પોતે સાફ દીલનો હતો, કોઇનો ઉપકાર કરીને ભુલતો, ગરીબ લોકોને સારો આશ્રય આપતો અને ધનવાનપણાનું અભિમાન રાખતો નહોતો. દેવની પક્કી શ્રદ્ધા રાખતો હતો, દરરોજ વખતનું ટાઇમટેબલ રાખી એક કલાક સત્યધર્મમાં તથા નીતિનાં પુસ્તકો લક્ષથી વાંચતો. કોઇનો વિશ્વાસઘાત કરતો નહોતો. ઉત્તમ શિક્ષકો પાસેથી અભ્યાસ કરી સદ્ગુરૂ પાસે ધર્મતત્ત્વ પણ સાંભળતો હતો. તેને વૃદ્ધાવસ્થાએ એક પુત્ર થયો તેનું નામ ધર્મચંદ રાખ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતું. ધર્મચંદ નાની ઉમરનો હતો, પૈસાદારનો પુત્ર, વળી વ્હાલામાં વ્હાલો તેથી શાળામાં અભ્યાસ કરવાનુ તો ક્યાંથી બને? મોટી ઉમરે પિતાએ નિશાળે મુકયો, નિશાળમાં ધર્મચંદને બેસી રહેવું ઝેર જેવું લાગતું, વારંવાર મનમાં ચિંતવે કે હવે ક્યારે માસ્તર છુટી આપશે, બચ્ચું જરા પણ રમત નહિ, નિશાળેથી છુટવાનો જ્યારે ઘંટ વાગતો ત્યારે તેના મનમાં ઘણો હર્ષ થતો અને નિશાળે આવવું હોય ત્યારે જાણે યમદ્વારગમન જવું હોયની! એમ તેને લાગતું. એમ કરતાં મારી કૂટી તેનાં માબાપ ભણવા મોકલતાં. નિશાળમાં કેટલોએક અભ્યાસ કર્યો.

## धर्मचंदनुं लक्ष.

ધર્મચંદ ઘણો વખત બીડીઓ પીવામાં ગાળતો, હરતાં ફરતાં બીડી, વાતના તડાકા ભડાકામાં બીડી, જાજરૂમાં બીડી, ખાતાં બીડી, ગાદી ઉપર બેશીને પણ બીડી, એવી તેને ખરાબ ટેવ પડી હતી. તેને કુમિત્રોની સોબત થઇ હતી, તેઓ તેને કુટેવોમાં દોરવા લાગ્યા. ભાઇ સાહેબનો મિજાજ પણ અધમવૃત્તિનો થવા લાગ્યો, માતાપિતાની શિખામણ શ્રવણ કરતાં છણકારા ભણકારા કરવા લાગ્યો, કોઇ કહે કે ધર્મચંદ તમો બીડી કેમ વધારે ફૂંકો છો, ત્યારે તેને જવાબના માનમાં મુખ મજકોડી તોબરા જેવું કરી કહેતો કે "બેસ બેસ ચબાવલા! તારૂં ડહાપણ જોયું. ડહાપણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના દરિયા બેસ બેસ!! ” એમ કહેતો ત્યારે સામો કહે નાર ધણી “ કહેતો કે આપ શેઠીઆના પુત્ર છો, માટે માફ કરો ” એમ વિનયથી કહેતો. ધર્મચંદ બીજા છો કરાઓ સાથે કજિયો કરવામાં બાકી રાખતો નહોતો, ઠઠ્ઠા મશ્કરીતો તેને સોપારીના કકડા જેવીજ થઇ, ભાંગ ગાંજો તો તેને પ્યારાં લાગતાં, તેના કુમિત્રો તેને વ્યભિચારની કુટેવમાં ફસાવવા લાગ્યા, જૂગટું પણ રમતાં શિખ્યો, ઘણા લોકો કહેવા લાગ્યા કે, વિમળશેઠની પાછળ અંધારૂં ઘોર વળ્યું. શેઠને પોતાના પુત્ર વિષે વિશેષ કાળજી ન્હોતી અને તેને સુધારવા લક્ષ પણ આપતા નહોતા, તોપણ તેની ખરાબ વર્તણુંકથી અંતરમાં દાઝતા હતા. એક દિવસ તેના કુમિત્રોની ટોળી શેઠ પરગામ ગયેલા હતા તે લાગ જોઇ ધર્મચંદની હવેલીમાં આવી. ધર્મચંદ પોતાની મંડળી સાથે ઠંડા પહોરનાં ગપ્પાં સપ્પાં મારવા બેઠા. પરસ્પર એક બીજાની મશ્કરી કરી હસે છે, એવામાં એક ફાટાંતુટાં લુગડાં પહેરી એક ગરીબ ડોસી પોતાના નાના બચ્ચાને કેડમાં બેસારી ત્યાં આવી ઉભી અને કરગરી આજીજી કરવા લાગી. તેના સામું કોણ જુએ ?

## તવંગરોને ગરીબની શી દયા.

પેલી બિચારી ડોસી બે હાથ જોડી પોતાનું દુઃખ ગાવા લાગી, પણ ભાઇ સાહેબે તેની વાત ધ્યાનમાં લી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધી નહીં અને સિપાઇ પાસે ધક્કા મરાવી કાઢી મૂકી. સારી આશાએ આવેલી ડોશીને ધક્કો વાગતાં ત્રણચાર ગોથાં પણ ખાઈ ગઇ અને બોલી કે,—"દુખીયાની દયા કોને હોય." ખરાબ આશિષ આપી ડોશી અશ્રુધારા વરસાવી ચાલી ગઇ. ધર્મચંદ વિવિધ મેવા તથા પકવાન્ન મંગાવ્યાં અને વાતોના તડાકા મારતાં આરોગ્યા. પણ ડોશીની દયા ક્યાંથી આવે? પરભવમાં દાનવ્રત નિયમ કરવાથી મનુષ્યાવતાર પ્રાપ્ત થાય છે, તેને મોજીલો, શોખીલો, શેઠીઆનો પુત્ર શી રીતે જાણે?

## હવે શું થયું!

મિષ્ટાન આરોગ્યાબાદ બીડીઓનાં બણગાંનો વારો આવ્યો. ધર્મચંદ બીડી ફૂંકતો ફૂંકતો ગાદી ઉપર બેઠેલો છે, એટલામાં એક તણખો ગાદી ઉપર પડયો, તેનું કોઇને ભાન રહ્યું નહીં. અગ્નિનો તણખો પ્રજળવા લાગ્યો, મિત્રો ઉઠી સૌ સૌના ઠેકાણે ગયા. ધર્મચંદ ચાકરના બોલાવાથી ઘેર જમવા ગયો. હવે હવેલીમાંથી ધૂમાડો નિકળવા લાગ્યો, તેની સાથે જાણે ધર્મચંદનો પણ ધૂમાડો નિકળતો ના હોય તેમ ભાસ્યું, પાસે રહેનારા લોકોએ આ ખબર ધર્મચંદને આપી. તે બોલ્યો કે,— "ગમાટીના ગાંડા માણસો જુવોને કંઈ બાકી રાખે છે. જાઓ જાઓ તારી હવેલી સળગે એમ બોલવા લાગ્યો. કહ્યું છે કે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उपदेशाहि मूर्खाणां, प्रकोपाय न शांतये ॥

મૂર્ખાઓને હિતકર વચન કહેવું તે ઉલટું ક્રોધને માટે થાય છે પણ શાંતિને માટે થતું નથી.

ધૂમાડાના ગોટેગોટ નિકળવા લાગ્યા. લોકો આગ લાગી, આગ લાગી, એમ બૂમો પાડવા લાગ્યા. ધર્મચંદ્ર ની માતાએ આ વાત સાંભળી તેણે બૂમ પાડવાથી આડોશી પાડોશી આગ ઓલવવા દોડી ગયાં. ધર્મચંદ્ર ને તેની મા કહેવા લાગી કે, અરે! દીકરા ગજબ થયો. દોડદોડ હવેલી સળગી ઉઠી. ભાઈસાહેબ ઉઠી મનમાં બડબડવા લાગ્યા. સાળી રાંડની હવેલી વળી સળગી. સળગી ગઇ તો ગઇ. સરકારી બંબા આવી પહોંચ્યા પણ આખરે આખી હવેલી ખાખમાખ થઇ ગઈ. દર દાગીના બચી ગયા. 'पापनो घडो फूटयो.'

શેઠ ઘેર આવ્યા. હવેલી બળતી દેખી શોકાતુર થયા. શેઠ ધર્મચંદને બોલાવી પૂછયું. દીકરા! આપણી હવેલી કેમ બળી?

धर्मचंद्र–હું તો કાંઇ તે વિષે જાણતો નથી.

शेठ—બળ્યા પહેલાં તું તે હવેલીમાં ગયો હતો કે?

पुत्र - હા બાપા.

शेठ–કેમ તું એકલો હતો કે બીજું કોઇ હતું?

पुत्र—મમમ મારા મિત્રો ભેભેભે ભેગા હતા.

शेठ–ત્યાં બેશી રાંડનાઓ શું કરતા હતા?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મચંદ્ર—બેઠા બેઠા વાતો કરતા હતા.
શેઠ—બીડી ફીડી પીધી હતી કે?
ધર્મચંદ—અચકાતાં બ્હીતાં પી પી પીધી હતી.

શેઠે જાણ્યુ કે નક્કી બીડી પીતાં અગ્નિના તણખા થી હવેલી બળી એમ નિશ્ચય કર્યો. શેઠે બહુ શિક્ષા કરી અને ધમકી આપી પણ કોને અસર થાય. કુતરાંની પૂંછડી વાંકી ને વાંકી. તેના મિત્રો વાતો કરવા લાગ્યા. અલ્યા બાપાલાલ, ધર્માની હવેલી ઉઠી તેં જાણ્યું કે! બા પાલાલ કહેવા લાગ્યો કે વાગ્યું તેનું બાબરૂ ભાગ્યું— બળી તેની ટળી, તેમાં આપણું શું ગયું. હાશ તે પણ હવે આપણા જેવો ખાખી બાવો થયો. કેટલાક દિવ સ પછી ધર્મચંદ મિત્રોને જઈ મળ્યો. તેના મિત્રોએ પૂ છ્યું કે અલ્યા હવેલી બળી ગઈ કે શું? ધર્મચંદે કહ્યું. હા બળી ગઇ. મિત્રોએ કહ્યું. ગઇ સો ગઇ. મિત્રોએ ધર્મ ચંદને કહ્યું. ચાલ ચાલ, આજ તો ગામની બહાર રોફ મારવા જઈએ. સર્વે મિત્રો સાથે મળી ચાલવા લાગ્યા. કહ્યું છે કે:—

## श्लोक,

काव्यशास्त्रविनोदेन, कालोगच्छति धीमतां ॥
व्यसनेन च मूर्खाणां, निद्रयाक लहेन वा ॥ १ ॥

ભાવાર્થ:—વિદ્વાનોનો (સમય)શાસ્ત્ર વિનોદથી જાયછે, ને મૂર્ખાઓનો સમય વ્યસનથી જાય છે. તો તે શ્લોકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધારે ખરૂંજ છે. માટે મૂર્ખપણું એ બહુજ દુખનું દ્વાર છે. મૂર્ખ મિત્રતા દુઃખનો દરિયો છે, માટે કોઈ દીવસ તેવાની મિત્રતા કરવી ઉચિત નથી.

મિત્રો વિચારો આવા કુમિત્રોની સોબતમાં જરા માત્ર સુખ પ્રાપ્ત થતું નથી. ઉપરોક્ત કુમીત્રો કોઈક દુકાનેથી પાનની બીડાઓ કરાવી તથા ફૂંકવાની બીડીઓ ફૂંકતા ફૂંકતા માતેલા સાંઢની પેઠે ફરવા લાગ્યા, એવામાં એક ગાય વચમાં બેઠી હતી તેને ધર્માએ સાળી વચમાં બેઠી છે, બેઠી બેઠી વાગોળે છે, એમ કહી જોસભેર સોટી મારી.

## वांदराओमां अने मूर्खाओमां शो फेर?

ગાય ઉઠી ચાલી ગઈ, ભાઇ સાહેબ આગળ ચાલ્યા. શું યુવાવસ્થાનો તોર, અઘોર પાપનો આશ્રયી. જુઓ જુવાન અવસ્થા ને વળી તેમાં ધનવાન હોય, કોઇ ટોકનાર ના હોય, અને વળી કુમિત્રોની સોબત હોય, તથા ઓછામાં પૂરૂં મૂર્ખપણું હોય ત્યારે વાંદરાઓ અને તેવા મનુષ્યોમાં પૂંછડા વિના શો વિશેષ ફેર માલૂમ પડી શકે?

મિત્રોની ટોળી આગળ ચાલી કોઇ શિક્ષકનો પુત્ર દુકાને બેઠો બેઠો અભ્યાસ કરે છે તેને દેખી ચંડાળ ચોકડી કહેવા લાગી. અલ્યા બાપાલાલ જોયું કે? આ વેદીયું ઢોર કેવું બરાડા પાડે છે, ત્યારે વળી તેમાંથી એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક બોલી ઉઠયો-पठतव्यं सोपि मर्तव्यं, अपठतव्यं सोपि मर्तव्यं; तदा दंत कटाकूट किं कर्तव्यं.

## मूर्खाओना विचार.

(સખેદ) અરે! શું તેઓની પશુ સમાન જીવનતા. અન્યની મશ્કરી કરવી, વિકામનાં અકલ્પીતનીયગપ્પાં મારવાં, કંઇપણ હાસ્યરસ વિના હસવું, અનુયોગે મૂર્ખ મિત્રોનું જીહ્વોર્મ્ય, મધુર રસાસ્વાદનપણું, વિદ્યોપાર્જનતામાં નિવિર્યતા, એ આદિ અકથનીય કારણોથી પોતાની જીંદગીનું ગુજારવાપણું એ તેઓના અનિતીપંથાનુગામી વિચારો. ખેદ છે કે તેવાઓથી પૃથ્વી અતિ ભાર નમિત છે. મૂર્ખાઓના વિચાર પણ અજ્ઞાનથી ભરેલા હોય છે, તેમની જીંદગી બીજાની મશ્કરી કરવી, નકામાં ગપ્પાં મારવાં, હરવું, ફરવું, બાગસાઇઓ ઉડાવવી, ભણવાથી કાયરપણું આદિથી ગુજારે છે. મૂર્ખાઓને સારા માણસનો સંગ ગમતો નથી. પ્રભુની પૂજા કરવી, ગુરૂને નમન કરવું, તેતો ઝેરના સરખું તેમને ભાસે છે. હવે કુમિત્રોની ટોળી સાથે ધર્મચંદ ગામની બહાર આવ્યો. બાગમાં પ્રવેશ કર્યો, આડું અવળું ફરવા લાગ્યો. એક ઠેકાણે ફરવા લાગ્યા ત્યાં એક વિરચંદ નામનો જુવાન છોકરો આવ્યો, તેનો ચહેરો ખૂબસુરત હતો, તેના મુખ ઉપર તેજી હતી, તે પણ ટોળી પાસે આવ્યો, તેની પાસે એક પુસ્તક હતું, ટોળીના મિત્રોએ આવકાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવાથી તે પણ બેઠો. પરસ્પર વાતોના તડાકા ઉડવવા લાગ્યા.

બાપાલાલ—કેમ કેશવલાલ! લોકો ખરૂં સુખ શેમાં માનતા હશે?

કેશવલાલ—જેને જે વસ્તુ રૂચિ તેને તેમાં સુખ ભાસે છે.

બાપાલાલ—મને તો સારૂં સારૂં ખાવું, રોફ મારવો અને ગમત ઉડાવવી તેમાં આનંદ લાગે છે.

એવામાં પેલો પુસ્તક લઇને આવેલો છોકરો વિરચંદ બોલી ઉઠયો. મારા બંધુઓ! ખરૂં સુખ તો હિંસા, ચોરી, વ્યભિચારનો ત્યાગ કરી સારાં સારાં ધર્મનાં પુસ્તકો, નીતિનાં પુસ્તકો વાંચવાથી થાય છે. આપણાથી બનતો ઉપકાર બીજાને કરવો, ગરીબોનું દુઃખ ટાળવું એમાં સુખ સમાયેલું છે.

ધર્મચંદ બોલી ઉઠયો—બેશ, બેશ, ભણેશરીના બેટા! તારૂં ડહાપણ જોયું. થોથાં પોથાંમાં સુખ ભર્યાં હશે? ખાવું, પીવું અને ઘોડાગાડીમાં ફરવું, હરવું, રોફ મારવો તે કેટલું સુખ કહેવાય? થોથાં પોથાં વાંચી મગજ ખાલી કરવું એમાં સુખ શું?

વિરચંદ—શેઠના પુત્ર! આવા તમારા ગાંડાઇના વિચારો પંડીતજન કબૂલ કરશે નહિ, દુનિયામાં મનુષ્ય જન્મ પામવો એ કંઈ પુણ્યવિના બનતું નથી, અને પુણ્ય તો ધર્મ, કર્મ, પરોપકાર, કર્યા વિના બનતું નથી. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મ શેક મારવામાં શું સુખ છે? કંઇ દેખાતું નથી. ગરી બોને સુખી કરવામાં, ધર્મી પુરૂષોને સાહાય્ય આપવામાં, મુનિરાજોની આજ્ઞા પાળવામાં ખરૂં સુખ સમાએલું છે. ધર્મચંદની ટોળીવાળાઓએ આને હસી કાઢયો, પણ આ છોકરો કંઇ પોતાના સદ્વિચારથી પાછો પડે તેવો નહોતો. તેણે વિચાર્યું કે આવા મૂર્ખાઓની સંગતથી શો ફાયદો થઈ શકે. यतः—

वरं पर्वत दुर्गेषु भ्रांतं वने चरैः सह ॥
न मूर्ख जन संपर्कः कल्प कोटिशि तैरपि ॥ १ ॥

ભાવાર્થ:—પર્વતોમાં, જંગલોમાં વનચરોની સાથે ભ્રમણ કરવું સારૂં, પણ મૂર્ખ માણસની સંગતિ બિલકુલ સારી નથી. કહ્યું છે કે:—

पंडितोपि वरं शत्रुः, न मूर्खो हितकारकः ॥
वानरेण हतो राजा, विप्रश्चोरेण रक्षितः ॥ २ ॥

ભાવાર્થ—પંડીત પણ શત્રુ સારો પણ મૂર્ખ મિત્ર સારો નહિ. વાનરથી હણાતા એવા રાજાનું બ્રાહ્મણચોરે રક્ષણ કર્યું, માટે મૂર્ખાઓની સંગતિ ત્યાગ કરવા યોગ્ય છે.

મૂર્ખાઓ પોતાના ખોટા વિચારોને પણ સત્ય માને છે, પોતાના મનમાં આવ્યું તે ખરૂં, તે વિના બીજું સર્વ ખોટું એમ મૂર્ખાઓ માની લે છે.

હવે—બાગમાં મિત્ર મંડળ ફરવા લાગ્યું. ચાલતાં ચાલતાં એક ફોજદારની સ્ત્રીની મશ્કરી કરી. આ વાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની ફોજદારને ખબર પડતાં તે મિત્રમંડળને સિપાઇ પાસે પકડાવ્યું. પોલીસે આઘા પાછા કરી ખૂબ ગડદ-મપાક આપ્યો. છેવટે વિમળશેઠને આ વાતની ખબર પડી તેથી તે ફોજદારની પાસે ગયો અને આજીજી કરી દીકરાને છોડાવી ઘેર લાવ્યો. ધર્મચંદની ખરાબ ટેવથી તેના પિતાના મનની બહુ લાગણી દુખાતી હતી, પણ શું કરે. મોટી ઉમર થતાં પુત્રની સાથે મિત્રતાપણાથી બોધ કરી શકાય છે. તે શાસ્ત્રાધાર સત્ય છે કે:—મોટી ઉમર થતાં જે ટેવો પડે છે તે સુધરવી મુશ્કેલ પડે છે. કહેવત છે કે:—

लाडयेत् पंच वर्षाणि, दश वर्षाणि ताडयेत् ॥
प्राप्ते च षोडशाब्देतु, पुत्रं मित्रैरमाचरेत् ॥१॥

તો તેથી જે પડેલી ટેવોને સુધારવા મિત્રતાધાર રાખવી પડે છે તેજ આધારે नानां झाड अने कुमळां बालक जेम वाळीए तेम वळे——

જેણે પોતાનાં છોકરાંને બહુ ગુણી કરવાં હોય તેણે તે છોકરાંની વર્તણુંક ઉપર બહુજ લક્ષ આપવું, તેમની કુટેવો તરફ દ્રષ્ટી દેવી અને મધુર વાણીથી શિખામણ આપી કુટેવોમાંથી છોડવવાં. ઘણાંખરાં છોકરાં વ્હાલના લીધે પોતાનાં માબાપને ગાળો આપે, તોફાન કરે; તોપણ તે માબાપ છોકરાંને શિખામણ આપતાં નથી, અગર શિક્ષા પણ કરતાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી કેટલાંક માબાપ તો એવાં હોયછે કે—છોકરાં પાસે પરસ્પર એક બીજાને ગાળો દેવરાવે છે, પોતાની મા છોકરાને લાડમાં કહે કે બબુડા તારા બાપને તું કુતરો કહે. એટલે છોકરો બાપને કુતરો કહે. તેના પિતા કહે કે તારી બાને રાંડ એમ કહેવું. ત્યારે છોકરો રાંડ કહીને બોલાવે એટલે તેનો બાપ ખુશી થાય. વળી તેની મા છોકરાના હાથમાં લાકડી આપીને કહે કે જા—તારા બાપાને એક લાકડી ઠોક. ત્યારે તે અણુસમજમાં ઠોકે. તેમ તેના બાપના કહેવાથી તેની માને ઠોકે. નાનપણમાંથી એ મહામંત્ર છોકરાઓને ભણાવાથી વૃદ્ધાવસ્થામાં તે જ છોકરાં માતા પિતાને લાકડીઓ મારે તેમાં શું નવા ઇ? આટલાથીજ નહિ પણ કેટલાક તો અસભ્ય ગાળો નાં વચનો વાણી શીખવવાના પ્રારંભમાં મંગળ તરીકે શિખવતા હોય એમ ભાસે છે. પણ તેજ ગાળો પાછી છોકરાં માબાપને ભેટ તરીકે ત્રણ ચાર વધારીને આપેછે.

સારા સારા શબ્દો બોલતાં શીખવવા એજ માબાપની ફરજ છે. જે છોકરાઓ નઠારા હોય તેની સંગતિ પોતાનાં છોકરાંને કરવા દેવી નહિ. પોતાનાં છોકરાંને કાયદાસર શિખામણ આપ્યાથી જેટલી અસર થાય છે તેટલી મારવા કુટવાથી થતી નથી. નાનપણમાંથી જ છોકરાંને પોતે મુખે ચઢાવીએ અને જ્યારે તેને પરણાવીએ ત્યારે સ્ત્રીના ભરમાવાથી માબાપને લઢે વઢે કજીઆ કરે ત્યારે આપણે શોક કરીએ કે આ છોકરો જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણતાં પત્થરો જણ્યો હોત તો સારૂં. એમ બોલીએ, રૂદન કરીએ, તેથી શું કંઇ ફાયદો થઇ શકે? ના કંઇ પણ થાય નહિ.

માબાપ પોતે કજિયો કંકાસ કરે તો તે દેખી છોકરાં કજીઆ કંકાસ કરતાં શીખે છે. માબાપ જો આડોશી પાડોશી સાથે હળીમળીને ચાલે તો છોકરાં પણ તેવા સ્વભાવનાં થાય છે. મતલબ કે સૌની સાથે હળીમળીને ચાલવા શિખે છે. નિર્દયીનાં છોકરાં પ્રાયઃ નિર્દયી થાય છે, તેનું કારણ એજ છે; માટે માબાપે પોતે સદ્વર્તણુંકથી વર્તી છોકરાંની વર્તણુંક ઉપર લક્ષ આપવું. કહ્યું છે કેઃ—

माता शत्रुः पिता वैरीः, येन बालो न पाठितः ॥
न शोभते सभा मध्ये, हंस मध्ये बको यथा ॥१॥

જે માબાપો પોતાનાં છોકરાંને ભણાવતાં નથી, ઉત્તમ પ્રકારની કેળવણી આપતાં નથી, તે માબાપને પોતાનાં (તેમનાં) છોકરાનાં શત્રુ તરીકે ગણવાં (જાણવાં). બાલ્યાવસ્થામાં છોકરાંની અણસમજ વિશેષ રહે છે, પોતાના હિતની તેમને માલૂમ પડતી નથી, એ છોકરાનું કેવી રીતે થાય તે માબાપ જાણી શકે છે. જ્યારે આપણે એક આંબાના ઝાડને ઉછેરવામાં અત્યંત સંભાળ રાખીએ છીએ ત્યારે છોકરાંને ગુણની પુષ્ટી આપવા લક્ષ રાખીએ નહિ તો તેના વૈરી કેમ ના બનીએ. આપણી પાઘડી, આપણું અંગરખું, ધોબી પાસે ધોવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાવી સાફ કેવું રાખીએ છીએ, અને તેને ડાઘ લાગે નહિ તેને માટે કેટલી કાળજી રાખીએ છીએ, ત્યારે લૂગડાં અને પાઘડી થકી પણ અધિક પ્રાણ થકી પ્યારાં એવાં છોકરાંને કેળવવા કાંઇ પણ દરકાર રાખીએ નહિ. તે શું ઓછું અજ્ઞાન? સ્ત્રીઓ પોતાના શિરોરૂહ (વાળ) ઓળવામાં, તથા તેને સાફ રાખવામાં જેટલી કાળજી રાખે છે તેટલી કાળજી પોતાની છોકરીની વાણી મીઠી કરવામાં, તેને ઘરનાં કામકાજ શિખવવામાં, કેળવણી આપવામાં, ન્યાયનીતિથી ચલાવવામાં, જો તેટલી સંભાળ રાખે તો તે દીકરી માબાપને કેટલી આશિષ આપે? અને જ્યારે ભણ્યા ગણ્યા વિના મોટી બોતડા જેવી થાય અને કંઇપણ ઘરનાં બરાબર કામકાજ આવડે નહિ ત્યારે તે કેવી આશિષ આપે તે મિત્રો વિચારો—મૂર્ખ છોકરો અનીતિથી ચાલે તેમાં માબાપને દોષ છે અને તેનાં માબાપ શત્રુ છે એમ જાણવું.

## ઘરેણાં વધે કે ગુણ વધે.

પોતાનાં પ્રાણપ્રિય વ્હાલાં છોકરાંને સારા સારા દાગીના પહેરાવી રમાડવાં, કૂદાવવાં, એમાંજ કેટલાંક માબાપ પોતાનું કર્તવ્ય માને છે; પણ તેના કરતાં છોકરાંને નિશાળે ભણવા મોકલવાં. તેમને સ્વચ્છ વસ્ત્ર પહેરાવવાં, તેમનું શરીર નિરોગી અને બળવાન રહે તેવા ખોરાક ખાવા આપવા, વિનયગુણ શિખવવો, સભ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચન બોલતાં શિખવવાં, ધાર્મીક અભ્યાસ કરાવવો, સત્ય ધર્મનું સ્વરૂપ ઓળખાવવું, ગુરૂવંદન કરાવવું. કેટલાક ઇંગ્લીશ ભાષાથી કંઇક ફાંકો રાખનાર ગુરૂવંદનમાં સમજતા નથી, સત્ય વચન બોલાવવાની ટેવ પાડવી, પરોપકાર કરતાં શીખવવું, સંસારમાં સર્વ જીવો આપણા સમાન છે માટે કોઇનું બુરૂ ચિંતવવું નહિ એમ ભાવના કરાવવી, પોતાને ઘેર આવતાં મનુષ્યોને આવકાર સન્માન દેતાં શીખવવું, ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગનું સાધન કેમ કરવું તે શીખવવું, સંકટ વેળાએ ધૈર્ય ધારણ કરવાનો બોધ કરવો, એજ ગુણારૂપ ઘરેણાં જે માતા પિતાઓ પહેરાવે છે તે છોકરાંઓ બહુ શોભી ઉઠે છે. ઘરેણાં પહેરાવવાનો હું નિષેધ કરતો નથી, કિંતુ તેના કરતાં ગુણો રૂપ ઘરેણાં તરફ વધારે લક્ષ આપવું. એ ગુણો રૂપ ઘરેણાં કોઇ ચોરી જશે નહિ, જ્યાં જશે ત્યાં સાથેને સાથે રહેશે. હવે આગળ શું થશું તે વિચારો. ધર્મચંદ હજી પોતાની કુટેવો છોડી નહિ, તેના પિતાજી વૃદ્ધ થયા હતા, વિમળશેઠે ધર્માને કોઇ ગૃહસ્થની દીકરી પરણાવી, ત્યારબાદ થોડા વખતપછી શેઠ મૃત્યુ પામ્યા. સર્વ ઘરનો ભાર ધર્મચંદના માથે આવી પડયો. આ ભાઇ સાહેબે બરાબર અભ્યાસ કર્યો નહિ હતો, તેથી બહુ દુઃખ ખમવું પડયું. હવે પેલી કુમિત્રની ટોળી વારંવાર ધર્માની પાસે આવીને બેસે. ભાઇ સાહેબે ગાડીઘોડા રાખ્યા, દુકાનમાં શું થાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની તપાસ કરી નહિ. એ વખત ખાવું, પીવું અને મોજ મઝામાં ગુલતાન રહેવું, નાટક જોવું, વેશ્યાઓના ઘેર જવું, તેથી લક્ષ્મી ખૂટવા લાગી અને તેનો ભાર બોજ પણ હલકો પડયો. તેને કોઇ રૂપૈયા પણ ધીરે નહિ એવી સ્થિતિ થઇ. થોડા વખત પછી તેની માતુશ્રી પણ મરી ગયાં. હવે ધર્મચંદને કોઈ રોકનાર પણ રહ્યું નહિ.

જુગારી, વ્યભિચારી મનુષ્યો, નિરૂદ્યમી મનુષ્યો કે જે હાજી હા કરીને પેટ ભરનારાં ધર્મચંદની સોબત કરવા લાગ્યાં. ધર્મચંદ પણ તેથી પોતાની મોટાઇ સમજવા લાગ્યો. મહીનામાં બે, ત્રણ, ચાર ઉજાણીઓ ખરી ખરી ને ખરીજ. કોઇ વૃદ્ધ સગાં વહાલાં ધર્માને કહે કે અરે ભાઇ! તું ખરાબ મિત્રોની સોબત કરી પૈસા ઉડાવે છે તે બરાબર નથી.

ત્યારે ધર્મચંદ રીસથી બોલતો કે ચલ ચલ ડોસા, લવ લવ શું કરે છે. તારા ઘરનો તું ડાહ્યો. હું કાંઇ તારાં વચન સાંખી રહેનાર નથી, તારા તો પૈસા હું નથી ઉડાવતો કે જેથી આટલું બધું બોલે છે. ભેંશનાં શીંગડાં ભેંશને ભારે. સાઠે બુદ્ધિ નાઠી. છાનામાના બેશી રહો. વૃદ્ધ વિચારતો કે અરે! આવા કુપુત્રોથી પિતાની આબરૂ લૂંટાય તેમાં શક નથી. મૂર્ખાઓને હિતકર શબ્દ વચનો વિષસમાન લાગે છે. એના પિતાએ જો પહેલાંથીજ સારા માસ્તર પાસે કેળવણી અપાવી હોત તો તેનું નામ રાખત. હવે તો નામ બોળશે. કહ્યું છે કે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### दुहा.

मूर्ख मनुष्य समजावतां, पत पोतानी जाय;
विष्टामां पग नांखतां, पोते ते खरडाय.

પેલો વૃદ્ધ ગૃહસ્થ પોતાને ઘેર મૌન ધારણ કરી રહ્યો. ધર્મચંદના ગુમાસ્તાઓએ દુકાન છોડી રજા લીધી. લેણદારોએ અરજી કરી માલ જપ્ત કર્યો, ફક્ત રહેવાનું ઘર બાકી રહ્યું. તેની સ્ત્રીને અનુક્રમે બે છોકરીઓ થઈ, તે દશ બાર વરસની થઇ. હવે ઘરનાં વાસણ વેચ્યા વિના ચાલે તેમ નહોતું. પૈસો પરમેશ્વર જેવો થયો, લોકો ઉધારે માલ પણ આપતા નહોતા.

હવે તે સમયમાં શું થયું તે સાંભળો. ધર્મચંદ અનેક પ્રકારના વિચાર કરવા લાગ્યો, દરરોજ તેની સ્ત્રી તેના નામનાં રોદડાં રૂએ, અને કહેવા લાગી કે, તમારા પિતાનું નામ તમે બોળ્યું. આ તમારી વાંકડી મૂછોપર ધુળ પડી. માતાના પેટે આના કરતાં પત્થર આવ્યા હોત તો સારા કે જેથી અનેકપ્રકારના ઉપયોગમાં આવત.

શેઠાણીનાં આવાં વચન સાંભળીને ધર્માને ઘણો ક્રોધ ચઢયો અને શેઠાણીને ખૂબ ગડદમપાક આપ્યો કે બીજીવાર કોઈ કાંઇ કહી શકે નહિ. શેઠાંણી રોતી રોતી કહેવા લાગી કે:—"રીસ કરે દેતાં શીખામણ ભાગ્યદશા પરવારી" એ કહેવત યાદ રાખજો. મને લાગે છે કે–અન્નને અને દાંતને પણ વેર થવાની થોડીવાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરેરે! શું થવા બેઠું. પહેલાં કેવી સ્થિતિ હતી અને હવે કેવી સ્થિતિ થઇ, અને થશે.

હવે આગળ શું થયું તે સાંભળો.—ધર્મચંદની મોટી છોકરીનું નામ વિમળા હતું અને નાની છોકરીનું નામ કમળા હતું. ધર્મચંદને હવે ખાવામાં જારના રોટલા ભાગ્યમાં આવ્યા, કપડાં પણ ફાટેલાં તુટેલાં પહેરવાં પડયાં, ઘરેણાં દાગીના વેચીખાવા પડયા, ગાડી ઘોડા પણ વેચી નાંખ્યા, છોકરીઓ પણ પરણાવવા લાયક થઇ, ઘરમાં સ્ત્રી વારંવાર ટોકયાં કરતી કે, સોળ સત્તર વર્ષની છોકરીઓ થઇ હવે તેનો વિવાહ કરી પરણાવવી જોઇએ, નહિ તો આબરૂના કાંકરા થશે. ધર્મો પણ વિચારમાં પડયો, હવે શું કરવું તેનું ભાન રહ્યું નહિ, કોની પાસે રૂપૈયા માગવા તે પણ સૂઝયું નહિ. મેડા ઉપર ચિંતાતુર થયો છતો વિચાર કરે છે.

તે ગામમાં ત્રણ ચાર કન્યાવિક્રયીઓ વસે છે, તેણે આ વાત જાણી. જાણ્યું કે ધર્માની પાસે રૂપૈયા ખૂટયા છે માટે ચાલો તેની પાસે જઇએ. કન્યાવિક્રયીઓ ધર્માને ઘેર આવ્યા, ધર્માની પાસે બેઠા. કેમ આવ્યા.—એમ પૂછવાથી કન્યાવિક્રયીઓએ કહ્યું કે શેઠજી આપની મુલાકાત લેવા આવાગમન થયું છે, બીજું કાંઇ કારણ નથી. કેમ આપની તબીયત તો ઠીક છેને. ધર્માએ કહ્યું કે હા ઠીક છે. કન્યાવિક્રય દલાલો—શેઠજી કેમ આપનો ચહેરો ઉતરી ગયો છે, ઉદાસી દેખાઓછો, આપનાં વસ્ત્ર પણ ફાટલાં તુટલાં છે તેનું શું કારણ છે તે સમજાવશો?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धर्मचंद–કંઇ નહિ સહેજ.

धर्मचंदनी स्त्री–અરે વિમળાના બાપ સાંભળો છે કે! ખાવાનું ખુટયું છે, શું રાંધુ? કંઈ નથી. છોકરીઓ ભૂખી રૂવે છે.

विमळा–બાપની પાસે આવી કહે છે કે, બાપા! કંઇ આજ પકાવવા અન્ન નથી, મને ભૂખ લાગી છે, એમ બોલી રાગડા તાણી રૂવે છે.

कन्याविक्रय दलालो–શેઠજી! આપની સ્ત્રી તથા આ છોકરી કેમ શું કહે છે? આપના દુઃખની વાત અમને કહો તો ઠીક.

धर्मचंद–દુઃખની શી વાત કરવી. હવે તો દુઃખને માથે શિંગડાં ઉગવાં બાકી રહ્યાં છે, એમ કહી ઊંડા નિશ્વાસ મુકે છે.

कन्याविक्रय दलालो–શેઠજી! આપના દીલની વાત અમને ખુલ્લા દીલથી કહો તો અમે કાંઇ સારી બુદ્ધિ આપીશું.

धर्मचंद–ભાઇઓ! મારે ખાવાનું પણ દુઃખ પડે છે, અને ઘરમાંથી ધન ખુટયું છે.

कन्याविक्रय दलालो–શેઠજી! જો આપની આવી સ્થિતિ છે તો કંઈ વેપાર કરો છો કે નહિ?

धर्मचंद–કોઇ વેપાર કરવાની સૂઝ પડતી નથી અને આપણને તેમાં ગમ પણ પડતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धर्मचंद्रनी स्त्री–અરે! સાંભળો છે કે નહિ, હું શું રાંધુ તેનો જવાબ આપો. છોકરીઓ રૂવે છે, પેટમાં ખાડા પડયા છે.

कन्याविक्रय दलालो–શેઠ! લ્યો આ પાંચ રૂપૈયા અને ખાવાનું કરો. અમો આપને શું કરી શકીએ?

धर्मचंद–હાથમાં તે રૂપૈયા લેઇ કમળાને બોલાવી આપે છે. કમળા રૂપૈયા લઇ તેની માતાને આપે છે. માતા સિધું સામન મંગાવી રસોઇ કરે છે.

कन्याविक्रय दलालो–શેઠજી! આપને કેટલી દીકરીઓ છે?

धर्मो–બે દીકરીઓ છે.

कन्यावि०–કોઇની સાથે વિવાહ કર્યો છે કે નહિ?

धर्मो–સત્તર અઢાર વર્ષની થઇ પણ હજુ વિવાહ કર્યો નથી. હવે ગમે ત્યાં કરવો પડશે.

कन्यावि०–શેઠજી! આપને ત્યાં લક્ષ્મીએ પગલાં કર્યાંછે તેને તમે કાઢી મૂકો છો.

धमा–હું તો લક્ષ્મીનાં પગલાં દેખતો નથી, દીકરીના પથરામાં લક્ષ્મી કાંઇ ભરાણી નથી, મને લાગે છે કે ત્રીજી પણ દીકરી થશે.

कन्यावि०–(હસી પડીને) શેઠજી! આપને પૈસો પેદા કરતાં આવડતો નથી, તેના ભાગ્યે દીકરીઓજ જાણે અવતરી ન હોય એમ હું માનું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મો—વળી એને પરણાવતાં, પૈસા નથી તો વળી લક્ષ્મી કયાંથી.

कन्यावि०—શેઠજી! અમારી બુદ્ધિ પ્રમાણે ચાલો તો આપ બેઠા બેઠા ખાઓ, અને લ્હેર બાજી ઉડાઓ એમ અમારૂં તો માનવું છે.

ધર્મો—વ્હાલા મિત્રો! આપે જે ધાર્યો તે ઉપાય મને કહો.

कन्याविक्रय—દેવિના જેવી શોભનારી રૂપરૂપની મણિયો એવી તો તમારી દીકરીઓ છે તેનાથી એમે તમને લક્ષ્મીવાન્ જાણીએ છીએ, એક એક દિકરીના પાંચ પાંચ હજાર રૂપૈયા મળે કે જેથી પૂર્વના જેવા થાઓ.

ધર્મો—આપણી નાતમાં દીકરીઓ વેચી શકાય કે? અને નાતના શેઠીઆઓ નાત બહાર મુકે તો?

कन्यावि०—તમારે તે બાબતનો ભય રાખવો નહીં. ઘણે ઠેકાણે એમ થાય છે. સુધરેલી પ્રજામાં હાલ આપણું કોઇ નામ લઇ શકશે નહિ, કદાપિ શેઠીઆઓને માલુમ પડશે તો તેમને લાંચ આપીશું એટલે ચૂપચાં થઈ જશે અને સુખેથી ટાઢા છાંયડે બેઠા બેઠા ખાઇશું.

ધર્મો—આ કામ તમોને સોંપ્યું, જેમ પૈસા વધારે મળે તેમ કરજો, વિશ્વાસઘાત કરશો નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિત્રો વિચારો, ધર્મચંદની બુદ્ધિ કેવી બગડી, તેની કેવી ખરાબ હાલત થઇ, માણસને સંકટ આવવાનું થાય છે ત્યારે વિપરીત બુદ્ધિ ઉપજે છે. यतः "बुभुक्षितं किं न करोति पापं" ભૂખ્યો માણસ શું કરી શકતો નથી? અર્થાત્ સર્વ અકાર્યમાં પ્રવૃત્તિ કરે છે.

દેશની પાયમાલ સ્થિતિ આવવાની હોય છે, ત્યારે પરસ્પર નાત જાતમાં કજીયા કલેશ વધે છે. વૈરભાવ ઉત્પન્ન થાય છે. નાતના શેઠીઆઓ લાંચ ખાનારા થાય છે. અગર પ્રમાદી થાય છે. તે લાગ જોઇને જેને જે સૂઝે તે કરી શકે છે. પહેલાં જે જૈનોના ઘેર રાજ્ય હતું, દોલત મંદતો જૈન, જૈન અને જૈનજ. અગ્રગણ્ય પણ જૈન સત્યવાદી, પૂર્ણ કલાવાન્ બહાદુર જૈનોજૈનો હતા, તેને ઠેકાણે હાલ કંઇ દેખાતું નથી.

## साप गयाने लिसोटा रह्या.

બહાદુર જૈન રાજાઓ ગયા, તેમની અખુટ લક્ષ્મી પરદેશીઓ લઇ ગયા, વેપાર પણ જૈનમાંથી ઘટયો, સંપ પણ ઓછો થયો, તેનું કારણ ધર્મશ્રદ્ધા હીનપણું, અજ્ઞાન, બાયલાપણું, અને પ્રમાદીપણું, તથા કુસંપજ દેખાય છે. તેથી હાલ નાતનાં બંધારણ તુટી ગયાં છે. પરદેશીઓના તાબામાં રહેવું, શરીર શક્તિ હીન, નિર્ધનપણું પ્રાપ્ત થયું. હજુ જો જૈનીઓ કેળવણીથી સુધરશે નહિ, તો કોણ જાણે આગળ શું થશે?—કન્યાવિક્રય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવા ખરાબ રોગોથી લોકો દુઃખી દીન ધર્મ શ્રદ્ધાહીન ન બની જશે, તેની કોને દયા આવે. પોતાનાં છોકરાંને ધર્મની કેળવણી આપવી, વ્યાપારની કળા શીખવવી, તેમને સદ્ગુણી બનાવવા એજ જૈનોના ઉદયનું પ્રથમ પગથીયું છે.

## હવે આગળ શું થયું તે સાંભળો.

પેલા કન્યાવિક્રયીઓએ પરસ્પર કહેવા માંડયું કે, હવે આપણું કામ થયું, કોઇ ઘરાક શોધી કાઢીએ તો આપણું ખીસ્સું ભરાશે, એમ વિચારી તપાસ કરે છે. એક કન્યાવિક્રયી અને વૃદ્ધ ગૃહસ્થ જેની સ્ત્રી મૃત્યુ પામી છે અને બીજી સ્ત્રી પરણવાની અભિલાષા છે, જેનું નામ કર્મચંદ છે તે મળ્યો. તે બુઢ્ઢાએ આ કન્યાવિક્રયી દલાલને બોલાવ્યા. અરે ભાઈ! આવ. આવ કંઇ કીધેલી વાત સંબંધી ખબર લાવ્યા કે નહિ?

कन्याविक्रयी दलाल–कर्मचंद શેઠ! તમારૂં મોટું ભાગ્ય ખુશીની ખબર લાવ્યો છું.

कर्मचंद–અલ્યા! કહે તો ખરો. આ ધોળા દાઢાવાળાને કોઇ મીંઢળ પહેરાવે તેવા સમાચાર લાવ્યો?

कन्यावि०–શેઠજી! આપની આશા સફળ થશે, કોઇના ઘેર રૂપ રૂપની મણી રંભા જેવી એક અઢાર વર્ષની છોકરી છે, તે ધણીનું પેટ ભરાય તો તમારૂં કામ થાય. "વસુ વિના નર પશુ" રૂપૈયાની કોથળીઓ ઠલવ્યા વિના કામ થાય તેમ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कर्मचंद–અહ્યા! કોની દીકરી છે અને કેટલી કોથળીએ કામ પતે તેમ છે?

कन्याविo–શેઠજી પાંચ હજાર રૂપૈયા આપવા પડશે. એ તો વળી તમારૂં ભાગ્ય કે તેટલે રૂપૈયે પણ તમારા સિત્તેર વર્ષના મોટા ઘરામાં કન્યા નાંખે છે.

कर्मचंद–અહ્યા રૂપા! જા અને એટલે રૂપૈયે ઠરાવી આવ.

कन्या विक्रय दलाल–રૂપો ધર્મચંદની પાસે જઈ વાત કરે છે. શેઠજી એક ઘરાક મળ્યું છે. ચાર હજાર રૂપૈયા આપવા તૈયાર છે. કેમ આપની મરજી શીછે?

धर्मो–બહુ સારૂ. લઇ આવો ચાર હજાર રૂપૈયાની થેલીઓ એટલે પછી હું ચાંલ્લો કરી વિવાહ કરી પરણાવું.

कन्याविक्रयी दलाल रुपो–પાંચ હજાર રૂપૈયા કર્મચંદ પાસેથી લેઈ એક હજાર રૂપૈયા ખાઇ જઇ ચાર હજાર રૂપૈયા ધર્માની આગળ હાજર કરે છે ત્યારે ધર્મચંદ દેખી ખુશી થાય છે. પશ્ચાત્ત કર્મચંદના ઘેર જઇ પોતાની કમળા દિકરીનો વિવાહ ધર્મચંદ, કર્મચંદની સાથે કરે છે તથા એક મહિનાની અંદર લગ્ન લેવું એવો ઠરાવ પણ કર્યો.

धर्मचंदे–ઘેર લગ્નની પણ તૈયારીઓ કરવા માંડી અને પાપડ વણવા સ્ત્રીઓ ભેગી થઇ.

कीशोरी–અલી કમળા! તારો વિવાહ કોને ત્યાં થશે?

जमना–અલી બોલીશ નહિ. એ તો જોવા જેવો ઘાટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયો છે. જાણે મશાણનું મડું, બળ્યું એના કરતાં મરી જવું સારૂં.

લક્ષ્મી—બળ્યું એના કરતાં સતાં રહેવું સારૂં પીટયો બુઢો અને ખાંખાં કરે, વળી મુખમાંથી ખાતાં લાળ પણ ચુવે, બળ્યું એના બાપને દયા કેમ આવી નહિ હોય.

વીજકોર—ભંગીજંગીને દયા કયાંથી હોય. પોતાનું પેટ ભરવું ત્યાં વળી છોકરીની દયા કયાંથી. પેલો કર્મચંદ તેલી સિત્તેર વર્ષનો ડોકરો તેની સાથે કમળ જેવી કમળાનો વિવાહ.—અરેરે! શું થવા બેઠું? એના કરતાં કોઈ ડાંમવા મળ્યો નહિ કે આ ઘરડું બુઢું બિચારીના ભાગ્યમાં!

ગૌરી—અલી બોલોમાં. બિચારી કમળાનો જીવ દુઃખાય છે. દીકરી અને ગાય જ્યાં આપે ત્યાં જાય. ગૌરી બૈરિ લક્ષ્મીના કાનમાં કહેછે કે—એતો નગદ રૂપૈયાથી દાઢો ગલી સમજી કેવી—પઈસા દેખી મુનિનાં મન ચળે.. લક્ષ્મી કેળવણી પામેલી સ્ત્રી હતી તેથી તેને દયા આવતી.

લક્ષ્મી—ઘણી વાત કર નહિ. આપણા હિંદુસ્તાન દેશનું ભડે બેસવા જેવું થયું છે. ગાયના ગળે છરી. બિચારી ભણેલી ગણેલી કમલારૂપ માળા કર્મચંદ કાગડાની ડોકમાં શોભે કે અલી! બુદ્ધી ભ્રષ્ટ થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે ત્યાં સત્યનું નામ શું, ધર્મનું નામ શું, દેશની દયા ક્યાંથી, દીકરીની દયા ક્યાંથી, જૈનીઓનું મહત્ત્વ ઘટવાનું આજ મુખ્ય કારણ છે. પીટ્યા આવા બુઢ્ઢાઓને પરણતાં પણ શરમ ક્યાંથી આવે? વિષયના લાલચું લંપટીઓએ દેશને ખરાબ કર્યો અને સંતતિનો વ્યવચ્છેદ કર્યો. પવિત્ર જૈન ધર્મને કલંક લગાડયું. એવી દીકરીઓની આંતરડી શું માબાપને આશિષ આપે? શું દીકરીઓને 'સુખ ધર્મની લાજ પણ પેટભરા પિતાઓને ક્યાંથી આવે ?

चंपा–અલી મણી! હાલમાં વિક્ટોરિયા રાણી જેવી હું દેશની ઉપરી હોઉં તો એવા ઘરડા બુઢ્ઢાઓને લોઢાની પુતળીઓ સાથે પરણાવું, અને દીકરીઓ દેનાર પિતાઓને તોપના મૂખે ઉડાડી દઉં. મડદાલ શેઠીઆઓને મૂછો કેમ ઉગી હશે? બાયલા, લાલચું, લાંચ ખાઉ શેઠીઆઓમાં રામ બળ્યા હોત તો શું કોઇની મગદુર છે કે આવાં કાળાં કર્મ કરે; અરરરર! બિચારી કમળા આ વાત સાંભળી કેવી રૂદન કરે છે?

मैंना–એના ઘરમાં જઇ પીટ્યાનાં છાજીયાં લેશે ત્યારે ધરાશે. મારા જેવી રાંડતો ક્યારનીએ ના કહે કે મારે તો પરણવું નથી.

આમ ધર્મચંદના ઘેર સ્ત્રીયો પાપડ વણતી વણતી વાતો કરે છે, એટલામાં જોશીને લેઇ ધર્મો આવે છે. ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદ કમળાની બાને બોલાવે છે અને જોશી તેડી લાવ્યાની વાત કહે છે કમળાની બા ઘરમાં જાય છે ને વળી સાંભળી આવ્યાથી કહે છે કે કમળાના બાપ! સાંભળો છો કે? જરા અહીં આવજો. તમારૂં કામ છે. કમળાના બાપ ત્યાં જાય છે, ફાગણ સુદી ૧૫ નું લગ્ન નક્કી કર્યું છે એમ કમળાનો બાપ કહે છે. જોશીને રૂપીયો આપ્યો તે લઇ જોશી ઘેર જાય છે. પણ કમળાનો કોની સાથે વિવાહ કર્યો? વદતો ઠીક છેને? મૂર્તિયો સારો જોઇએ. એમ ધર્મચંદની સ્ત્રીએ કહ્યું.

ધર્મો—અલી જાણે છે કે નહિ! બંદામાં કાંઇ ભુલ આવે છે કે! મૂર્તિયામાં કઈ કહેવાનું નથી, ઠરેલ માણસ છે.

ધર્મચંદની સ્ત્રી—કમળાને મૂર્તિયો ગમશે તો ખરોને!

ધર્મચંદ—બૈરાંને બધી જાતની પૂછપરછ! આપણને ગમ્યું એટલે પરમેશ્વરને પણ ગમ્યું. તારા જેવી ડોઢડાહી ક્યાંએ દેખી નથી.

એમ કહી ધર્મચંદ બીજી લગ્નના કાર્યની તૈયારીઓ કરે છે; થોડી મુદતે દીવસપર દીવસ જતાં લગ્ન દીવસ આવી પહોંચ્યાં. કર્મચંદ પરણવા આવ્યા તેને જોઇ કમળા બીએ છે, (મનમાં) ઘરડો-બુઢ્યો મડદાળ આ મારો વર થશે! એટલામાં તેની નાની બેન વિમળા આવે છે અને કહે છે કે-બહેન જોયો કે પેલો વર કેવો રૂપાળો કજડાના જેવો કાળો દુંદાળો.

કમળા—ઘરમાં પેશી જાય છે, અને એની માતા એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને સજાવે છે; સારાં સારાં લૂગડાં પહેરાવે છે.

કમળા—અલી મા! આ ઘરડા ડોસાની સાથે મારૂં લગન. એમ બોલી પોકે પોકે રૂએ છે. છાની પણ રહેતી નથી, ઉંડા નિશ્વાસ નાંખતી પોતાના મનમાં કહેતી કે નિર્દય સ્વાર્થિયા. જન્મતી વખતેજ કેમ મને ઝેર દેઇ કે ફાંસો ઘાલી મારી નાંખી નહિ! એટલામાં માંઇરામાં કન્યા પધરાવવા વખત થવાથી તેની મા ચોરીમાં લાવી બેસારે છે. રોતાં રોતાં ફેરા ફેરવે છે, ચાર મંગળ વર્તાણાં એટલે કમળાને તથા કર્મચંદ તેલીને ગાજતે વાજતે કર્મચંદના ઘેર વિદાય કર્યાં.

કમળા કર્મચંદના સામુ જોઇ બીએ છે, કર્મચંદ તેના સામું જોઇ કહે છે કે, આવ મારી પાંચ હજારની લાડી; કમળા એકાંતમાં જઈ પોકેપોક રૂએ છે. ત્રણ ચાર દિવસ થયા બાદ કર્મચંદ તેલીને તાવ આવ્યો, અને અચાનક મૃત્યુને શરણ થયા. સર્વે લોક ભેગા થયા, મૃત્યુક કાર્ય થઇ રહ્યું, ને કમળાને પહેરેલો ચુડલો ફોડવો પડ્યો. નાતના શેઠીઆઓએ જાણ્યું કે ધર્માએ પોતાની દીકરીના પઇસા ખાધા છે, તેથી તેમના ઘેર શેઠીયા પૈકી ધોળા શેઠ જે નાતના શેઠીયા હતા તે ગયા અને ખાત્રી કરી કહ્યું કે તેં નક્કી દીકરીના પૈસા ખાધા છે માટે તને નાત બહાર મૂકવામાં આવશે; એવી ધમકી આપી. ધર્માએ એક હજાર રૂપીયા લાંચના આપ્યા એટલે શેઠ રાજી થઈ બોલ્યા કે, હવે બસ તારૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ નામ લેનાર નથી. મારા વિના કોણ નાત ભેગી કરી શકે એમ છે. હવે ધર્માને ત્રણ હજાર રૂપિયા રહ્યા, તેમાંથી ખર્ચ થતાં બે હજાર રૂપીઆ રહ્યા. પોતાની દીકરી રાંડી તોપણ તેને કંઇ ચિંતા થઇ નહિ. ધર્મો કમળાને ઘેર ગયો અને કહેવા લાગ્યો. દીકરી તારા કર્મે તું રાંડી, રૂદન કરીશ નહિ. ચાલ, સર્વ રાચરચીલું માલમત્તા લેઈ આપણા ઘેર.

કમળા—દીકરીના પઈસા ખાનાર પાપી, હવે તારા ઘેર મરતાં સુધી પણ હું આવવાની નથી. ધર્મચંદ બીજી છોકરીને પાંચ હજાર રૂપૈયા લેઇ સ્વામિનારાયણનો ધર્મ પાળતા વાણીઆની સાથે પરણાવી. વિમળાને દરરોજ સ્વામિનારાયણનો મંત્ર જપવો પડતો, વળી તે વાણીઓ ધર્માંધ હોઈ વિમળાને જૈન મંદિરમાં દર્શન કરવા પણ જવા દેતો નહિ, તેમ જૈનધર્મને ન છાજે તેવું કરવા ફરમાવતો હતો. ગાજર, સકરીયાં, બટાટાનું શાક દરરોજ વિમળાને કરવું પડતું હતું તથા વિમળાને બળાત્કારે ખવરાવવામાં પણ આવતું હતું. તેમ રાત્રે પણ ખાવું પડતું હતું.

જૈનમિત્રો! આપ વિચારો કે શ્રાવકની છોકરીને પૈસા ખાવાને માટે ગોસાઇજી તથા સ્વામિનારાયણના ધર્મ પાળનાર તથા અન્યધર્મ પાળનાર બીજાઓની સાથે પાપવૃત્તિના પોષણ કરનાર એકે ધંધો નહિ મળવાથી ફક્ત દીકરીના પૈસા લેવા ઉપર જેનો ધંધો છે, તેવાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની વ્હાલી દીકરીને નીચવૃતિથી દીકરાના સુખનો કંઇ પણ વિચાર ન કરતાં પરણાવે છે. જ્યારે આપણી દીકરી પુન્યોદયથી આપણે ત્યાં જન્મ પામી ને આપણે સ્વામિનારાયણ તેમ બીજા ધર્મ પાળનાર સાથે હાથે કરી પરણાવીએ અને ધર્મ ભ્રષ્ટ કરી મિથ્યાત્વી બનાવીએ, એ શું ઓછું પાપ છે? પાપી પેટ ભરનારને આવાં કુકૃત્યો કરવાં પડે છે તેના કરતાં પોતે વેચાવું બહેતર છે કે ધર્મમાં કહેલું પાપના આપણે ભાગદારી થઇએ નહિ. કેટલાક નાતના સંબંધના લીધે પોતાની દીકરી ઢુંઢીયાને આપે છે, પોતે તો ધર્મ ફક્ત જૈનધર્મ સાચો માને, ને ઢુંઢીયા ધર્મ ખોટો માને ત્યારે પોતાની દીકરી શું જોઇને ઢુંઢીયા સ્વામિનારાયણ વિગેરે ઇતર ધર્મીને આપતા હશે. અરરર! વ્હાલામાં વ્હાલી છોકરીને એક બકરીની પેઠે દશા કરીએ ત્યારે આપણે કસાઇ કરતાં ભૂંડા ગણાવવામાં તેમ કસાઇ કરતાં વિશેષ ભાગદારી થવામાં કંઇ શક નથી; કેમકે કસાઇતો એક વખત બકરીના ગળા ઉપર છરી મૂકી તેને પ્રાણવિમુક્ત કરે છે, એટલે ફક્ત બકરીને એક વખત દુઃખ ખમવું પડે છે; પણ તમારા દીકરીને જીંદગી પર્યંતનું દુઃખ તમે આપોછો એટલે જીંદગી પર્યંત તેને તમો એવું દુઃખ દ્યો છો કે રીબીરીબીને દુઃખ ખમ્યાં કરેછે. તો વિચારો કે આવા પાતકી કસાઈ કરતાં વધારે અઘોર કર્મ તમને કોઈ પણ વખત ઉંચી ગતિ પહોંચવા દેવાને અનુકુળ છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ. પણ તમને અધમમાં અધમ ગતિ થવાને અનુકુળ છે. તો પછી આપણે શું સુખ પામી શકીએ ?

વહોરા મુસલમાન લોકો બકરી ઘેટાં વિગેરેને સારી રીતે ખવરાવી પીવરાવી પશ્ચાત તેને હલાલ કરે છે, તેમ તમે પણ કસાઇની નેમ લીધી છે કે દીકરીને પ્રથમ ખવરાવી પીવરાવી પછી પૈસાને માટે ગમે ત્યાં બકરીની માફક છોકરીના સુખનું ગળું કાપવા તૈયાર થઇ ઘરડા બુઢ્ઢાને પરણાવો છો. જેઓ પોતાના સ્વાર્થ તપાસે છે, દીકરીનો સ્વાર્થ જોતા નથી, તેઓ દુનિયામાં કેમ જન્મતા હશે ? વાંચનાર! હવે આટલો વખત મેં તમને વિમળાને પોતાના બાપે પોતાની સ્વાર્થવૃત્તિથી બીજાને પરણાવી તેથી તેને થતા દુઃખનો ખ્યાલ તો આપે ધ્યાનમાં લીધો; પરંતુ પેલા પાતકીમાં પાતકી જે ધર્મો તેનું શું થયું તે આપણે જાણવું જોઇએ.

ધર્મચંદ પોતાની બે દીકરીઓ વેચી રૂ ૮૦૦૦) ની થેલીઓથી પોતે સુખી થઇશ એમ ધારી લીધી, પરંતુ તેથી પણ સુખી થયો નહિ. હરામના પૈસાની કદી હવેલીઓ થઇ બાંધેલી રહી નથી તો પછી ધર્મચંદને કયાંથી થાય? દીકરીના પૈસા લેનાર પૈસાદાર થયો જોવામાં આવતો નથી તો ધર્મચંદ બિચારો કયાંથી પૈસાદાર થાય? દુનિયામાં હરામના પૈસા જેટલા લીધેલા હોય તેટલું બમણું નુકશાન થાયછે, અને “મીયાં ચોરે મૂઠે અને અલ્લા ચોરે ઊંટ” તે કહેવત ખરી માનીએ છીએ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેટલા પૈસા કુડ કપટ કરીને લીધા હોય તેટલા પૈસા રહેતા નથી. આપણે દુનિયામાં જોઇએ છીએ કે જે લોકો ઓછાં કાટલાંથી લોકોને ઓછું આપે છે, વધારે લે છે, ખોડા દસ્તાવેજ કરેછે, ખોટી પંચાતો કરી પૈસા મેળવે છે, તોપણ આખર એક પ્રમાણિક માણસ પેદા કરતો હોય તેની બરાબરીમાં આવે છે. પ્રમાણીક માણસ મહેનત કરે છે તે મહેનત કરતાં પણ નીચ કામમાં બીજો માણસ કરે છે, વલખાં મારે છે, તોપણ આખર પ્રમાણીકને અપ્રમાણીકનો આ દુનિયામાં એકજ સરવાળો રહેછે. પરભવની બાબતમાં તો પ્રમાણીકને પ્રમાણીકનું અને અપ્રમાણીકને અપ્રમાણીકનું ફળ મળે છે. તેમ આ ભવમાં પણ પાપીઓને પાપનું ફળ ભોગવવું પડે છે; કેમકે અતિ ઉગ્રપુણ્ય ને અતિ ઉગ્રપાપ સાડાત્રણ ઘડી, સાડાત્રણ દિવસ અને સાડાત્રણ માસ. તેમ સાડાત્રણ વર્ષ એમ આ ભવમાં ફળ મળી શકે છે. તે પ્રમાણે ધર્મચંદની બાબતમાં થયું. પાપી ધર્મચંદની નશીબની ઘરી નમી, તેની સ્ત્રી થોડા દિવસમાં મૃત્યુ પામી, તેથી તેના દુઃખનો પાર રહ્યો નહિ હાથે રાંધવું પડે, દુકાનનો પણ ધંધો કરવો પડે, પરૂણા વિગેરેને પણ પોતાના એકલા હાથે સાચવવા પડે, તે બધું કામ કરવામાં ધર્મચંદને બહુ બહુ વસમું લાગવા માંડ્યું. જેને હરામના પૈસાથી નીત તાવડી ચડાવી ખાવા માંડેલું એવા જીભના લાલચુથી પણ આવું દુઃખ કોરે મૂકી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીત નીત કંદોઇના ઘરની મીઠાઇઓ તેમ ઘેર રોજ તાવડી ચડ્યા વગર તો તેઓને બંધાણી વ્યસનની મા ફક અનુકુળ પડતું વ્યશન લેવું પડે, તેમ તેઓને પણ ચાલે નહિ. એમ હમેશ પોતે પૈસો ઉડાવવા માંડ્યો તેથી થોડા દિવસમાં પોતાની પાસેના દામ સઘળા થઈ રહ્યા. કેમકે ખાધાથી તો અન્નથી ભરેલ ભંડાર પણ જો જોતામાં વિગતાન્ (ખાલી) થઈ જાય છે. સમુદ્ર પણ ખુટી જાય છે. તે વાતાનો ખ્યાલ ધર્મચંદ પોતાની લાલચુ જીભના સહવાસથી ભૂલી ગયો ને તેથી મસીદના ફકીર જેવી તેની હાલત થઇ. ઘરમાં વાસણ કુસણ પણ વેચ્યાં તોપણ ભાઇ લાલચુ જીભના લીધે કંઈ પણ વિચાર કરી શકયા નહિ છેવટે ખાધાના પણ ધર્મચંદ ભાઇને વખા પડ્યા, પહેરવાનાં લૂગડાં પણ મળે નહિ, દીકરીના પૈસા ખાઉં એમ લોકોમાં પણ કહેવા લાગ્યો. જ્યાં સુધી દીકરીના પૈસા ખાવા હતા ને કોઇની પણ ઓશિયાળ નથી એમ જાણતો ત્યાંસુધી તો કોઇ કહેતું નથી. પણ "લક્ષ્મી વગર નર પશુ" તેમ ધર્મચંદભાઇને પણ લક્ષ્મી વગર સૌ કહેણ સાંભળવાં પડતાં; કેમકે પૈસાદારને તેના પૈસાની સહેથી કોઇ બોલતું નથી, પણ ધર્મચંદને પૈસો હોય તો લોકો ઉપર સ્હે પડેનો દરરોજ દીકરીઓની પણ અનિષ્ટ આશિષોની વૃષ્ટીઓ તેના ઉપર વર્ષતી હતી, કેમકે તે બિચારીઓને શું સુખ આપ્યું હોય કે સારાં આશિષો ધર્માની ચડતી થાય તેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ. લોકોમાં ધર્મા ફીટકાર થવા પામ્યો ને આખરે તે પણ ગરીબ રાંક જેવો થઈ રહ્યો ને દુઃખ ઉપર દુઃખ પડવાથી દુઃખી થવા માંડયો.

મિત્રો! કન્યાવિક્રયનો પૈસો નદીના પૂર જેવો તુરત આવી તુરત ચાલ્યો જાય છે, વીજળીની પેઠે ક્ષણમાં નાશ પામનાર છે, લક્ષ્મી ચંચળ છે, બુદ્ધિમાન્ પાસે સદા રહે છે, પાપી પાસેથી જતી રહે છે. જો કે પરભવ પુન્યે કંઇ મળી શકે છે પણ છેવટે તો ચંચળ હોઇ નાશી જાય છે.

આખરે ધર્માને આટલું દુઃખ પડયું છે તેમાં પણ વળી વધારે દુઃખ દેવાને ભગંદરનો રોગ થયો ને તેથી તેનાથી બરાબર ફરી પણ શકાતું નહિ, હલાતું પણ નહિ, તેમ ચાકરી કરનાર પણ કોઇ નહોતું. તાવની બીમારી પણ શરૂ થઇ, છેવટ ઓછામાં પૂરો ક્ષયરોગ પણ દુઃખ દેવા,સાથી થયો. હવે તેની પૂરી દશા આવી. આખો દિવસ રોગની વેદનાથી બૂમો પાડવા મંડયો, તેમ आर्ता नरा दुःख परा भवंति પ્રમાણે દુઃખી થાય એટલે પરમેશ્વરને સંભાળે તેમ પોતાની નીચ વૃત્તિથી કરેલાં અઘોર કર્મ એક પછી એક તેને દૃષ્ટિગોચર થવાં લાગ્યાં, આખો દિવસ રૂદન કરવા લાગ્યો; સ્વાર્થ સુધી સૌ સગું છે, જે મિત્રો તેને ભાઇ ભાઇ કહેતા તે મિત્રો અત્યારે ધર્માને કોઈ અમથી તેમ મ્હોડાની ખ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બર પણ પૂછવા આવતા નહોતા. कुमित्र, कुलटानारी, कुपुत्र એ કોઇના નથી. સ્વપ્ન પણ ભયંકર આવવા લાગ્યાં. ત્રણ ત્રણ દિવસ ભૂખ્યો રહે તોપણ કોઈ ખબર લેતું નહોતું, શ્વાનની માફક કોઇ ચપણીઆમાં ખાવા મૂકી જતું, ઘર પણ લેણદારોએ કબજે કર્યું, ધર્મચંદને દુ:ખનો પાર રહ્યો નહિ.

હાય હાય! શું કરૂં. અરેરે! દુ:ખનાં વાદળ માથે આવ્યાં. મેં શાં શાં પાપ કર્યાં. એક દિવસ મેં ભીખારણને ધક્કા મારી કાઢી મૂકી હતી અને હું ખુશી થતો હતો તેની ખરાબ દુવાથી તો આમ થયું નહિ હોય, થાય એમાં શી નવાઇ? મેં દીકરીનો પૈસો પણ ખાધો, અભ્યાસ પણ કર્યો નહિ, મોજમજામાં મારા મિત્રોની સાથે મેં જુવાની અવસ્થા ગાળી, અરે! અંતે મિત્રો પણ મારા થયા નહિ. આવાં કુકૃત્યો કરી હવે હું પરભવમાં શું સુખ પામીશ. આ મનુષ્ય જન્મ પામી કંઇ પણ ધર્મ કર્યું નહિ. અરેરે! મેં કોઈની શિખામણ માની નહિ, પૈસાદાર સ્થિતિમાં મારી પાસે એક કહેતાં અનેક માણસ હાજર થતાં તેમાંનું અત્યારે કોઇ આજીજી કરીને કહેતાં પણ આવતું નથી, મેં દેવને પુજ્યા નહિ, ગુરૂનાં દર્શન કર્યાં નહિ, હાય હાય! હવે નરક વિના મારો બીજે ઠેકાણે કયાંથી વાસ થાય?

ધર્મીના શરીરમાં ગુમડાં થવા લાગ્યાં, તેમ અશ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્તિના લીધે માંચામાંથી ઉઠાવાતું નહિ હોવાથી તેમ હાલી ચાલી નહિ શકાતું હોવાથી એકને એક પાસે સુઇ રહેવાથી ધર્માને ચાંદી ને પાઠાં પડવાથી છેવટે આ ખરે કીડા પડ્યા અને કીડાઓના ચટકાઓથી તેને અતિશય વેદના થવા માંડી ને તે વેદના સહન ન થઈ શકાયાથી છેવટે ખુલ્લે અવાજે મોટી મોટી બૂમો પાડવા મંડયો. તેની બૂમો લોકોમાં સંભળાવવા માંડી ને સૌને તેની વેદના જોઈ દયાની દૃષ્ટીથી સૌ જોવા લાગ્યું, તેમ સર્વને દીકરીના પૈસા ખાનારની દશા જોઇ લોકો માંહોમાંહે વાતો કરવા લાગ્યાં કે—બળ્યો એ દીકરીનો પૈસો! સૌના મોંએ દીકરીના પૈસા ખાનાર ઉપર ધિક્કારની દ્રષ્ટિ થવા લાગી પણ ધર્માની અતિશય વેદનાથી અંત ઘડી લોકો પાસે આવ્યાં. અંતે દુઃખથી પોતાનાં પાતકી કર્મો સંભાળતાં આ દુનિયાનો ત્યાગ કરી નીચ ગતિનો સહગામી થયો.

વાંચકો! જોયું કે દીકરીના પૈસા ખાનારની દશા? ખાવાની હાલત, પીવાની હાલત, લુગડાંની વિટંબણા અને આબરૂમાં હલકાઇ, પૈસાની ગરીબી ને છેવટ સગાનો નહિ, વ્હાલાનો નહિ ને અંતે દુઃખ એવું કે કીડા પડ્યા છતાં કોઈ વીણનાર નહિ. આટલી દશા આવ્યા છતાં પૈસાની લાલચમાં લપટાયલા સ્વાર્થી માબાપો પોતાની વ્હાલી દીકરીઓને ઘરડા બુઢ્ઢાઓને આપે છે તેઓને કેમ કંઇ સુઝ પડતી નહિ હોય કે ધર્માને જેવાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે આ ભવમાં તો આટલું દુઃખ પડયું પણ પરભવમાં પણ નીચ ગતિના સહગામી થઈશું. જરા વિચારો નિકળ આ કરતાં પણ અઘોર પાપના કર્મોના અધિકારી થશો. એવો હૃદયશુન્ય પુરૂષ કોણ હોય કે આટલાં આટલાં દુઃખ પુત્રીના પૈસા ખાનારને પડે છે જાણી પૈસા લેશે. ગમે તેવા પથ્થર હૃદયનો પુરૂષ પણ આટલું જોઈ પીગળ્યા વગર રહેશે નહિ. એવો મૂર્ખ કોણ હોય કે આટલાં દુઃખ પોતાને માથે વ્હોરી લે?

નાતના શેઠીઆએ લાંચ લીધી હતી તેનો મોટામાં મોટો પુત્ર મરણ પામ્યો, વેપારમાં ખોટ જતાં દેવાળું કાઢવું પડયું અને અંતે દુઃખમાં ને દુઃખમાં વૃદ્ધાવસ્થા ગાળવી પડી. દીકરીના પૈસા કાચા પારાની માફક છે, જેમ કાચો પારો માણસના શરીરમાં પચી શકતો નથી તેમ દીકરીનો પૈસો પચી શકતો નથી. નાતની શેઠાઇ પણ ગઇ અને તેના બીજા સગાવ્હાલાને મળી. તેનું નામ હરીચંદ હતું તે નગરશેઠ તરીકે થયો તેણે સારી રીતે ધર્મની કેળવણી લીધી હતી, પોતાની નાતના વાણીયાઓએ એક સારા સ્થાનમાં ભેગા થઈ તેને નગરશેઠની પદવી આપી તે વખત હજાર એક માણસ નાતનું ભેગું થયું હતું. હરીચંદશેઠ નાતની વચમાં ઉભા થઇ બોલ્યા કે—મારા નાતીલા બાંધવો! તમે મને નગરશેઠની પદવી શા કારણથી આપો છો તે કંઇ આપણા ધ્યાનમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે સભામાંથી એક સભ્ય ગૃહસ્થ સરૂપચંદ નામનો હતો તેણે જવાબ દીધો કે—

હે નાતસહ્બાંધવો! નાતનું તથા ગામનું સારૂં કરવા, આપણી ઉન્નતી કરવા, હરીચંદને આપણે નગર શેઠ તરીકે નીમીએ છીએ. શેઠને સર્વે તાલીઓના અવાજથી વધાવી લીધા. હરીચંદશેઠ ઉભા થઈ બોલ્યા કે—

મારા વ્હાલા સદ્બંધુઓ! અને બ્હેનો! મને તમોએ તમારાને સારા માટે નાતના શેઠ તરીકે તથા નગર શેઠ તરીકે સ્વીકાર્યો છે, તે માટે હું આપનો ઉપકાર માનું છું. મારી ફરજ છે કે જે તમોએ તમારી સકળ સાનવર્ગનું ભલું કરવા વિશ્વાસનું કારણ છું તે વિશ્વાસનો ગેરઉપયોગ કરવા હું બિલકુલ ચાહતો નથી. આજથી મારે તમારી ઉન્નતિ માટે બરાબર લક્ષ રાખવું જોઇએ અને નાતનું નિષ્પક્ષપાતપણે કરવું જોઇએ. કોઇની પણ પ્રાણાંતે લાંચ ખાઇને પક્ષપાતથી કામ કરી આપી નાતનું હિત સાચવવામાં ઉલટી રીતે ચાલવું ન જોઇએ એ હું સારી રીતે સમજું છું ને તે પ્રમાણે હું ચાલવા આ સમસ્થ સંઘની સમક્ષ પ્રતિજ્ઞા કરૂં છું. તમારી ઉન્નતિ માટે તન મન ધનથી પ્રયત્ન કરીશ. શેઠની પદવીથી મકલાવવાનું નથી તે જાણી પદવી લાયક કામ કરીશ અને પ્રમાણીકપણાથી ચાલીશ. નાતના લોકો સુખી કેમ થાય? કેમ ધનવાન થાય? સદ્ગુણી શાથી થાય? નાતમાં પડેલા કુંવારાઓ શાથી અટકે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ સઘળી તરફ મારી જીંદગી ગાળીશ એ વિગેરે જે જે ફરજો નાતના શેઠની પદવી તરીકે છે તે હું બરોબર પાળીશ. યથાશક્તિથી કાળજીથી બજાવીશ, બીજાને પળાવીશ ને તેમને પળાવવા કહીશ. હું કોઇ કામમાં ભુલું તો મારા પ્યારા નાતીલાઓ તમે મને સુધારવા સુચના કરજો. હું તે પ્રમાણે સુધારીશ ને જેમ બને તેમ મારી યથાશક્તિથી મારા નાતીલાઓનું ભલું થાય તેમ દીન પ્રતિદીન વર્તીશ.

એમ કહી બેશી જતાં તાલીઓના અવાજે સદ્‌ગૃહસ્થોએ તેમને હર્ષથી વધાવી લીધા. આનંદ આનંદ થઇ રહ્યો એવામાં એક સદ્‌ગૃહસ્થ કે જેનું નામ મોહનલાલ હતું તેમણે ઉભા થઇ કહ્યું કે—

મારા પ્યારા નાતીબંધુઓ ! હું નગરશેઠની સંમતિ તથા આપણા સંમત્તિપૂર્વક બે બોલ બોલું છું કે—

આ ગામનું નામ વસંતપૂર છે અને તેમાં વસનાર આપણે જૈન છીએ. આપણા બાપદાદાઓ ધર્મમાં દૃઢ શ્રદ્ધાવાન્ હતા અને બહાદૂર હતા તથા ધનવંત હતા, આપણો ધર્મ તે વખતે શ્રેષ્ઠતામાં બિરાજતો હતો. જૈનોના સમાન કોઇ ધનવાન નહોતું. વેપારમાં, રાજ્ય સલાહમાં જૈનોની મુખ્યતા હતી. આપણા બાપદાદાઓએ આબુ, ગિરનાર, શત્રુંજય ઉપર કરોડો રૂપિયા ખરચી દેરાશરો બંધાવેલાં છે તેમાંનું એક દેરાશર પણ આપણે બંધાવી શકવા સમર્થ નથી તેનું કારણ મિત્રો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ છે કે આપણે વેપારમાં પાછળ છીએ.

આપણા દેશમાંથી પરદેશ ઇંગ્લાંડ વિગેરે ઠેકાણે દરવર્ષે અગણિત રૂપિયા જાય છે અને લક્ષ્મીથી હિંદુસ્થાન પ્રતિદિન ખાલી થતો જાય છે. કુવામાંથી હવાડામાં પાણી જાય અને કુવામાં અન્ય નવાણસ્થલથી પાણી નહિ આવે તો ખાલી થાયજ, તેમ હિંદુસ્થાન દેશમાંથી પૈસો બીજા દેશવાળા લેઈ જાય છે પણ આપણા શ્રાવક લોકો અન્ય ઠેકાણેથી હિંદુસ્થાનમાં પૈસો લાવી શકતા નથી તેનું કારણ કે આપણા દેશમાં વેપારનાં કારખાનાં નથી, ચીજો બનાવવાનાં કારખાનાં નથી, એક ટોપી માથે જોઇએ તે પણ પરદેશની, એક બુટન જોઇએ તે પણ પરદેશનું, એક બુટ તે પણ પરદેશથી આવે, હજારો પ્રકારનાં વસ્ત્ર પણ પરદેશથી આવે ત્યારે આપણે કયો વેપાર કરી ધનવાન બનીએ ? બંધુઓ ! આપણે "ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે" તોપણ પરદેશમાં વેપાર કરવા, નોકરી કરવા, દેશ જોવા જઇએ નહિ અને ચાર નાળિયેર અને મણ સુંઠના ગાંગડા લેઈ દુકાન માંડીશું તો શું પેદા કરી શકીએ. બંધુઓ ! પહેલાનાં કરતાં હવે વખત બારીક આવ્યો છે, અન્ય દેશોવાળા વેપારમાં હુન્નરકળામાં બહુ વધી ગયા છે, આપણામાં તેમનાઓમાંનું કશું નથી. મિત્રો ! જુઓ અમેરિકા દેશના લોકો ઉદ્યોગી અને સંપથી આજકાલ કેવા પૈસાદાર બની ગયા. જુઓ જે લોકો પહેલાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જંગલી હતા અને ઝાડની છાલથી પોતાનું શરીર ઢાંકતા એવા ઈંગ્લાંડના લોકો હજારો ગાઉથી હિંદુસ્થાનમાં આવી રાજ્ય કરે છે અને ઈંગ્લીશ લોક મૂઠીભર છતાં એક આજ્ઞારૂપ લાકડીથી બકરાં મેઢાંના ટોળાની પેઠે હિંદુસ્થાનના લોકોને પોતાના વશમાં રાખી સ્વતંત્રપણે રાજ્ય કરે છે એ શું વાતોના તડાકાથી બનતું હશે? અગર ઉંઘના તડાકામાં બનતું હશે? જુઓ! આજ કાલ કંઇપણ જેવા નહોતા એવા જાપાની લોકો ચીનાઇ સરકાર તથા રૂશિયા સરકારની સામે ટક્કર ઝીલે છે અને સ્વતંત્ર બન્યા છે એ શું વાતોના તડાકામાં બનતું હશે? ટ્રાંશવાલ સરખું નાનું રાજ્ય, ઈંગ્રેજ સરકાર સાથે લઢ્યું તેનો કેટલો સંપ? કેવો ઉદ્યોગ? કેટલો સ્વદેશાભિમાન તે વિચારો.—દુનિયામાં એવો ન્યાય છે કે બળવાન નબળાને કબજે રાખે? મારા વ્હાલા સાધર્મી મિત્રો! જુઓ, યુરોપદેશમાં એક જર્મની દેશ તે લોકો આપણાં જૈની પુસ્તકો લાખો રૂપૈયા ખરચી ત્યાં મંગાવી તેમણે અભ્યાસ કરી આપણા જૈનતત્વના અભ્યાસક બન્યા છે ત્યારે આપણે જૈનધર્મતત્વના નાશક બનીએ છીએ, વિદ્યામાં પણ યુરોપદેશ વૃદ્ધિને પામ્યો છે તેનું કારણ ઉદ્યોગ, વેપાર, સંપ અને ભ્રાતૃભાવ તથા હિંમત છે; માટે મારા મિત્રો! યાદ રાખો કે દુઃખ વિના સુખ નથી. "ખાતાં પિતાં હાંર મળે તો હમકું બી કહિયે."—જુઓ! ફ્રાન્સ દેશના લોકો કેવા કં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ળાવાન છે? જુઓ! પારીસ શહેરનું પ્રદર્શન. તમારામાં એમાંનું કંઈ નથી.

ઉંચ અને નીચ સ્વભાવથી માલૂમ પડે છે કે જેમ એક કૂતરૂં બીજા કૂતરાને દેખી ઘુરકીયાં કરે છે અને અદેખાઇ કરે છે તેમ આપણે જૈન લોકો પણ કૂતરાના જેવી નીચ વૃત્તિ ધારણ કરીએ છીએ તો તેથી નિર્ધન થઇએ છીએ તેમાં શું નવાઇ? પહેલાં જૈની લોકો ઉત્તમ કહેવાતા હતા તેનું કારણ એકે તે અત્યંત ધાર્મિક શ્રદ્ધાવંત્ હિંમતવાન પરગજુ અને બહાદુર તથા વેપારમાં કળામાં કુશળ હતા. હાલ તેમાંના ગુણો દેખાતા નથી તો નીચ બનીશું એમાં શું આશ્ચર્ય?

પહેલાંના જૈનો સત્ય બોલતા, ધર્મ ઉપર શ્રદ્ધાવાન રહેતા, પ્રાણાંતે પણ ધર્મનો ત્યાગ કરતા નહોતા, ચોરી કરતા નહોતા, પારકી સ્ત્રીપ્રતિ માતૃભાવે વર્તતા, એક બીજાને સ્હાય આપતા, તેથી તે ઉત્તમ કહેવાતા હતા; અને આપણે તેનાથી ઉલટા દુર્ગુણો ધારણ કરીએ છીએ. ધર્મને તો એક જાતનું વહેમ ગણી તેના સામું જોતા નથી. ઉત્તમ કેળવણીનો અભ્યાસ કરતા નથી તો ઉત્તમપદ કેમ પામી શકીએ?

મારા જૈન બંધુઓ! જુઓ અજ્ઞ એવા મુસલમાનો પોતાના ધર્મ ઉપર કેવા શ્રદ્ધાવાન્ રહે છે. અરે જૈનો! સત્ય એવા જૈનધર્મની શ્રદ્ધામાં તમો શંકા કરોછો. જગતમાં ચડતી પડતી ચાલી જાય છે; વખત વખતની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છાંયડી; હાલ આપણી પડતી છે, જો ઉદ્યમ કરીશું, પરસ્પર સંપીને ચાલીશું તો અંતે જૈનધર્મની ચઢતી થશે. શ્રીવીરભગવાને ત્રેવીશ ઉદય ભાંખ્યા છે. શ્રી મહાવીર સ્વામી પણ ઉદ્યમને પ્રાધાન્ય દાખવ્યો છે, આળસુ થઇને બેશી રહેવું એમ કોઇનો પણ ઉપદેશ નથી. કહ્યું છે કે:-

आलस्यंहि मनुष्याणां, शरीरस्थो महारिपुः ॥
नास्त्युद्यमः समोबंधुः, कृत्वायं नावसीदति ॥ १ ॥

મનુષ્યોના શરીરમાં રહેલો આલસ્ય એ મોટા શત્રુ છે. ઉદ્યમ સમાન બંધુ નથી કે જે ઉદ્યમથી મનુષ્ય દુઃખી થતો નથી. ખાવું, પીવું, અને હરવું ફરવું તેમાં મનુષ્યત્વનો જે સાર સમજે છે તે મૂર્ખ છે. દુનિયામાં મનુષ્યજન્મ મહા પુણ્યોદયે પ્રાપ્ત થાય છે, તે પામીને ઉદ્યમ કરવો, વિવેક વિનય જ્ઞાન આદિ ગુણોની પ્રાપ્તિ કરવી, ધર્મમાં કુશળ રહેવું, સત્ય બોલવું, સ્વધર્મી ભાઇઓની તન મન ધનથી ઉન્નતી કરવી, એમાંજ ધર્મ સમાયો છે.

મારા વ્હાલા જૈનો! આજકાલ થોડા વર્ષથી આપણા ગામના જૈનોમાં પ્લેગના રોગની પેઠે कन्याविक्रय નામનો મહારોગ ફાટી નિકળ્યો છે, તેથી જૈનો દિન પ્રતિદિન પાયમાલ થાય છે, અને ધનથી ગરીબ થતા જાય છે. પોતાની દીકરીઓને પૈસાને માટે ગમે તેને આપવી, એટલે સ્વામીનારાયણ, ગોસાઇ, ઢુંઢીઆઓને પો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાની દીકરીઓની ભેટ આપવી અને ગરીબ જૈનો કું વારા રહે તેની દરકાર રાખવી નહિ એમ ખરેખર ગ રીબીમાં ગરીબી લાવનાર અને વધતી જૈનોની સંખ્યા ને ઓછી કરનાર તથા હૈયાત જૈનોની સંખ્યાને ઓછી કરનાર તમારી દોષપણુવાળી રૂઢી છે તેથી જૈનોની સંત તિનો ઉચ્છેદ થાય છે. પરધર્મીઓને કન્યા આપવી તેમાં મહા પાપ છે કસાઇને ઘેર જેમ ગાય આપવી તેમાં જે મ પાપ છે. તેમ પોતાની દીકરીઓ પરધર્મીઓને આ પવી તેમાં મહાપાપ છે. ભલે આ વાક્ય સાંભળી બી- જાઓને ક્રોધ થશે તોપણ તેથી હું ડરવાનો નથી. ક- ન્યાવિક્રયીઓએ જૈનધર્મને મોટું કલંક લગાડયું છે. જૈન ધર્મ ઉત્તમ છે અને તેના પાળનાર પણ ઉત્તમ છતાં નીચ કર્મ કરે તે કદી શોભે નહિ. કન્યાવિક્રય કરનાર પરભવમાં નિચ ગતિ પામે છે, તે બાબત કહ્યું છે કે.—

कन्याविक्रय कर्तारः, पापात्मानो भवंतिते ॥
दारिद्रपीडिताह्यत्र, यांत्य मुत्र च दुर्गतिम् ॥ १ ॥

કન્યાને વેચનારા પાપી પુરૂષો દરિદ્રયવડે કરી આ ભવમાં પીડાય છે, તેના સંતાનનો ઉચ્છેદ થાય છે, આ બરૂનો નાશ થાય છે અને પરભવમાં દુર્ગતિ પામે છે. કન્યાને કેવી રીતે પાળી પરણાવવી તે સંબંધે કહ્યુંછેકે-

कन्याप्येवं पालनीया, शिक्षणी यातु यत्र तः ॥
वराय वि पे देया धन, रत्न समन्विता ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કન્યાનું પણ દીકરાની પેઠે પાલન કરવું તથા તેને સારી શિખામણ આપી ભણાવવી ગણાવવી અને યોગ્ય ઉમર થયે છતે ધન રત્નની સાથે કુળ ધર્મ અને ગુણે કરી યુક્ત એવા ઉત્તમ વર સાથે પરણાવવી.

दत्वा सुविधिना कन्यां, चतुर्मंगलपूर्वकम् ॥
यथाशक्त्यनुसारेण जामात्रे, दीयते धनम् ॥

ચાર મંગળપૂર્વક પિતાએ જૈનોક્ત વિધિવડે કરી સહિત જમાઇને કન્યા પરણાવવી અને પોતાની શક્તિ અનુસારે જમાઇને ધન આપવું પણ દીકરીના પૈસા લેવા નહિ.

कन्याविक्रय કરનાર ચંડાલના કરતાં પણ હલકો છે, તેનું દ્રષ્ટાંત લૈકિકશાસ્ત્રમાં કહ્યું છે તે નિચે પ્રમાણે.

પૂર્વે વિરમપુરી નામની નગરી હતી, તેની પાસે સાત ગાઉ ઉપર લક્ષ્મીપુર નામનું નગર હતું, તેમાં એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો, તેને દેવગંગા નામની દીકરી હતી. તે મોટી થઇ, ત્યારે તેણે વિચાર્યું કે—આ પણા ઘરમાં પૈસો જોઇએ તેટલો નથી તેટલા માટે તેનો વિવાહ કોઇ પૈસાદાર સાથે કરીએ; એમ વિચારી પાસેની વિરમપુરી નગરી તરફ જવા નિકળ્યો. જતાં જતાં ત્રણ ગાઉના આશરે નગરી રહી એટલે એક તળાવના તીરે વિસામો કર્યો અને દાતણ પાણી કરવાનો વિચાર કર્યો અને મનમાં ચિંતવવા લાગ્યો કે—મારી પાસે કાંઇ પણ પૈસા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. ઉલટું આઠસેં રૂપૈયાનું દેવું છે, દીકરી પરણાવું તો દોઢસો બસો રૂપૈયા પણ જોઈએ, ચારસેં પાંચસો રૂપૈયા ઘરમાં હોય તો સારૂ. એમ પંદરસો રૂપૈયા હોય તો ઠીક, એવો પોતાના મન સાથે વિચાર કરી ત્યાંથી ઉઠયો અને આગળ ચાલ્યો. ચાલતાં ચાલતાં નગરીના દરવાજા નજીક આવ્યો, દરવાજામાં પેસતાં તેને ગામના શુકન થયા. શુકન સારા થયા હોવાથી રાજી થયો, પોતાના ઓળખીતાને ત્યાં ઉતારો કર્યો. પોતાના મનનો વિચાર પાર પાડવા વરની શોધ કરવા લાગ્યો. તપાસ કરતાં પોતાનાથી જરા કુળવાન બ્રાહ્મણ જોઇ સગાઇ કરી.

ઘણા પૈસાની લાલચથી બીજવર શોધ્યો, પોતે ઠરાવેલા પંદરસેં રૂપૈયામાંથી પહેલાના સાડાસાતસોની થેલી ભરી પોતાના ગામ પ્રતિ ગમન કર્યું. બપોર પછી ગમન કરેલું તેથી રસ્તામાં જતાં વિચાર થયો કે જો હું દીવસ છતાં ગામમાં જઇશ તો લોકો મારી નિંદા કરશે માટે રાત્રિ થયા પછી જાઉં તો ઠીક એવો મનમાં વિચાર કરી પેલું તળાવ આવ્યું ત્યાં રૂપૈયાની થેલી માથા તળે મુકી શયન કર્યું. થોડીવાર પછી એક ચંડાળણી શહેર તરફથી આવતી હતી તેને માથે માંસનો ભરેલો સુંડલો હતો, તેણીએ વિચાર કર્યો કે હું આખા દિવસની ભૂખી છું માટે ચાલ, આ તળાવમાં રાંધી ખાઉં. એમ વિચાર કરી તળાવમાં જઇ બેઠી અને આસપાસ તજવીજ કરતાં હાડકાં પડેલાં હતાં તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાડી ચુલો કર્યો, કાંટા વિગેરે બળતણ લાવી એકઠું કર્યું, રાંધવાને માટે પાસે વાસણ નહોતું તેથી એ કપાસ મરેલા કુતરાની ખોપરી હતી તે લાવી તેમાં માંસ રાંધવા ચઢાવ્યું. હવે બધું તો મળ્યું પણ માથે ઢાંકવાને જોઇએ તે પણ કોઈનું જૂનું ખાસડું પડેલું હશે તે લાવી ઢાંક્યું.

આ બધી ચર્ચા પેલો સુતેલો બ્રાહ્મણ જોયાં કરતો હતો તે બેઠો થઈ બોલ્યો, અરે! તું કોણ છે? તું જાતે કોઇ ચંડાળણી છે કે શું? તારો ચુલો, વાસણ, ખાવાનું સર્વ અપવિત્ર છેજ, અને વળી આ જૂનું ખાસડું લાવીને ઢાંક્યું!! પેલી ચંડાળણીએ જવાબ આપ્યો. મહારાજ! આતો મારો ખોરાક છે તેને તમે કેમ વખોડો છો. એ ખાસડું મેં એટલા માટેજ ઢાંક્યું છે કે—આ તળાવ પાસે મોટો રસ્તો છે માટે કોઇ અધમ કામ કરનારો અહીં થઇને જાય અને તેના પગની ધુળ તથા પડછાયો મારા ખાવાના ખોરાક ઉપર પડે તો તે અપવિત્ર થઇ જાય તે માટે આ ખાસડું ઢાંક્યું છે.

અરે ચંડાળણી! તારા કરતાં તે વળી કોણ વધારે પાપી અને અધમ છે! બ્રાહ્મણે કહ્યું.

મહારાજ! મારા કરતાં પણ વધારે પાપી અને અધમ પોતાની દીકરીને પૈસા લેઈ પરણાવનાર છે. જે માણસ પોતાની દીકરીનો પૈસા લેઈ પરણાવે છે તે મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રા કરતાં ઘણો અધમ અને નીચ કામ કરનાર છે. ચં ડાળણીએ કહ્યું.—

આટલું સાંભળતાંજ પેલા બ્રાહ્મણ ભાઈ ચુપ થઇ ગયા, અને મનના વિચાર વધ્યા. અરે! દીકરીનો પૈસો આ માંસ કરતાં પણ ભૂંડો! અને ચંડાળણી કરતાં પણ હું વધારે નીચ અને અધમ લેખાઉં! અરેરે! કાળો કેર! એવો મનમાં કલ્પાંત કરી બ્રાહ્મણ ત્યાંથીજ ઉઠી વ્હેવાઇને ઘેર ગયો. જતાં માત્ર પેલી રૂપિયાની થેલી છોડી વ્હેવાઇ પાસે ઢગલો કર્યો. આ જોઇ વ્હેવાઈ વિચારમાં પડ્યા કે—આ શું? તેને રૂપૈયા ઓછા પડયા હશે. એમ વિચારી પેલા બ્રાહ્મણને કહ્યું તમને રૂપૈયા ઓછા પડયા કે શું! એમ નહિ થાય. તમારે વધારે સો બસો રૂપૈયા જોઇતા હોય તો લેઇ જાઓ, પણ મારા ઘેરથી ભાગી બીજે ઠેકાણે વિવાહ કરો તો અમારી આબરૂ જાય માટે બીજાને ત્યાં કરશો નહિ. આ સાંભળી પેલો બ્રાહ્મણ બોલ્યો કે—

ભાઇ! મારે તો તમારા રૂપૈયા બીલકુલ જોઇતા નથી. મેં કંઈ વધારે લેવાને રૂપૈયા પાછા આપ્યા નથી પણ એક નીચ ચંડાળણીના વચનરૂપી બાણના બોધથી તમને તમારા રૂપૈયા પાછા આપ્યા છે. તમે તમારે સારૂં લગ્ન જોવરાવી નક્કી કરી પરણાવવા સારૂ વ્હેલા આવજો. હું કંકુના ચાંલ્લે કન્યા દેઇશ, મારે હવે દીકરીની બદામ સરખી પણ હરામ છે, એમ કહી પો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાના ઘેર આવ્યો. તે બધી વીતેલી વાત સ્ત્રી વીગેરેને કહી. થોડા દિવસ પછી જાન આવી એટલે પોતાની દીકરીને પરણાવી દીધી. એક બદામ પણ તેની લીધી નહિ. આ વાત આખા ગામમાં પ્રસરી, તેની રાજાને ખબર થઇ, રાજાએ બ્રાહ્મણને બોલાવી પૂછ્યું કે તારી થયેલી વાત કહી દે, ત્યારે બ્રાહ્મણે પોતાની વીતેલી હકીકત સંભળાવી. રાજા સર્વ હકીકત સાંભળી ખુશી થયો અને તેને શાબાશી આપી તે ઉપરાંત શિરપાવ આપ્યો. ગામમાં ઢંઢેરો પીટાવી જાહેર કર્યું કે મારા રાજ્યમાં રહી કોઇએ કન્યાવિક્રય કરવો નહિ, જે કરશે તેને દેશપાર કરવામાં આવશે.

મારા વ્હાલા મિત્રો! ઉપરના દ્રષ્ટાંતથી વિચારો કે कन्याविक्रय કરવો એ કેવું નીચ કામ છે. તે ધ્યાનમાં આવશે.

આ પ્રમાણે વકીલાતની પરીક્ષામાં પાસ થયેલા મોહનલાલે ભાષણ આપ્યું, તે સાંભળી વસંતપુરના સર્વ ગૃહસ્થો ખુશી થયા અને હર્ષથી તાળીઓના અવાજમાં વધાવી લીધા. ત્યાર બાદ વકીલ નંદલાલ નામના એક ગૃહસ્થે નાતની સભામાં ઉભા થઇ ભાષણ કર્યું કે:—

જૈનભાઈઓ અને જૈન બહેનો! હું મારી શક્તિ મુજબ કંઇક નાતના કલ્યાણને માટે બોલીશ તે આપ કૃપા કરી શ્રવણ કરશો. કેટલીક નાતોમાં અરસપરસ સાટાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી સામસામાં લગ્ન કરવાનો રીવાજ છે, તેપણ તેવોજ પાપી અને હાનિકર્તા છે. કોઇ એમ કહેશે કે-અમો દીકરીના પૈસા લેઈએ નહિ પણ જ્યારે દીકરાને પરણાવીએ ત્યારે દેવા પડે માટે તેનું શું કરવું? તેનો એટલોજ જવાબ કે ભાઇઓ! આપણા દીકરાનું શું થશે તેનો વિચાર નહિ કરતાં ફક્ત એટલુંજ કરવું કે પોતાના દીકરાને ભણાવી ગણાવી સારાં લક્ષણવાળાં કરવાની કાળજી રાખવી તો તે એમની મેળે પરણશે. વળી જ્ઞાતિમાં લેવા દેવાનો રીવાજ કર્યો હોય તો પછી દીકરાના શા માટે આપવા પડે? સારાં કૃત્ય કરવાથી સારૂજ થાય છે. પાપ કરી સુખ મેળવવાની ઇચ્છા કરવી તે અગ્નિમાં પડી જીવતા રહેવાના વિચાર સરખું છે.

કન્યાવિક્રયનો પૈસો લેઇ ધનવાન્ થવાની ઇચ્છા રાખવી તે ખોટું છે, એવા પૈસા લેનારની સ્થિતિ તરફ વિચાર કરશો તો બહુ ભૂંડી માલૂમ પડશે. પૈસો આવે ત્યારે તો સારો લાગે પણ અંતે "ચાર દહાડાનું ચાંદરણું" તેની પેઠે પાછું તેવુંને તેવુંજ. "જેવે રસ્તે પૈસો આવ્યો હોય તેવે રસ્તે જાય છે." તે પ્રમાણે અધમ રસ્તે મેળવેલો પૈસો સારે રસ્તે ભાગ્યેજ જાય છે. કન્યાવિક્રયનો પૈસો દુર્વ્યસન, વેશ્યા, ચોરી, લૂટ વિગેરેમાં જાય છે અને દીકરાને પરણાવતાં દેવા પડે છે. ઘરમાંથી કોઈની સ્ત્રી મરી જાય છે તેને ફરી પરણાવવામાં પૈસા આપવા પડે છે. અયોગ્ય રીતે ખાવા પીવામાં કોઇ અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાનક વરો આવી પડે તેમાં. એમ અનેક માર્ગે કન્યા વિક્રયનો પૈસો જાય છે. જેમ નદીનું પૂર ક્ષણમાં આવી ક્ષણમાં ચાલ્યું જાય છે તેમ કન્યાવિક્રયનો પૈસો નદીના પૂર સરખો થોડી મુદત ટકી શકે છે અને મૂળની મૂંડીનો પણ 'નવું પૂર જુનાને તાણી જાય.' તેમ નાશ કરે છે.

કન્યાવિક્રય કરવાવાળા કન્યાદાન દેવા બેસે છે તે ન્યાયથી જોતાં વ્યાજબી નથી; કારણકે તેણે ક્યાં ખરૂં કન્યાદાન દીધું છે? તેણે તો વિક્રય કરેલો છે માટે તેનું દાન દેવું આ ઠેકાણે ક્યાં રહ્યું?

એક નાગર ગાગર ભરાય એટલા રૂપિયા લેઇને પછી કન્યાદાન કરવા બેઠો ત્યારે ગોરે કન્યાદાન અપાવ્યું. પછી કન્યાના બાપ પાસે કહેવરાવ્યું કે 'મયાદત્તા' મેં કન્યાદાન કર્યું. કન્યાની મા પાસે કહેવરાવ્યું કે 'મયાપિદત્તી' મેં પણ કન્યાદાન કર્યું. પશ્ચાત્ ગોરે વરને કહ્યું કે તમે કહો કે 'મયાપ્રતિગૃહિતા' મેં કન્યાદાન લીધું, ત્યારે વરે ગોરના કાનમાં કહ્યું કે 'બંદા ખરીદ કરકે લેતા હે.' જુઓ! એનું નામ કન્યાદાન કહેવાય નહિ પણ કન્યાને વેચી કહી શકાય છે.

## विनाशकाळे विपरीत बुद्धिः

વિનાશકાળે મનુષ્યની વિપરીત બુદ્ધિ થાય છે એ ખરૂંજ છે. કહ્યું છે કે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



असंभवंहेममृगस्यजन्म, तथापिरामोलुलुभेमृगायप्रायः॥
समायन्नविपत्तिकाले, धियोपिपुंसांमलिनोभवन्ति॥१॥

ખરૂંજ છે કે વિશાલકાળ પ્રાપ્ત થતાં માનવોની વિમલમતિ પણ અન્યાયપંથ ગતિને આશ્રય કરવા અતિપણું ધરાવે છે. જો એમ ન થતું હોય તો સુવર્ણના મૃગનો જન્મ અસંભવ છે છતાં રામચંદ્ર તે મૃગને મારે ધનુષ ધરી, આ મૃગ હેમનો છે, તેને મારૂં. એમ વિચારી ધાવિત થયા હતા તે શું? વિપરીતકાળજ. માટે પૂર્વોક્તકાળ પ્રાપ્ત થતાં વિદ્વજનોની મતિ પણ વિપરીત પણાને પામે છે; એમાં અસંશનીયપણું છે.

જ્યારે હિંદુસ્થાનમાં મુસલમાની રાજ્ય થવાનો સમય આવ્યો ત્યારે રજપૂતોની અરસ્પરસ ફાટાફૂટી થઇ અને મુસલમાની સત્તા તળે હિંદુસ્થાનનું તખ્ત દિલ્લી ગયું. તેમ મુસલમાનોનો જ્યારે કુદિન આવ્યો ત્યારે ઇંગ્લીશ લોકો હજારો ગાઉથી અત્રે આવી સ્વસત્તા પરાક્રમ વડે કરી હિંદુસ્થાનમાં પ્રવેશ કરી સુરત વિગેરે ઠેકાણે વેપારની કોઠીયો ઘાલી ધીમે ધીમે વેપાર વિગેરેમાં કુશળ થતાં રાજ્યમાં પણ પ્રવેશ કર્યો અને લશ્કર બનાવી નાનાં ગામ તાબે કરતાં અંતે મોટાં રાજ્યમાં પણ મૂખ ઘાલ્યું અને સંપ ઉદ્યોગ કળા પરાક્રમ ધૈર્યથી આખું હિંદુસ્થાન પોતાના વશમાં કરી લીધું. જુઓ કે સન ૧૮૫૭ ના બળવામાં સૂડીભર અંગ્રેજ લોકોના સા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સું દેશી લશ્કર તથા રાજાઓ હતા તોપણ તેમનું કંઇ ચાલ્યું નહોતું. જુઓ કે એ લોકો હિંદુસ્થાનમાં આ વ્યા ત્યારે કોઇ તેનું સગું નહોતું, કોઇના તેડાવ્યા પણ આવ્યા નહોતા, ફક્ત તેમણે ઉદ્યોગ, સંપ, ધૈર્ય, કળા અને બહાદુરીથી હિંદુસ્થાનનું રાજ્ય પ્રાપ્ત કર્યું છે. આ પણી પેઠે તે લોકો અરસ્પરસ એક બીજાની અદેખાઇ કરતા નથી અને સંપીને ચાલે છે. જુઓ કે કોઇ ઇંગ્લીશ ભીખ માગતો દેખ્યો છે. આપણે જે અંગ્રેજ લોકોનો પહેલાં તિરસ્કાર કરતા, તેમને અડતાં આભડછેટ માનતા, તેમની પણ આજ એવી દશા થઇ કે તેમની મુલાકાત દેવદર્શન જેવી થઇ પડી છે; એ સર્વ ન્યાય, નિતિ, ઉ-દ્યોગ, સંપ. પોતાના ધર્મી ભાઇઓને ઉન્નતિમાં જીવન આપવું, એમાંજ જૈનોની ઉન્નતિ સમાઇ રહી છે. જૈનો માં કન્યાવિક્રય જેવા ખરાબ રીવાજોથી કોણ જાણે હજુ આગળ કેવી દશા થશે? કેટલાક તો 'જે કર્મમાં લખ્યું હશે તે થશે' એમ માની આળસુ બની ગયા છે. પોતા ની સોબતમાં આવનારને પણ આળસુ બનાવે છે અને જૈનોની ઉન્નતી ઇચ્છવાની તો કોરે મૂકી પણ તેનું સારૂં થતું જોઈ રાજી પણ થતા નથી. હાલમાં એક અવાજે કબુલ કરવું પડશે કે, કોઇ જૈનોમાં કરોડાધિપતિ નથી તેમ કોઇ રાજ્ય સત્તાવાળો પણ નથી, કોઇ જૈન પૈસા દાર હોય તો તેને દેખી બીજો તેની અદેખાઇ કરે છે. અહો! કેવી અધમતા! જૈનો મુખથી દયા દયા પોકારે

For Private And Personal Use Only

પણ પોતાની જાતીના જૈની સગાવહાલાને ખાવાને અન્ન મળતું હોય નહી, કોઇ વેપાર કરતો ના હોય તોપણ તેની દયા નહિ.

## ज्यां कीर्तिना वाचका त्यां दोडधाम.

જૈનશાસ્ત્રમાં કીર્તિને માટે ધર્મકામ કરવું નહિ એમ ફરમાવ્યું છે, જે કરવું તે કર્મના નાશને માટે અને મુક્તિપદ પ્રાપ્ત કરવાને માટે. પણ હાલ જૈનોમાં એક વિજળીક વિચાર અનુસર્યો છે, તે એકે આપણું નામ થાય તેમ કરવું. દેરાશર બંધાવવાં તેમાં પણ પોતાના નામનું એન્જીન આગળ ને આગળ, કોઈ ટીપમાં પણ નામની ખાતર રૂપૈયા ભરવા, જમવું, જમાડવામાં પણ નામની ખાતર દોડધામ થઇ રહી છે, આથી એમ કહેવાનું નથી કે સર્વ જૈનો નામના ભૂખ્યા છે. ઘણા ભાગ્યવંતો સ્વધર્મના ભૂખ્યા છે. "બહુ રત્ન વસુંધરા" દુનિયામાં ઘણાં રત્ન છે, જૈની ગરીબ રાંડી રાંડોને છાનામાના અન્ન વિગેરે આપતાં અવળુ મુખ કરીએ અને સગા વ્હાલાને પરાણે પરાણે જમતાં પણ બે કોળીયા વધારે જમાડીએ. કહો કેવી અધમતા? કોઈ જૈન ગરીબ હોય અને તેને પોતાને ત્યાં નોકરીમાં રાખવા તથા તેને પાંચ પચ્ચીશ રૂપૈયાની મદદ કરી ભણાવવા મુખ મચકોડીએ અને એક નાતવરામાં હજારો રૂપિયા ઉડાડી મુકીએ, ગાડીઘોડાના ઠાઠમાઠમાં બારમાસે પાંચહજાર રૂપિયા ખરચી નાંખીએ, પાંચ પચ્ચીશ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈની છોકરાઓને ધંધામાં લગાડતાં તલપાપડ થઇ જઇએ અને કોઇ કલેકટર સાહેબની પધરામણીમાં હજારો રૂપિયા ખરચી નાંખીએ ત્યાં તો કીર્તિના બાચકા મળે અને જૈની છોકરાઓને ધંધામાં લગાડતાં શું મળે? એમ પામર જીવો પૈસા પુણ્યોદયથી પામ્યા છતાં પણ કીર્તિના આવેશમાં લોભાય છે.

આપણા સગાઓને, આપણા મિત્રોને, આપણા વ્હેવાઇઓને આપણે બળાત્કારથી ખવરાવીએ છીએ, તેઓનું પેટ ભરાઈ ગયું હોય તોપણ જોરાવરીથી ખવરાવીએ છીએ, તેઓને બદામી હલવો અને બાસુદી ભાવે નહીં તોપણ ખવરાવીએ છીએ અને તેઓ જમવા આવવાની ચોખ્ખી ના પાડે તોપણ ઉપરા ઉપરી તેડાં નોતરાં કરીને, જોર કરીને, ગુસ્સો કરીને, સમ ખવરાવીને, શરમાવીને પણ તેઓને તેડી લાવીએ છીએ, પણ આપણા સ્વધર્મી બંધુઓને ખાનપાનના સાંસા પડતા હોય તો પણ તેના સામું જોઇએ નહિ એ શું કેટલી નિર્દયતા ?

આપણે ઘેર જ્યારે પુત્ર પુત્રીને પરણાવીએ ત્યારે હજારો રૂપિયા ખરચી નાંખીએ અને દારૂખાનું ઉડાડી સો બસે રૂપિયાના ધુમાડા કરી નાંખીએ પણ એક પોતાની નાતના જૈનધર્મી બાલકને ધંધે લગાડવા તથા તેને ભણાવવા બે દરકારી રાખીએ, જુઓ કેટલો બધો જુલમ? આપણો ધર્મોન્નતિમાં કેટલો ઉત્સાહ? તે વિચારો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ख्रीस्ति थता देशीयो तेनुं शुं परिणाम आवशे?

હાલના વખતમાં અંગ્રેજોની સાથે તેમના ખ્રીસ્તિ ધર્મે પણ હિંદુસ્તાનમાં પ્રવેશ કર્યો અને પાદરીઓએ મોટી મોટી શાળાઓ ઉઘાડી ગરીબોને આશ્રય આપ્યો છે તે એવી શરતથી કે, ખ્રીસ્તિ ધર્મને સ્વીકારવો. તે લોકોના ઉત્તમ ઉદ્યમથી, ઉત્સાહથી અને સંપથી ઘણા નીચ વર્ણના લોકો દરવર્ષે વટલી વટલીને હજારો ખ્રી-સ્તિ થતા જાય છે તેથી જૈનીઓને વિચાર કરવા યોગ્ય છે. ધર્મના યોદ્ધારૂપે ને તમારા સામા ઉભા રહી તમારા જાતિ ભાઇઓને આગળ જતાં વટલાવશે.

વિક્રમ સંવત ૧૯૫૬ ની સાલના દુષ્કાળમાં ખ્રીસ્તિઓએ ઘણાં છોકરાં તથા છોકરીઓને ધર્મ સ્વીકારવાની ખાતર આશ્રય આપ્યો, આગળ જતાં તે સર્વે કેળવણી લઇ સારી સ્થિતિ ઉપર આવી જશે. અમુક ઠેકાણે ખ્રીસ્તિ અનાથાશ્રમમાં હજાર છોકરાં છોકરીઓ અભ્યાસ કરે છે, તેમને વિશેષ અભ્યાસ થતાં સારાસારા હુન્નરો શીખી તેઓ મોટી પદવીએ જશે, ત્યારે તે લોકો ખ્રીસ્તિ ધર્મને માન આપી તમારા સામી કેવી દ્રષ્ટિથી જોશે તેનો વિચાર કરો. એ લોકોએ ધર્માભિ-માનથી ઢેડ વિગેરે લોકોની શાળાઓ ઉઘાડી છે અને તેમને ખ્રીસ્તિઓ બનાવવા માંડ્યા છે તેથી આગળ જતાં દામ ખર્ચતાં ઝાડું વાળનાર પણ તમને નહિ મળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શો. તે તો વાત થશે, પરંતુ અત્યારે જે તમો તેઓને નમાવરાવો છો પણ હવે તેઓને સાહેબ કહેવાનો તમારે વખત આવશે. આજકાલ કરતાં હાલમાં આ દેશમાં પગ દીધેલા ખ્રીસ્તિ ધર્મમાં લાખો માણસો ભળી ગયાં છે, અને જૈનધર્મ કે જે સત્ય ધર્મ તેમાંથી સંખ્યાનો ઘટાડો થતો જાય છે. કેટલાક ગોસાઇના ધર્મમાં ગયા, કેટલાક સ્વામિનારાયણ થયા, અજમેરમાં વિષ્ણુધર્મી કેટલાક ઓશવાળો થયા છે, ઉદેપુરમાં દશાવર્ષમાં કેટલાક આર્ય સમાજી પંથમાં તથા અન્યમતમાં કેટલાક પ્રવેશ કર્યો છે, વિજાપુરમાં પહેલાં દેશાઈ લોકો સર્વ જૈની હતા અને તેમનો ઉપાશ્રય પદ્માવતીના દેરાશરે હતો, તેમાંના ઘણાખરા વિષ્ણુભક્ત બની ગયા છે; કાઠીયાવાડમાં કેટલાક સ્વામિનારાયણના પંથમાં ભળી ગયા છે, તો કેટલાક થીઓસોફીકલ સોસાઇટીમાં જોડાયા છે અને તે મત એનીબિસન્ટે કાઢેલો છે, તે અમદાવાદ જુઓ. આટલું બધું થવાનું કારણ—ધર્મગુરૂઓની અકાળજી, બેદરકારીપણું, અનુદ્યોગતા ને મિષ્ટભોજન જમી સુખશયનતા આળસુ શત્રુના પંજામાં ફસાવાપણું ને ઉદ્યોગરૂપી મિત્રની સાથે કલહપણું, ધર્મડોળ દેખાડી "સ્વયમેવની" ધર્મની કેટલી કરતણુતા તે પ્રત્યક્ષાનુભવ કરો.

## समानधर्मीजनो प्रेम.

એક સત્યધર્મ સ્વીકારનારા જૈની ભાઇઓનો અત્યંત પ્રેમ અરસપરસ હોવો જોઇએ. કારણ સંપથી અ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેષ સુખસંપદા પ્રાપ્ત થાય છે. ઉદાહરણ –

संपे संपति सांपडे, लाज वखाणे लोक ॥
संप नाहि जे गृह विषे, ते घर हरनीश शोक ॥१॥

સગાના કરતાં પણ તેમના ઉપર અત્યંત પ્રીત ધારણ કરવી, સગા ભાઇઓ કરતાં પણ ધર્મીભાઇઓને અત્યંત ગણવા, તેમને સંકટમાં સ્હાય આપવી, તેમને ધર્મમાં સ્થિર કરવા પણ ભીખારીની માફક તેમની સાથે વર્તણુક રાખવી નહિ. જે કંઈ વૈભવ આ ભવમાં પ્રાપ્ત થયો છે તે સાધુઓની તથા શ્રાવકોની પૂર્વભવમાં ભક્તિ કરવાથી થયો છે, અને તેમને જો આપણે પ્રેમથી તથા બહુમાનથી કંઈ પણ સ્હાય નહિ આપીશું તો પરભવમાં શું લેઈ જવાના ? અલબત કંઈ નહિ. માટે જૈનીઓને વેપારમાં સ્હાય કરવી, તેમને ભણાવવા, ગણાવવા, એ આપણી ફરજ છે તે અદા કરવી જોઇએ.

પ્રતિદિન જમાનો બદલાતો જાય છે તેમાં અન્ય ધર્મીઓના સપાટામાં આપણા જૈનબંધુઓ સપડાય નહિ અને ઉત્તમ સ્થિતિ પામતા જાય તેમ પગલાં ભરવાં એ જૈનોને ઉચિત છે. મોહનલાલ ભાઇએ કન્યાવિક્રય સંબંધે જે વિવેચન કર્યું છે તે ધ્યાનમાં લેવા યોગ્ય છે. જુઓ કે અમુક ગામમાં અમુક માણસે કન્યાના પૈસા ખાધા તો તેની ખરાબ સ્થિતિ થઈ અને ઘેર તાળુ વસાયુ, એમ હજારો દાખલાઓ પ્રત્યક્ષ દેખવામાં આવે છે; માટે મહેરબાન નગરશેઠ આજરોજ તે સં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધી કાયદો ઘડવો જોઇએ કે જેથી આ "પાપી પગલાંનો પ્રનાશ થાય."

આ પ્રમાણે કહી નંદલાલભાઇ વકીલ બેશી ગયા કે તેમને આનંદથી વધાવી લીધા. ત્યારબાદ ધર્મચંદની પુત્રી કમળા (જે વૃદ્ધ તેલીને પરણાવી હતી, ને તેલી મરી જવાથી વૈધવ્ય પ્રાપ્ત થયું હતું તે) નાતની મહા સભામાં ઉભાં થઇ બોલી કે—

મને તેલીને ત્યાં મારા બાપે રૂપિયા લઈ પરણાવી, તેલીએ પોતાના ઘરની માલ મિલકત સઘળી મારા બાપને આપી પોતે પરણ્યા. હવે તેઓ ગુજરી ગયા છે, પાછળ કંઇ પણ મારા માટે ખાવા મૂકી ગયા નથી, અને વળી મને ખાવાની વખો (હરકત) પડે છે, એમ કહેતાં કહેતાં રોતાં રોતાં બેશી ગઇ. આ સાંભળી સૌને અશ્રુધારા વહેવા લાગી.

હરિચંદ શેઠે પછી સત્વર સભામાં બેઠેલા લોકોની સંમતિ લેઇ એક કાયદો ઘડી સર્વને સંભળાવવા ઉભા થઇ બોલ્યા કે:—

આપણી નાતમાં આજસુધી કેટલાક કુધારાથી નાતને જે હરકત પહોંચી છે, તથા કેટલાક સુધારા હાલના જમાનાને અનુસરી કરેલા નથી, તેથી નાતની થતી ઉન્નતીમાં પડતી અડચણને દૂર કરવાને આજ સુધીના અનુભવથી તથા આપ નાત સમસ્તની સંમતિથી ઠરાવ કરવામાં આવે છે કે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે હવેથી દીકરીને વેચી પૈસા ખાશે તેને નાત બહાર મૂકવામાં આવશે.

આ ઠરાવ સાંભળી સર્વ ગૃહસ્થોએ શેઠને તાળી ઓના અવાજથી વધાવી લીધા ને માંહોમાંહે વાતો કરવા લાગ્યા કે, હવે આપણો ઉદય દિવાકર પ્રકૃષ્ટપ્રભાથી સુખગિરી આરોહણ કરતો દેખાશે એમ લાગે છે. આવા નગરશેઠથી નક્કી આપણી સ્થિતિ ચઢતી થશે, ઠીક કર્યું; પાપીઓ પોતાની દીકરીના પૈસા ખાતા હતા તે હવે ખાતા બંધ પડ્યા. હવે "ઘોના પાપે પિંપળો બળશે નહિ." પહેલાં જો આવા નગરશેઠ થયા હોત તો કેવું સારૂં! હશે જે થયું તે ઘણું સારૂં થાય છે.

એવામાં વિરચંદ નામના નામાંકિત વૃદ્ધ ગૃહસ્થ સભામાં ઉભા થઈ સંભાષણ આપવા ઉભા થયા. તેમની ઉમ્મર સિતેર વર્ષ ઉપરાંતની હતી. જૈનોની ઉન્નતિ કેમ થાય!! તત્સંબંધીના વિચારોના પ્રવાહમાં તેમનું મન લીન હતું, નાની નાની પાયરીથી મોટી પાયરી કેમ પ્રાપ્ત થાય તે બાબતમાં તેમના વિચાર પક્કા અને અનુભવી હતા, તેમનાં વચનો સાંભળવાની શ્રોતાઓને ઘણી આકાંક્ષા હતી. તેઓએ નીચે પ્રમાણે ભાષણ આપ્યું.

મારા ધર્મસાધક સદ્ગૃહસ્થ મિત્રો! હું સ્વમત્યાનુંસારેણ યત્ કિંચિત વદુ છું તે ઉપર ધ્યાન આપશો.

ગૃહસ્થ મોહનલાલભાઇએ ને નંદલાલભાઇ નામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના વકીલોએ જે વિષય ચર્ચ્યો છે તેનો ફેલાવો આખા દેશમાં થવો જોઇએ, અને તે સંબંધી ચર્ચા જૈનોની ભરાતી કોનફ્રેન્સમાં થશે તો સારૂં પરિણામ આવશે. હું ધારૂં છું કે હવે આપણા જૈનો ઉંઘમાંથી જાગ્યા છે, અને તેમનાં ફળ તેમનાં બાળબચ્ચાં ભોગવશે.

કન્યાવિક્રયથી પુનર્લગ્નને ઉત્તેજન મળ્યું છે, અને મળશે; માટે કન્યાવિક્રયરૂપ પાપી વૃક્ષનું મૂળ જડમૂળથી ઉખેડી નાંખવું જોઇએ. દરેક જૈનોની ઉન્નતીમાં પોતાની ઉન્નતી સમાયેલી છે, માટે કાઠીયાવાડ વિગેરે દેશોમાંથી આ પાપી રીવાજ સમૂળગો નાશ પામવો જોઇએ. પાપનો પૈસો હાડકાંને હરામ બનાવે છે અને બુદ્ધિને બગાડે છે, તે ઉપર એક દૃષ્ટાંત સાંભળવા લાયક કહું છું તે શ્રવણ કરશો.

## ઉંટ અને મધુકરી.

એક ઉંટવાળાએ કોઈ ધર્મશાળામાં મુકામ કર્યો અને ઉંટને પોતાની પાસે બાંધીને સૂઇ રહ્યો, તે ધર્મશાળામાં કોઇ બાવો હતો, તે ગામમાંથી ભિક્ષા માગી લાવેલો, તેમાંથી અર્ધુંપર્ધું ખાઇ બાકીનું ઝોળીમાં નાંખી ખૂંટીપર લટકાવી મૂકી મધ્યાન્હસમય થવાથી જરા એક પડખે ઉંટવાળો તથા બાવો સૂઈ ગયા હતા. દરમિયાન ઉંટ છુટી ગયું, અને ખુંટી ઉપર રાખેલી મધુકરી (ભીક્ષા) ખાવા લાગ્યું. ઉંટવાળો જાગી ઉઠયો, અ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને જુએ છે તો ઉંટ ભિક્ષાના ટુકડા ખાતું હતું તે દીઠું. આ બનાવ જોઇ ઉંટવાળો પોકેપોક મૂકી રોવા લાગ્યા, તેથી સંત પણ જાગી ઉઠયો, ને ઉંટવાળાને પૂછયું તો બનેલી બીના જાણવામાં આવી. સંતને આશ્ચર્ય લાગ્યું. તે કહેવા લાગ્યો કે:—

હે ભાઇ! ભીક્ષા ખાઇ ગયું તેતો મારી વસ્તુ હતી તેમાં તું શાને રડે છે, હશે, જાનવર છે, છુટી ગયું ત્યારે ખાઇ ગયું. હું કંઈ તેનો દાવો કરતો નથી ને કંઇ લડાઇ ઝઘડો પણ કરતો નથી. હું વળી બીજું માગી લાવીશ. ભોળા ભાઇ રોશોમાં.

આ પ્રમાણે સંતનાં વચનો સાંભળી ઉંટવાળો બોલ્યો:-હું કાંઈ મધુકરી (ભીક્ષા) માટે રોતો નથી. હુંતો ઉંટ માટે રોઉં છું.

ભાઇ! ઉંટ માટે કેમ રૂવોછો! ઉંટતો સાજું તાજું છે. સંતે આશ્ચર્યતાથી પૂછયું.

ઉંટવાળો બોલ્યો:—ભાઈ ઉંટ મફતની વગર મહેનતની કરેલી ભીક્ષા ખાધી તેથી, તેની જીંદગી નકામી હરામ હાડકાંની થઈ. હવે તેનાથી કંઇ કામ નહિ થાય, કેમકે ભીક્ષાનો ટુકડો ખાનારનાં હાડકાં હરામ હોય છે, ને કોઈપણ પ્રકારની મહેનતલાયક તે હોતો નથી. ભીક્ષાના ટુકડાનો ( કડકાનો ) સ્વાદ એવો છે કે જેણે એક વખત પણ તેનો લાભ લીધો તેનું મન વારંવાર તે તરફ દોડયાં કરે છે ને મહેનત કરવી મોત સમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગે છે; વળી ઉદ્યોગથી ભ્રષ્ટ થાય છે, અને સ્વાર્થે પરાર્થે બંને બગડે છે. મારો પાંચસો રૂપૈયાનો ઉંટ આજે ભીક્ષાનો ટુકડો ખાવાથી ખરાબ થયો; હવે દિન પ્રતિ દિન મહેનત મજૂરીથી તે પાછો હઠી સુસ્ત બનતો જશે. આપનું નુકશાનતો હું આપી શકું છું પણ જે મારૂં નુકશાન થયું છે, તે કોઇ આપી શકનાર નથી. એમ કહી સાધુને બે દિવસના ખોરાકના પૈસા આપી ઉંટ વાળો ત્યાંથી વિદાય થયો.

ભાઇઓ! ઉપરના દ્રષ્ટાંતથી આપણે સાર એટલો લેવાનો છે કે—દીકરીને વેચી વકતાના પૈસા લેઇ ખાઇએ તેથી આખી જીંદગી બગડે છે અને રૌરવ દુઃખના અધિકારી થઇએ છીએ. જેમ તે ઊંટ એકવાર ભીખનો ટુકડો ખાવાથી હરામી હાડકાનું થયું, તેમ એકવાર દીકરાના પૈસા ખાવાથી ધર્મભ્રષ્ટ, જ્ઞાતિભ્રષ્ટ, કીર્તિભ્રષ્ટ, પુણ્યથી ભ્રષ્ટ બની પોતે મહા દરિદ્રી બને છે દીકરીનો પૈસો માંસ બરોબર છે, પૈસો ખાનાર નાતવરો કરે તેમાં જમનાર સર્વ દોષના અધિકારી બને છે; માટે કન્યાવિક્રયી નાતવરો કરે તેમાં જમવું યોગ્ય નથી. કેટલાક છાનામાના કન્યાઓના પૈસા ખાય છે, તે પણ અંતે દુઃખી થવાના. ઘણા દુઃખી થાય છે અને થશે, માટે દીકરીનો પૈસો ખાનાર સગો સંબંધી હોય તોપણ તેનાથી દૂર રહેવું, અને એવા કન્યાવિક્રયીઓને માટે સખ્ત ઉપાયો લેવા. તે પોતે બગડે છે અને બીજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓને બગાડે છે. જેમ પ્લેગના સંસર્ગથી બીજા પણ પ્લેગથી દોષીત બને છે તેમ અત્ર પણ જાણવું.

दुहा.

पुत्रीने परणावीए, कोडी न धरीए हाथ ॥
स्वशक्ति परणावीए, योग्य पुरुषनी साथ ॥१॥
कन्याविक्रय जे करे, लागे तेहने पाप ॥
दुःखी दरिद्री दोषी थई, पावे बहु संताप ॥२॥

કેટલીક નાતોમાં જાનને કન્યાનો બાપ પંદર અથવા દશ પાંચ દિવસપર્યંત રાખે છે, વળી તેટલી મુદત ને માટે જમણવાર પણ મુકરર કરેલાં હોય છે, તેમને કહીએ કે ભાઇ આવાં ખર્ચ કમી કરવાં તેમાં ભલું છે, ત્યારે કહે કે તમો શું સમજો? અમો અમારા વ્યવહાર ન કરીએ તો નાત જાત અમારાં લૂગડાં ફાડે અને હલકા પડીએ. લુંદો ખાવો ને ખવરાવવો, એ ન કરીએ તો લોકોમાં અમારી આબરૂ જાય. તેને કહેવાનું કે ભાઈ! દીકરીને વેચવાથી શું આબરૂ નથી જતી? તે પાછું વળી જમણ કરી આબરૂ જાળવવા બાકી રહે એક જમણ ઓછું કરવાથી ભાઈની લાજ ના જાય અને ખર્ચ તો બધું દીકરીને વેચીને લીધેલા પૈસામાંથી કરવાનું છે. જો જો જૈનીઓની અને હિંદુઓની લાજ વ્યવહાર જાળવવાની રીતિ!!! દીકરીને વેચીને વ્યવહાર રાખવો એના કરતાં અધમમાં અધમ, પાપીમાં પાપી નીચ વ્યવહાર કયો!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## मुसलमानो दीकरीने वेचता नथी.

માંસના ખાનારા અને ઈદના દિવસે બકરીઓના ગળે છરી મૂકનાર વહોરા મુસલમાન પણ પોતાની દીકરીને વેચી તેના પૈસા ખાતા નથી, જે જૈનો કન્યાઓના પૈસા ખાય છે તે મુસલમાન કરતાં પણ ભૂંડા કેમ ઠરે નહિ ? કારણ કે જે મુસલમાનોને જૈનોને જેટલી દયા નથી, વિવેક નથી તોપણ એક ખુદા ઉપર વિશ્વાસ મુકી પોતાની દીકરીની દયા કરી પૈસા ખાતા નથી તેના કરતાં જે ધર્મમાં અત્યંત દયા છે અને દયામય જૈનધર્મના ભક્ત એવું નામ ધારણ કરે, અમો શ્રાવક છીએ એમ કહી કપાળમાં કેશરીયાં ટીલાં કરી શીરો ઝાપટવા મંડી જાય અને પોતાની દીકરીઓના પૈસા ખાય, તેણે મુસલમાન કરતાં ભૂંડું કર્યું એમ કહેવાય નહિ ! પારસી લોકો પણ પોતાની દીકરીને પૈસા લેવાની ખાતર પરણાવતા નથી. દીકરીનો પૈસો પોતાના માંસ બરોબર સમજે છે, તેમ છતાં આપણા જૈનોમાં "ઢમઢોલ અને માંહુ પોલ"ની પેઠે આટલું બધુ અંધેર ચાલે છે. કોઇની આંખો ઉઘડતી નથી. અરે! જૈનવર્ગ પડતી દશા ઉપર આવ્યો, તોપણ આપણે 'પોષ મહિનાનું પાણી' તેની પેઠે ઠંડા બનીશું ત્યારે આપણી ઉન્નતી કેમ થશે ? જુઓ કે કન્યાવિક્રય જ્યારથી પેઠો ત્યારથી તે દેશની પાયમાલી, તે જ્ઞાતની પાયમાલી થતી આવી છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારથી જૈનોમાં કોઈ કરોડાધિપતિ પણ થયો નથી. પહેલાં કન્યાવિક્રય થતો નહોતો તેથી લોકો ઘણા સુખી હતા.

બીચારું ગરીબ માણસ દશ પંદર વર્ષપર્યંત પરણવાની લાલચે વેપાર કરી કરીને પાંચ હજાર રૂપિયા કન્યાના બાપને આપ્યા, કન્યા પરણીને ઘેર આવ્યો, એ દશામાં કેટલાક દિવસે તે કન્યાનો પતિ મરી ગયો, હવે બિચારી પેલી સ્ત્રી શું ખાય? પોતાના બાપને કેવી કુઆશિષ આપે? તે વિચારો. બાપે દીકરીનો કંઇ સ્વાર્થ તકાસ્યો નહિ, માટે દીકરીનો વૈરી કેમ કહી શકાય નહિ? અલબત તે દીકરીનો વૈરી જાણવો. એવા કન્યાવિક્રયના કુચાલનો જડમૂળથી નાશ થવો જોઇએ.

બુઢ્ઢાઓને બાળકીઓ દેવી તે પણ એક નિંદ્યકર્મ છે, કારણ કે યુવાન બાળકીનો સ્વાર્થ તેનો પિતા તાકતો નથી. કોઇ મને એમ પ્રશ્ન કરશે કે—"શું તેનો પિતા દીકરીનો સ્વાર્થ તકાસતો નથી? ત્યારે શું પોતાનો સ્વાર્થ તકાસે છે? પૈસાદાર હોય પણ ઘરડો હોય તેથી બાળકીને ત્યાં દેઇએ તો તેને પૈસા બાબતની કંઇ પણ અડચણ પડે નહિ, ખાવા પીવાની લહેર પડે, અને તે કદાપિ રાંડે તોપણ બીજાઓની પેઠે કોઇને ત્યાં ભીખ માગવા તો જવી ન પડે! બિચારી બેઠી બેઠી ખાય ને તેના આત્માને શાંતિ મળે, એટલે આપણને મોજ કરતી હમેશ સારી દુવા દે. ધર્મ, દાન, પુણ્ય પણ કરે, પૈસાદાર હોવાથી જેટલું કરવું હોય તેટલું થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે. શું આથી દીકરીના સ્વાર્થ તરફ તેના પિતાની ઓછી કાળજી છે ?"

જો આ પ્રમાણે કન્યાના પૈસા ખાનાર તેના (કન્યાવિક્રય કરનારના) ભક્તો કહે તો તેને માટે હું કહું છું કે, શું તમે તમારી દીકરીનું સુખ તકાસ્યું? હા હા! એ શું કામ છે! પહેલોજ તેનો વૃદ્ધ ધોળીદાઢીયુક્ત વર. તેનું મરણ થોડા દિવસમાં થાય અને મરે ત્યારે પોતાની દીકરીને વિધવાનાં લૂગડાં પહેરવાં પડે એ શું તેનું હિત તકાસ્યું કહેવાય? દીકરીને પહેલું સુખ તો એજ છે કે પોતાનો પતિ ઘણાં વર્ષ સુધી જીવે. નાનો દીકરી અને રાંડી, હવે તેની જુવાન અવસ્થા હોવાથી વ્યભિચારકર્મ પણ કરે, તેનું કલંક કોને લાગે તે વિચારો. જુવાન પુરૂષની સ્ત્રી મરવાથી જુવાન પુરૂષને જેમ બીજી સ્ત્રી વિના ચાલતું નથી તો સ્ત્રીને પણ યુવાવસ્થા કુંરીત જાતવેલીને તે વેલીનો અનાઘ્રાત સુગંધ સુંઘનાર પતિ મધુકર વિના ચેન પડતુંજ નથી. માટે શાસ્ત્રાધાર પણ યોગ્યજ છે કેઃ—

## દોહરો.

રજની "રજનીશ્વર" વિના, શોભે નહિં રૂચિકાર;
યૌવનમાં શોભે નહિં, પતિ વિનાની નાર.

સ્ત્રીને પણ પતિ મરણ પામ્યા બાદ જુવાન અવસ્થા કાઢવી દુઃસહ છે, માટે બુઢ્ઢાઓને કન્યા પરણાવવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય લાગતી નથી અને બુઢ્ઢાઓએ પરણવું પણ જોઇએ નહિ.

હાલના વખતમાં પુનર્વિવાહ ઘણેખરે થવા લાગ્યો છે, અને સુધારાવાળાઓ પુનર્વિવાહને ઉત્તેજન આપેછે; તેઓ એમ કહે છે કે બિચારી અબળા જુવાનીપણાથી વ્યભિચારકર્મ કરી ગર્ભ ધારણ કરી છોકરો જણી તેને મારી નાંખે વા ગર્ભપાત કરે તેથી પુનર્વિવાહ કરવો એ ઠીક છે. એમ કહે છે તેનું મુખ્ય કારણ પૈસાદાર બુઢ્ઢાઓને બાળકીઓ પરણાવવી પણ જાણતા નથી કે લાકડામાં જવાવાળાઓને કન્યા આપવાથી શો ફાયદો છે તે અંધા થયા છતાં વિચારતા નથી. વળી કહ્યું છે કેઃ—ભલા! પતિ મરી જશે તો પૈસા તો બેઠી બેઠી ખાશે, પણ એ ઠીક નથી; કારણકે પતિ મરવાની પહેલી બુદ્ધિ તેજ ખરાબ છે. સમજુ અને ધર્મની શ્રદ્ધાવાળો જો કે ગરીબ હશે તો તેથી કન્યાને દુઃખ પડવાનું નથી, માટે દીકરીનું હિત ચિંતવવું હોય તો બુઢ્ઢાઓને કન્યા દેવી તે "લાકડે માંકડુ" વળગાડવા જેવું છે. તેમ કરવું એ નિંદ્ય કર્મ છે. વિધવા થયેલી દીકરીની ખરાબ આશિષ તેના માતા પિતાઓને ભેટમાં મળે છે, અને તેમ કરવાથી સંતતિનો પણ ઉચ્છેદ થાય છે. જુઓ કે હાલમાં સંતતિનો ઉચ્છેદ થતો ઘણેખરે ઠેકાણે લાગે છે, તેનું કારણ બુઢ્ઢાને બાળકી આપવી એજ.

વિવેકી અને સમજુ જૈન સદ્ગૃહસ્થોએ આ વિષય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર ખુબ લક્ષ ખેંચવું અને પોતાની દીકરીઓનું હિત ચિંતવવું. જેને પરણવાની ઇચ્છા દીકરીનેજ પણ થતી ના હોય તેની સાથે દીકરી પરણાવવી એ શું થોડું પાપ છે? ના થોડું નથી. આ કુરીવાજ જૈનવર્ગમાંથી નાશ પામશે એમ આશા રાખું છું. તેમાં જૈનવર્ગનું ઘણું હિત સમાયેલું છે તે સર્વ સદ્‌ગૃહસ્થોની જાણમાં છે તેથી મારે વિશેષ કહેવું તે યોગ્ય નથી. મારી કહેલી હકીકત સર્વ ગૃહસ્થો ધ્યાનમાં લેશો. એટલું કહી બેસવાની રજા લઉં છું. સર્વ જ્ઞાતિના ગૃહસ્થોએ આનંદના અવાજમાં શેઠ વીરચંદભાઇને તાળીઓથી વધાવી લીધા. સભા વીરચંદભાઇનું ભાષણ સાંભળી આનંદમય થઇ અને સભા વિસર્જન થઇ.

રસ્તે જતા લોકો અરસપરસ વાતો કરવા લાગ્યા કે નક્કી હવે જૈનધર્મની ઉન્નતી થશે. વળી બીજો એમ કહેવા લાગ્યો કે વાણીઆ બોલવામાં "લાલા લાખ તો સવાલાખ" ની કહેવત અનુસરનારા હોય છે પણ તેનો અમલ થાય તો સારૂ ફળ આવી શકશે. કોઈ વળી કહેવા લાગ્યું કે પ્રશસ્ય ઉદ્યમનું ફળ અવસ્ય મળે છે માટે અવસ્ય જૈનોની ઉન્નતી થશે.

વળી બીજા દિવસે ગામના નગરશેઠ હરીચંદના પ્રમુખપણા નીચે સભા મળી, તેમાં પાંચ હજાર પુરૂષ અને પાંચ છ હજાર સ્ત્રીયો મળી દશ અગીઆર હજાર માણસોની મેદની મળી હતી. ઉછરતા યુવાન, વૃદ્ધ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ઠરેલ પુરૂષમંડળ તથા સ્ત્રીમંડળથી સભાનું મકાન સુરમ્ય દેખાતું હતું. નગરશેઠ હરીચંદ્ર સભા વિષે ઉભા થઇ સંભાષણ કર્યું કેઃ—

સુજ્ઞ સભ્ય ગૃહસ્થો, અને મારી બ્હેનો! આપ સર્વેને આ રૂડા પ્રસંગે જૈનોની ઉન્નતી કેમ થાય? એ ઉપર વિવેચન ચલાવી તેના એયઉપાયો શોધી કાઢી અમલમાં મૂકી શકાય અને તેથી જૈનોની ઉન્નતી થાય તે માટે અત્રે નિમંત્રણ કર્યું છે, અને મારી તરફના નિમંત્રણને માન આપી આપ અત્રે પધારી મારા ઉપર જે પ્રેમ દર્શાવ્યો છે તે માટે આપનો આભાર માનું છું. જૈનોની ઉન્નતી થવામાં વિઘ્ન તરીકે પ્રથમ કન્યાવિક્રય હતો, તે બાબત આપ સર્વની સંમત્તિથી ઠરાવ થઈ ગયો છે અને હવે જૈનોની ઉન્નતી થવામાં બીજો એક કુધારો પડી ગયો છે, તેને માટે આજ આપણો વખત રોકવાનો છે. હું જે વિષય ચર્ચાવવા ચાહું છું તે વિષય "બાળલગ્નથી થતા ફાયદા અને ગેરફાયદા શા છે?" તે છે. આ વિષય ઉપર આ સભામાં બિરાજમાન થયેલા વિદ્વાન નરજનો યુક્તિપૂર્વક વિવેચન ચલાવશે એવી હું આશા રાખું છું.

**પ્રથમ પુરુષ**—બાળલગ્નનો રીવાજ અર્વાચીન છે, એમ હું મુકરર કહું છું; પણ એ રીવાજ શાકારણથી પડ્યો હશે? એ પ્રશ્ન જ્યારે યાદ કરૂં છું તો મારી વિચારશક્તિ મને એમ જણાવે છે કે, જે વખત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિલ્લીના તખ્ત ઉપર જૂલમી બાદશાહો તખ્તશીન થતા અને જુવાન બાળાઓનું હરણ કરી, બળા ત્કારથી પડાવી લગ્ન કરતા, ત્યારે લોકો તે ભય થી પોતાની દીકરીને નાની ઉમરમાં પરણાવી પોતાની દીકરી ઉપરની સંભાળ રાખવાનો નિત્ય નો બોજો દીકરીનાં સાસરીઆં ઉપર રહે ને પો તાના ઉપરથી ઓછો થાય તે કારણથી વહેલી પરણાવી દેતા. તેવા ઘણો દાખલાઓ પ્રાચીન અર્વાચીન ઇતિહાસો જોવાથી દેખવામાં આવે છે; તે સિવાય બીજો કાંઈપણ શાસ્ત્રનો આધાર બાળ લગ્ન સંબંધે જણાતો નથી. હું તો બાળલગ્નને વિકરાળ લગ્નની ઉપમા આપું છું; કારણ કે એમાં ફાયદો કંઇ દેખાતો નથી, ઉલટા કુફાયદા ભાષે છે. જે લોકો પોતાનાં છોકરાંને નાનપણમાં પરણાવે છે તેને હું મૂર્ખ જાણું છુ, અને તે દીકારાની શ-ત્રુતા કરનારાં છે, પોતાના પુત્રનું શરીર ખરાબ ક રનારાં છે, અને બાળકોનો નાશ કરનારાં પણ તે છે. તેવા માબાપોનું ભલું શી રીતે થઇ શકે.

**દ્વિતીય પુરુષ–સુજ્ઞો!** પ્રથમ પુરૂષે જે વાત કહી તેની હું તરફેણમાં છું, અને તેના એકેક વાક્યને હું સૂત્ર તરીકે સમજું છું. બાળલગ્ન કરવાથી છોકરા ઓની દુર્દશાના ઘણા દાખલાઓ મેં નજરે જોયા છે, તે ઉપર નીચે લખેલું દ્રષ્ટાંત જોયાથી આપ સુજ્ઞ જનોની નજરમાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તીથી ભરપૂર સુંદર અને જૈનમંદિરોથી સુશોભિત એક વિદ્યાપૂર નામના નગરમાં એક ધવલચંદ્ર નામના શેઠ લક્ષાધિપતિ હતા, તેમની કીર્તિ નગરમાં સારી હતી, તેમની વૃદ્ધાવસ્થામાં તેમને એક પૂત્ર થયો, તેનું નામ મનોહર પાડયું. મનોહર પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો. એક વર્ષનો થયો ત્યારે તેનીજ નાતના લક્ષ્મીદાસ નામના શેઠની ચંચળા નામની પુત્રી સાથે વિવાહ કર્યો. મનોહર એક વર્ષનો થયો ત્યારે તેની વહુ જે ચંચળા તે ત્રણ વર્ષની હતી. મનોહર સાત વરસનો થયો ત્યારે તેને શાળામાં ભણવા મૂકયો, ત્યાં કેળવણી ખાતામાં સરકાર તરફથી રાખેલા માસ્તરો અને સરકાર તરફથી કેળવણીખાતું સ્થપાએલું હોવાથી મનોહર દિન પ્રતિદિન અભ્યાસમાં આગળ વધવા લાગ્યો. જો કે શેઠનો પુત્ર હોવાથી માસ્તર તેને ધમકાવી શકતા નહોતા, તોપણ અત્યારે ભણવા ઉપર તેનું લક્ષ હતું. પોતાની બુદ્ધિ અનુસારે અભ્યાસ કરતાં કરતાં જ્યારે મનોહર દશ વર્ષનો થયો ત્યારે તે પાંચમી ચોપડીમાં દાખલ થયો. જેવો મનોહરનો અત્યારે ભણવા ઉપર લક્ષ હતો તેવો તેના બાપનો પણ ભણાવા ઉપર લક્ષ હતો. છોકરા પ્રત્યે કેવી રીતે વર્તવું તે બાબત શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

लालयेत् पंचवर्षाणि, दशवर्षाणि ताडयेत् ॥
प्राप्ते च षोडशाब्देतु, पुत्र मित्र मिवा चरेत् ॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચ વર્ષ સુધી અચ્છી રીતે પુત્રનું લાલન પાલન કરવું. બાલ્યાવસ્થાથી છોકરાઓને રમત ગમતથી બહુ સુખ મળે છે, તેનાથી તેનું શરીર ખીલે છે. બાલ્યાવસ્થા માં પુષ્ટ પદાર્થો ખાવાથી શરીરનો બાંધો મજબૂત બને છે, મોટા પદાર્થોનું જ્ઞાન રમત ગમતમાં બાળકોને આપવું, દશ વર્ષપર્યંત તાડના (તર્જના) કરવી, એટલે ભણાવવા ગણાવવા, તેમની ખરાબ ટેવો સુધારવી, દુનિયાનું સ્વરૂપ દર્શાવવું, મનુષ્યજન્મ પામીને શું શું કરવું તેનું જ્ઞાન આપવું, અસત્ય બોલવું, હોકો, ચલમ, બીડી આદિ કુવ્યસનમાં છોકરાને નાંખવા નહિ, અને તેમની એવી કુટેવો હરેકરીતે નાશ થાય તેમ કરવા પ્રયત્નો કરવા, અને સારી રીતે અભ્યાસ કરાવરાવવો. શોળ વર્ષ થતાં પોતાના મિત્રની પેડે તેની સાથે વર્તવું. પશ્ચાત્ તેમને આગળ અભ્યાસ પોતાની મેળે સૂઝે છે અને હિત અહિતને પોતાની મેળે સમજે છે. જ્યારે મનોહરનું ચિત્ત આ વખતે ભણવા ઉપર લાગ્યું હતું ત્યારે ચંચળાની રીત આથીજ બીજી દીશા તરફ હતી. માટે હવે જરા ચંચળાની હકીકતથી વાકેફ થઇએ.

ચંચળાની ઉમર આ વખતે તેર વર્ષની થઇ હતી. આ ગામમાં દસ બાર વર્ષની છોકરીઓને તથા દસ બાર વર્ષના છોકરાઓને પરણાવે છે, એવો રીવાજ પહેલાંથી પડ્યો હતો. ચંચળા લક્ષ્મીવાનના ઘરની પુત્રી હતી, તેની મા રાંધવા ખાવા પહેરવા વિના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજું કાંઇ સમજતી નહોતી, વિદ્યાભ્યાસ તો સ્વપ્ને પણ યાદ કરતી નહોતી. ગામમાં કન્યાશાળાઓ અને જૈનશાળાઓ છતાં ચંચળાને ભણવા મૂકતી નહોતી, અને જ્યારે કોઇ વિદ્યાભ્યાસથી આનંદ પામેલું ભણવા માટે લક્ષ્મણાને કહેતું, ત્યારે લક્ષ્મણા છણકા કરી આવનાર માણસને કહેતી કે મારી છોકરીને ભણીને ક્યાં રળવા કમાવા જવું છે? તેમ ધર્મનું ભણીને કંઈ સાધ્વી થઇ જવું છે કે જૈનશાળામાં ભણવા મોકલીએ? અને મારી છોકરીને ક્યારે ખતપત્ર કાગળ લખવા પડે તેમ છે કે તેને લખતાં વાંચતાં શીખવીએ? અમારે પૈસા છે તો નોકરી કરનાર, રાંધનાર રસોયા, નામુ લખનાર ગુમાસ્તા ઘણાએ મળશે. જ્યારે ભણાવું ત્યારે બીચારી સૂકાઈ જાય ને તમારા સરખી ચીપડી ને પાતળી સૂકલકડી થાય. તે મારે થવા દેવી નથી. ઇત્યાદિક કહેનારને સામી બોલી ધમકાવતી, તેથી તેને કોઇ કહી શકતું નહોતું. વળી બીજા કોઇ માણસે પણ તેજ પ્રમાણે કહ્યું કે તમારી છોકરીને ધર્મનું ભણવા મોકલો, અને લખતાં વાંચતાં આવડે માટે કન્યાશાળામાં મુકો; ત્યારે લક્ષ્મણા ઉપર પ્રમાણે કહેવા મંડી કે બળી એ નિશાળ રાંડની! એકની એક છોકરી અને તેને નિશાળનું દ્વાર દેખાડીએ એટલે જમનું દ્વાર દેખાડીએ. બીચારી જ્યાં નિશાળ જમનું દ્વાર દેખે એટલે સુકઇ જાય, રાંધતાં આવડ્યું એટલે સ્ત્રી જાતનું ગાડું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલ્યું. આપણે કંઈ સુધારામાં મોકલવી નથી, રાંડની કદાચ ભણીને છોકરી બગડી જાય તો કોણ હાથ દેવા આવે. ઇત્યાદિક વચન કહેતી બીચારો સાંભળનાર આવું વગર પાણીવાળું ખરખડીઉં નાળીએર જોઈ ઝં ખવાણો પડી જાય ને ઘેર જાય.

ચંચળા આખો દિવસ તોફાનમાં પોતાનો વખત ગાળતી અને નહારી છોકરીઓની સાથે સહવાસ દિન પ્રતિદિન રહેવાથી ખરાબ ગાળો ભાંડતાં ને કુટેવોવા ળી થઈ, સ્વભાવ પણ રીસાળ થયો, વાનમાં બોલવા માં વાતવાતમાં ઘડી ઘડી છણકા કરતી ચીડાઇ જતી, ઉંધાઇનાં વચન બોલતી, નાત વિનાને પણ ગાળો દેતી, ઈત્યાદિ દુર્ગણની કોથળી થઈ ગઈ. તેની માતાનો કજી ઓ કરવાનો સ્વભાવ પણ તેનામાં ઉતર્યો અને જેમ એક કૂતરી બીજી કૂતરીને ભસે ત્યારે કૂરકૂરીઆં પણ ઉંચી પૂંછડી કરી ભસે છે તેમ ચંચળા પણ બીજી છો ડીઓની સાથે બાઝવા લાગી. આ તેની ખરાબ ટેવને કોઈ સુધારે તેમ નહોતું; કારણકે શીખામણ દેનારનેજ પહેલાં તો ગાળોની પુષ્પાંજલીથી વધાવી લેતી એટલે વળતી કોઇ બોલતું નહીં. તેનો બાપ પૈસાદાર અને એકની એક છોકરી હોવાથી તથા લાડમાં ઉછરેલી હો વાથી તેમ તેની માતાના હેતથી તે છોકરી પૂરૂં રાંધવા, ખાંડવા, પીસવાનું, તેમ કોઇને સન્માનગીરી કરવાનું પણ શીખી નહોતી; એમ નહિ પણ આવડતુંજ નહોતું.

એક દિવસ લક્ષ્મીચંદ શેઠ ઘેર ખાવાને માટે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યા, ખાઇને સોપારી પાન ને એલચી લઇ ગાદીપર બેસે છે, તેવામાં લક્ષ્મણાએ કહ્યું કે:--

ઓ ચંચળાના બાપ! આ ચંચળા આપડી મોટી થઇ તોપણ હજુ પરણાવાની વાત સરખી પણ તમે તો કાઢતા નથી. પેલા કાળીદાસે પોતાની પુત્રી ભાગીરથી ને અગિયારમે વર્ષે પરણાવી, છોટાલાલે પણ તેટલાજ વર્ષે નર્મદાનું લગ્ન કર્યું, અને તમે તો રાત દિવસ દુકાનનું કામ સંભાળો છો. તમારે તો દુકાન ભલી ને ઘર ભલું, પણ છોકરી ઉમરલાયક થઇ છે તેનો કંઇ વિચાર કરો. છોકરીને નાની પરણાવીએ, જમાડીએ ને સારાં સારાં ઘરેણાં પહેરાવીએ તેનો લ્હાવો લેવાનો કે મોટી ઉમરે પરણાવીએ ત્યારે લ્હાવો લેવાનો? કેમ વિચાર કરતા નથી? તમારે તો ગગનમાં ગાજે છે.

**લક્ષ્મીચંદ**—હજી એનો જેની સાથે વિવાહ કર્યો છે તેતો નાનું દશ વર્ષનું છોકરૂં છે. નાકમાં લીંટ લબડે છે, પરણવું વહુ એ તો શું તેની તો સમજણ નથી, તેની સાથે કેમ લગ્ન થાય?

**લક્ષ્મણા**—તમે કહો છો પણ હું રાંડ કાંઇ સમજી ને કહેતી હઇશ. બૈરાંની વાતમાં તમને શી સમજણ પડે? છોકરીને વહેલી પરણાવી દેવામાંજ સારૂં છે.

**લક્ષ્મીચંદ**—હાલ તો તું સમતા રાખ. હું ધવળ શાને મળીશ ત્યારે લગ્નની વાત કરીશ અને નક્કી કરીશ. ફીકર કરીશ નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लक्ष्मणा—છોકરની મા નાતરે ગઇ, જે કરો તે વહેલું કરજો. ભૂલશો નહિ હોકે.

લક્ષ્મીચંદ દુકાને જાય છે, એવામાં દુકાને એક જાહેરપત્ર (માનપત્ર) આવેલું તે શેઠને ગુમાસ્તો વંચાવા આવ્યો.શેઠે વાંચવા ફરમાવ્યું.ગુમાસ્તાએ વાંચવા માંડયું

આ જાહેરપત્રથી સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે, શેઠ હઠીસંગની વાડીમાં બાળલગ્ન ઉપર ભાષણ આપવામાં આવશે; માટે સર્વ સદ્‌ગૃહસ્થોએ બપોરના બે વાગે પધારવા કૃપા કરવી. વિરસં. ૨૪૩૦ ચૈત્ર શુકલપક્ષ પંચમી. લિ. ચિંતામણી.

આ પ્રમાણે ગુમાસ્તાએ ખબરપત્ર વાંચ્યું. શેઠ ગુમાસ્તાને પૂછવા લાગ્યા. અલ્યા! ત્યાં શું તે કહેશે?

ગુમાસ્તો બોલ્યો—શેઠજી સાહેબ! એક સુધરેલ માણસ નાનાં છોકરાંને પરણાવવાં નહીં, એ સંબંધે ભલામણ કરે છે, અને એવું એવું બોલે છે કે તેના બોલ બાણસમાન આખા શરીરમાં લાગી શરીરને ચાનક લાગે છે કે તે વખત ફરીથી ન કરવા અંતઃકરણથી કબૂલ કરવું પડે છે. બોલતાં જરા પણ અચકાતો નથી, તેની શી વાત કહું. એક એક વચન લાખ રૂપિયાનું કહે છે.

लक्ष्मीचंद—અલ્યા રૂપચંદ! (રૂપચંદ ગુમાસ્તાનું નામ હતું) એવું છે ત્યારે મને ભાષણની વખતે ખબર આપજે હાં. ભૂલતો નહિં. "જીવતાં વેન જોયું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભલું " આપણું શું જાય છે? સાંભળીશું તો ખરા! ક્યાં આપણને બાંધી રાખવાનો છે.

रूपचंद–શેઠજી સાહેબ! અરે મેં તો એકવાર તેનું બોલવું સાંભળ્યું છે, તેમ અત્યારે જાણે સજજડ કાળ જામાં તેનાં વચન ચોંટી રહ્યાં હોય તેમ લાગે છે.

બપોરનો દોઢ વાગ્યો જાણી શેઠને ગુમાસ્તો બોલા વવા લાગ્યો કે, હવે વખત થઇ ગયો છે માટે ચાલો. શેઠ પણ કહેવા લાગ્યા કે, જરા પાન સોપારી ખાઇ લઇએ. બંને જણે પાન સોપારી ખાઇ લીધી. પછી શેઠ ગુમાસ્તો બંને ભાષણ કરવાની જગ્યા જે હઠીસંઘની વાડી હતી ત્યાં ગયા તો માણસની મેદીની ચિકાર ભરાઈ ગએલી છે, એકંદરમાં બે હજાર માણસે ભાગ લીધો હતો. જોકે શેઠ હતા તોપણ તેમને માણસની મેદીની ભરપૂર ભરાયાથી વચમાં બેશી શકવા જવા મારગ ન હોવાથી જ્યાં મારગ હતો ત્યાંજ બેઠા. ભાષણનો મુકરર કરેલો ટાઇમ પૂરો થતાં ચંદ્રમણી જેવો જેનો પ્રભાવ છે એવો ચિંતામણી સભાના મધ્યપ્રદેશમાં ઉભો થઇ ભાષણ બોલવા લાગ્યો કે:–

મહેરબાન સદ્ગૃહસ્થો! આપણા જૈન લોકોની ઉન્નતિ અર્થે હું જે કંઇ યથાશક્તિ અનુસારે કહું છું તે આપ સજજન સભ્યજનો સાંભળવા ધ્યાનપૂર્વક લક્ષ આપશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## बाळलग्न न्राषण.

મારી ઉમર વીસ વર્ષની થઇ છે, મેં શરીર આરોગ્યતાનાં પુસ્તકો વાંચ્યાં, તેમાંથી સાર એ કાઢયો કે આપણા જૈન લોકો શરીરે નિરોગી કેમ રહે તે સંબંધી લક્ષ દીધું. છેવટે જણાયું કે જૈનોમાં બાળલગ્નની નઠારી ટેવને લીધે જૈનો શરીરબળથી હીન થતા જાય છે; દશ દશ બાર બાર વર્ષની ઉમરે છોકરા છોકરીઓને પરણાવે છે તેથી તેમનું શરીર પાયમાલ થઇ જાય છે. આરોગ્યશાસ્ત્રનો એવો નિયમ છે કે પચ્ચીસ વર્ષની ઉમરે માણસના શરીરમાં ધાતુ પરિપકવતા પામે છે અને તેથી પચ્ચીશ વર્ષ પછીનાં લગ્ન કરનારના શરીરનો બાંધો મજબૂત અને કદાવર તથા ગૌરવર્ણનો સુંદર ચહેરો બને છે, અને પચ્ચીશ વર્ષ સુધી શરીરમાં પોષણ કરવા લાયક ખાધેલો ખોરાક કામ આવે છે. પચીશ વર્ષ થતાં સુધી બ્રહ્મચર્યવ્રત પાળવા આવશકયતા છે. એ બ્રહ્મચર્યવ્રતથી બે ફાયદા થાય છે. પ્રથમ તો ધર્મનાં તત્વો મેળવવા સ્હાયભૂત થાય છે, ને તેથી પોતાને ધર્મની વૃદ્ધિ થાય છે. અને બીજું શરીર સંરક્ષણ થતાં શરીર બલ વૃદ્ધિ પામે છે. પહેલાંના વખતમાં મોટી ઉમર થતાં સુધી છોકરાઓને પરણાવતા નહોતા. જ્યારે સર્વ કળા વિદ્યાભ્યાસમાં વિલક્ષણ થાય, અને સંસાર વ્યવહાર ચલાવી શકે તેટલી શક્તિ થાય ત્યારે પરણાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તા. હાલ તેથી ઉલટો રીવાજ પડી ગયો છે, તેથી બાલ્યાવસ્થામાં નાનાં છોકરાંથી જે સંતાનની ઉત્પતિ થાય છે તે નિર્માલ્ય બને છે અને તેના થકી જે સંતતિ બને છે તે તેના કરતાં વધારે નબળી થાય છે. નબળી સંતતિથી મહાન્ કાર્યો થઇ શકતાં નથી, છોકરાં મડદાલ અને બીકણ પાકે છે, ધૈર્યનું સત્યાનાશ વળે છે, સાહસ કામ તો તેનાથી થઈ શકતું નથી. એવી મડદાલ પ્રજાથી જૈન ધર્મ પણ બરોબર શીરીતે પાળી શકાય. કહ્યું છે કેઃ—

"वीर्यं मूलं च जीवनम्."

જીવનનું મૂળ વીર્ય છે, તે વીર્યની પકવાવસ્થા બાલ્યાવસ્થામાં હોતી નથી, અને તેવામાં સ્ત્રી સાથે સંસારભાવે રમતાં વીર્યનો નાશ થાય છે, તેથી બળ ઘટે છે, એ સિદ્ધ વાત છે. લોકોમાં પણ કહેવત છે કે શરીરનો રાજા વીર્ય, તેનો સાર કોઇ જાણતું નથી. છોકરાંને નાની ઉમરમાં પરણાવાથી તેઓની ડોક વાંકી રહે છે, તેઓનું શરીર નમતું રહે છે, અટકણ વગર તેઓથી બેશી શકાતું નથી, પલાંઠીવાળીને બે કલાક જેનાથી સ્થિર આસનથી બેશી શકાતું નથી, એવાં નબળાં શરીર બાળલગ્ન કરવાથી બને છે. સર્વ વૈદ્યકના ગ્રંથોમાં લખ્યું છે કે, વીર્યક્ષય—ધાતુક્ષયથીજ પ્રાણાન્ત પર્યંત હાલ થાય છે. શરીરની સ્થિતિને માટે એટલે આયુષ્કર પ્રયોગમાં વૈદ્યક હમેશ વીર્યવૃદ્ધિના અને વીર્યશુદ્ધિના ઉપાયોથીજ શરીરશુદ્ધિ થાય છે એમ દર્શાવે છે; તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંદા મનુષ્યને ઔષધ આપવાની સાથે બ્રહ્મચર્ય પળાવે છે. ચરીમાં મુખ્ય બાબત બ્રહ્મચર્ય પાળવા બતાવે છે; આથી શરીરની સ્થિતિમાં પણ મુખ્ય કારણ વીર્ય છે, એમ સ્પષ્ટ નિકળી આવે છે. જેમ રાજા વિના દેશમાં અને પ્રજામાં અંધાધુંધી છવાઈ જાય છે, તેજ પ્રમાણે શરીરમાં વીર્યને અભાવે એક પ્રકારનો અંધકાર છે, અને ક્ષય ઉધરસ આદિ અનેક પ્રકારની વ્યાધિઓ શરીરમાં પેસે છે. વીર્યને શરીરનો રાજા કહેનાર ક્યાં માતાપિતા હાલ પોતાના પુત્રને જેમ બને તેમ વહેલો વરરાજા બનાવવાને હર્ષઘેલાં બની ઉંચાં નીચાં નહીં થાય ? તેમજ છોકરાંને તેનાં છોકરાં વહેલાં વહેલાં જોઇ દાદો દાદી થવાને સંતાનમેધ યજ્ઞ કરી વહેલાં વહેલાં વાઝીયાં કે ખાંડિયાં મેડિયાં અને હોલાં ઘેલાં વંશજોના પૂર્વજોની પદવી પામવાનાં દુષ્ટ કૃત્યોમાં પણ કોણ ઉતાવળ ન કરી શકે ?

આવી અનર્થમય પ્રજાની સ્થિતિ થવાનું મુખ્ય કારણ બાળલગ્ન છે. આપણી જૈનપ્રજાની સ્થિતિ સર્વે અનર્થમયી થઈ ગઈ છે, તેનું કારણ બાળલગ્ન છે; અને બાળલગ્નનું કારણ અજ્ઞાન છે. એ અજ્ઞાન પતિસ્ત્રીમાં એટલું વ્યાપિ ગયું છે કે "આંખે દેખતાં પણ આંધળાં, સાંભળતાં પણ બ્હેરાં નમ:" બાળલગ્નથી ખોટાં પરિણામ આવે છે તેમ દેખ્યા છતાં પણ ઘોર અંધકારમાં હોયનિ ! તેમ ડુબે છે. અરેરેરે ! ખરી સત્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત ઉપર કોઈ લક્ષ દેતું નથી. મોટી ઉમર થતાં પણ દરરોજ સ્ત્રીની સાથે સંભોગની ના કહેલી છે, તો બા લપણમાં એમ વર્તવાથી શરીર મડદાલ બને અને શુક લકડી જેવું બની જાય, તેમાં શું નવાઈ! આપણે અ નુભવીએ છીએ કે એંશી વરસનો ઘરડો માણસ જે કા મ કરે છે તેટલું આપણા બાળલગ્નના બાયલાઓથી બ નવાનું નથી.

રૂશિયન લોકોમાં બાળલગ્નનો રીવાજ નથી; તેમજ જાપાનદેશમાં પણ બાળલગ્નનો રીવાજ નથી; તેથી ત્યાંની પ્રજા કેવી બળવાન બની છે. એકલા રૂશીયન ને જાપાનમાં બાળલગ્ન થતાં નથી એટલુંજ નહિ પણ કહે વાતા સુધરેલા અમેરિકા અને યૂરોપમાં કોઇ બાળલગ્ન નું નામ પણ જાણતું નથી. ત્યાંતો ઉમરલાયક થઇ મળતા સ્વભાવ, મળતી ઉમર, મળતો વિદ્યાભ્યાસ અ ને તેમનું સ્વરૂપ જોઇ દંપતી પોતાની પસંદગીથી લગ્ન કરે છે. એકવાર મેં વાંચ્યું હતું કે ૧૧૦ વર્ષનો ડોસો બીજી વખત પરણ્યો, તેનું કારણ એ કે ત્યાં બાળલગ્ન ન થવાથી અને શરીર સંબંધી આરોગ્યતાના નિયમ પ્રમાણે વર્તવાથી જુવાન જેટલું કામ કરવાની તાકાત રહે છે; તેમ તેઓનું ઉપરના કારણે શરીરે બળવાન રહે છે. આપણે જાપાન, રૂશીયા વિગેરે દેશના દૂરના દાખલા લીધા પણ આપણા હિંદુસ્થાનમાં જોશો તો ખબર પ ડશે કે ફક્ત આપણી જૈનકોમ સિવાય બીજી ઘણીખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રી કોમમાં બીલકુલ બાળલગ્ન થતાં નથી ને મોટી ઉમરે પરણાવે છે એવું જોઇએ છીએ. જુઓ કે હાલ રૂશિયાના જાર સાથે પણ જાપાન લડાઈમાં ટક્કર લઇ લઢે છે, નેપાળ તથા ભૂતાનના ગુરખા લોકોમાં પણ મોટી ઉમરે પરણવાનો રીવાજ છે. કાબુલમાં પણ મોટી ઉમરે પરણવાનો રીવાજ છે. ઇંગ્લાંડ, ફ્રાન્સ, જર્મનિ પણ બાલ્યાવસ્થામાં પરણવાની મનાઇ કરે છે. જે વખત વિદ્યા શિખવાની તથા હુન્નર તથા વેપાર શીખવાની છે, તે વખતનો ઉપયોગ આડામાર્ગે કોણ કરે? જે મૂર્ખ હોય તેજ કરે. જુઓ ત્રાન્સવાલના બહાદૂર લોકોએ ઇંગ્લાંડની સામે યુદ્ધ મચાવ્યું, તેનું કારણ પણ એજ છે; એટલે બાલ્યાવસ્થામાં લગ્ન કરી સંસાર વ્યવહાર કરવો નહિ. જુઓ અમેરિકા દેશના લોકો જે ચારે ખંડમાં વેપારમાં, હુન્નરમાં, કળાયંત્રમાં, લડાઈમાં, પ્રખ્યાત થયા અને પોતાના દેશની કીર્તિને ચારે દિશામાં ફેલાવી, તે પણ બાળલગ્નને ધિક્કારે છે. જુઓ આ દેશમાં પણ કેટલાક શિખ મુસલમાન વિગેરે લોકોમાં બાળલગ્નનો રીવાજ નથી, તો તે લોકો આપણા કરતાં વિશેષ બળવાન છે. જૈનોમાં કેટલીક નાતો અને દેશોમાં બાળલગ્ન થતાં નથી, પણ ગૂજરાત, કાઠીઆવાડ, કચ્છ વિગેરે ઠેકાણે આ દુષ્ટ રીવાજ ઘણોજ દેખાય છે; તેથી બાળલગ્ન જેનાં થયાં છે તેનાથી જે પ્રજા થાય છે તે મડદાલ દમ વિનાની ઉત્પન્ન થઈ છે અને આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગળ વળી કેવી થશે તે જ્ઞાની સિવાય બીજો જાણવા સમર્થ નથી.

આપણા જૈનોમાં પ્રાચીન વખતમાં પણ બાળલગ્ન નહોતાં. ઋષભદેવ સ્વામી મોટી ઉમરે પરણ્યા હતા; ભરતરાજા, બાહુબલી, રામચંદ્ર, લક્ષ્મણ, કૃષ્ણ, બલદેવ એ સર્વ મોટી ઉમરે પરણ્યા હતા, તે વિચારો. કૌરવ પાંડવોએ પણ બાળલગ્ન કર્યાં નહોતાં, તો હાલ જૈની, બાળલગ્ન કરવામાં શો વિશેષ ફાયદો જાણતા હશે.

એવામાં એક કૌતુકી વચ્ચે બોલે છે કે, સાહેબજી! એમાં તો ભાઇડાઓનો વાંક નથી, એતો રાંડની ફુવેડી ઘરની ગાંડીયોનો વાંક છે. સભા એકદમ આશ્ચર્યમાં પડી. સર્વનાં મુખ હાસ્યયુક્ત થયાં. હવે ચિંતામણિનું ભાષણ આગળ થવા માંડયું.

પોતાનાં છોકરાંને બાલ્યાવસ્થામાં પરણાવવાં એ વાત શાસ્ત્ર માન્ય નથી. વળી વિચારો કે બાલ્યાવસ્થામાં પરણાવેલી છોકરીનો ધણી મરી જાય તો બીચારીને દશ વર્ષથી રંડાપો. હવે તે શેઠીયાની છોકરી દશ વર્ષથી વિધવા થએલી તેનું દુઃખ માત પિતાને શું ઓછું? હવે તે વિધવા છોકરી વીશ પચ્ચીશ વર્ષની ભર યોવનાવસ્થાવાળી જ્યારે કામનું જોર ખમી ન શકે એટલે વ્યભિચાર કરે તેમાં શું નવાઇ? કેટલીક વિધવા બાળાઓને વ્યભિચારકર્મથી ગર્ભ રહ્યા હોય છે અને તે પ્રસવ થતાં છોકરાંને મારી નાંખેલાં પણ સાંભળ્યાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલીક યૌવન અવસ્થાવાળી વિધવા છોકરીઓ ગર્ભ
પાતન પણ કરે છે, અને ઘણે ઠેકાણે વિધવાએ વ્યભિ
ચારકર્મ પણ કરેલાં નજરે પડે છે, તેથી વિધવાઓને
બીજીવાર પરણાવવા સુધારાવાળા હાલના કુધારાવાળા
કહે છે. અને તે પુનર્લગ્ન થતાં ક્યારે અટકે કે જ્યારે
બાળલગ્ન થતાં અટકે તો ઘણી વિધવાઓ થતી બંધ
પડે. નાનાં છોકરાંઓને મરવાનો સંભવ વિશેષ રહે છે,
તેમ બુઢ્ઢા ડોસાઓને તો મરવાનું નક્કીજ. માટે તે બેની
સાથે લગ્ન થતાં અટકે તો ઘણી વિધવાઓ થઈ શકે ન
હિ. દશ બાર વર્ષમાં રાંડેલી કન્યા માત પિતાને કેવી
બુરી દુવા આપતી હશે તે તેનું મન જાણે. અત્રે લખી
શકાય તેમ નથી.

યોગ્ય ઉમરે બાળક અને બાળકીયોનો વિવાહ કર
વો યોગ્ય છે. કોઈ શેઠીયાનો પુત્ર પારણામાં ઝુલતો હોય
અને તેની સાથે પોતાની પુત્રીનો વિવાહ કર્યો, હવે તે
છોકરો ત્રણ ચાર વર્ષનો થયો ત્યારે માલુમ પડયું કે
બોબડો વા ગાંડો છે. હવે પોતાની દીકરીને તે ગાંડા
અગર બોબડાની સાથે પરણાવવામાં દીકરીની કેવી દશા
થાય? તેમ તે દીકરીની પણ તે બોબડા ગાંડા સાથે
પરણવા મરજી થાય કે જે આખો ભવ પોતાનો ખરા-
બ કરવા તે ગાંડા બોબડા સાથે પરણે. મોટી ઉમ્મરે
વિવાહ કરવાથી એવાં દુ:ખોમાંથી મુક્ત થવાય છે. ગુ
ણી વા નિર્ગુણીની પરિક્ષા મોટી ઉમરે સારી રીતે પડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, અને તેથી વિવાહ કરવામાં કોઇ જાતનો દોષ રહે તો નથી. નાનપણમાં છોકરાંને પરણાવવાથી ઘણા દોષો ઉત્પન્ન થાય છે અને ઘણું નુકશાન થાય છે.

પ્રથમ તો છોકરાથી બરાબર અભ્યાસ થતો નથી, કારણ કે તે વખત સ્ત્રી પરણેલી ન હોવાથી તેનું ચિત્ત સ્થાયી હતું પણ સ્ત્રી પરણવાથી તેને ચિંતાનું કારણ થાય છે. આખો દિવસ સ્ત્રી છોકરા પાસે મારે અમુક વસ્તુ જોઇએ તે લાવી આપો, અમુક વસ્તુ માટે મને પૈસા આપો, અમુકને આમ કહો, એમ કરી તેનો જીવ ખાય તેથી તે ચિંતામાં અભ્યાસથી તેનું મન પ્રતિકુળ થાય છે, તેથી સ્ત્રી અભ્યાસમાં વિઘ્નકર્તા થાય છે ને શરીરનું લોહી ચુસી લે છે, કારણ કે જેમ કપૂર જેમાંથી નીકળે છે તે વૃક્ષ નાનું હોય, પરિપકવ થએલું ન હોય ને વહેલાં વહેલાં તેમાંથી કપૂર લેવા છિદ્ર પાડીએ તો આખર કપૂર થોડુંજ નિકળી શકે ને છેવટે તે કપૂરનું વૃક્ષ સુકાઇ નાશ પામે. માટે નાની ઉમરમાં છોકરું ખોરાક ખાઇ પરિપકવ થવાની આવશ્યકતા વખતે હોય તેમાંથીજ વિર્ય ઓછું કરવા ધારીએ તો તેનું આયુષ્ય ઓછું કરવા બરોબર છે.

૨ છોકરાને સ્ત્રીના મળવાથી વ્યાપાર આદિ અન્ય પ્રવૃત્તિ થાય છે, અને કાચી ઉમર તેથી પોતાના સ્વાર્થથી અજાણ થઇ શાળાનો અભ્યાસ પડતો મૂકે છે.

૩ વ્યાપાર વિગેરેની કેળવણી પણ બરાબર મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ળતી નથી અને દેશ વિદેશનું જ્ઞાન પણ મેળવી શકતો નથી.

૪ ઉપર પ્રમાણે સ્ત્રી વારંવાર પોતાના દુઃખની વાર્તા કર્યા કરેથી તેનું દુઃખ નિવારણ કરવા સંકલ્પ વિકલ્પ કરવા પડે તે ચિંતામાં ને ચિંતામાં શરીર બળી જાય તેથી પણ અભ્યાસ થતો નથી ને વેપારમાં કુશળતા મેળવતો નથી.

૫ બાલ્યાવસ્થામાં સંસારભાવે વર્તવાથી શરીરની શક્તિ ઘટે છે ને શરીરનો રાજા વીર્ય તેનો નાશ થતાં રોગાદિક શત્રુઓ શરીરમાં ઉત્પન્ન થાય છે અને તેથી મનુષ્યનો ક્ષય શિઘ્ર થાય છે.

૬ બાલ્યાવસ્થામાં પરણેલાના શરીરમાં કૌવત—દૈવત રહેતું નથી અને તેનાથી ધૈર્યનાં કાર્ય બની શકતાં નથી. વૈદ્ય, ડાકટરની વારંવાર જરૂર પડે છે, અને ક્ષયરોગ પણ થઈ જાય છે.

ઇત્યાદિ દુઃખો બાળલગ્નથી થાય છે, માટે સુજ્ઞોએ પોતાના પુત્રોને બાળપણમાં પરણાવવાં નહીં જોઇએ. એટલું કહી મારા ભાષણની સમાપ્તિ કરૂં છું. આ પ્રમાણે બોલતાં સભાએ તેમને જયજયના અવાજથી વધાવી લીધા.

સભાનાં જન એક પછી એક વેરાવા લાગ્યાં અને રસ્તે ચાલતાં વાતો કરવા લાગ્યા. કેટલાક તો કહેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યા કે વાહરે! વાહરે! ભાષણ તો બહુ સારૂં કર્યું. આ ભાષણનો અમલ થાય તો ઘણા ફાયદા થાય. વળી એક બીજુ ટોળું જે શેડીયાઓનું હતું તેમાં પણ વાતો થતી હતી.

जिनदास—કેમ વર્ધમાનશાહ! આ ભાષણ તમને પસંદ પડયું કે? વાત તો ન્યાયની છે.

वर्धमानशाह—હું કયારે ના કહું છું. આપણા દેશની પડતીનું કારણ તથા જૈનોની પડતીનું કારણ પણ બાળલગ્ન છે. બાળલગ્ન કરવાથી ઘણી સ્ત્રીયો રાંડે છે, તે વિધવાઓને દુઃખી જોઈ મને ત્રાસ છુટે છે.

जिनदास—કેમ ધવલચંદ! તમારા છોકરાને બાળપણમાં પરણાવતા નહિ હો.

धवलचंद—શું કરૂં જીનદાસ, મારૂં બેટું નાનપણમાં દિકરાનો વિવાહ કર્યો! સાલો રીવાજ ખરાબ છે, નાત જાતનાં કામ, પુત્રની વહુની ઉમર મોટી થઇ છે. બને તે ખરૂં.

लक्ष्मीचंद—(ધવલચંદના વેવાઇ) કેમ ધવલશા! દીકરો બીકરો ખુશીમાં છેને? અમારી ચંચળાની ઉમર થઇ ગઇ છે માટે હવે લગ્ન લેવાં જોઇએ. મારી ઘરવાળી લૂગડાં ચુંથે છે, કેમ શું ધાર્યું?

धवलचंद—ધાર્યું બાર્યું કંઈ નથી. આ જુઓને! ભાઇ શું બોલ્યા? નાના છોકરાને પરણાવવો તેતો ઠીક લાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણું નથી. (એમ વાતો કરતા કરતા પોતાના ઘેર આવે છે. લક્ષ્મીચંદ શેઠ ઘેર આવી બેઠા ત્યારે) લક્ષ્મણાએ પૂછયું. કેમ ચંચલાના બાપ! છોકરાના લગ્નનું શું કર્યું?

लक्ष्मीचंद—હજી કંઇ કર્યું નથી. આજ ધવલશા મળ્યા હતા, તેતો એમ કહેતા હતા કે હજી છોકરૂં નાનું છે ને તમો શું લગ્નની વાત કરો છો? હાલ કંઇ બનવાનું નથી. એમ કહેતા હતા.

लक्ष्मणा—ઓ પીટયો વ્હેવાઇ, મારી છોકરી ડોશી જેવી થઇ તેની કંઈ સમજણ પડે છે. મોટું પેટ વધારી દુકાને બેઠાં બેઠાં ગપ્પાં મારવાં, અને ચંચળાના બાપાને તો કંઈ કહેવું નહિં. આવો ઉંધી પૂતળીવાળો વ્હેવાઇ ક્યાંથી મળ્યો. એમ કહી બે ત્રણ ગાળો ચોપડાવે છે.

लक्ष्मीचंद—છાની રહે. શું લવરી કરે છે. શું એકદમ ભસવા મંડી છે. જુએ છે ચંચળાનો નાવલો. હજુ નાકમાં લેંટ લબડે છે, બીચારૂં નાનું બાળ. શું કરે ધવલશા.

लक्ष्मणा—તમારાંજ બધાં કાળાં કર્મ છે, બે બોલ જરા તાડુકીને કહ્યા હોત તો કેમ માંને નહિં. શું તેના માંથામાં ગજ ઘાલ્યા છે? એવો કેવો ત્રીસમારખાંનો બાપ! હું તો મળી હતતો "તુર્ત દાનને મહા પૂન્ય કરી નાંખ્યું હત."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષ્મીચંદ–એકદમ કેમ આટલી ઊંચી નીચી થઇ જાય છે. હોય નાત જાતનાં કામ છે, સમતાનાં ફળ મીઠાં છે. 'કમ જોર ને ગુસ્સો બ્હોત' બૈરાંનો ઉછાંછળો સ્વભાવ પ્રગટ થયા વિના રહેતો નથી. સમતા રાખ, કાલ વળી જરા દબાવીને કહીશ.

લક્ષ્મીચંદ શેઠને રાંધી ખવરાવી લક્ષ્મણા બની ઠની મંગલા નામની પોતાની વ્હેવાણને ઘેર જાય છે અને ત્યાં ઘરમાં પેસે છે એટલામાં મંગલા–"આવો વ્હેવાણ" એમ કહી બોલાવી બેસાડે છે.

મંગલા–કેમ વ્હેવાણ! આવવું થયું. ઘણા દહાડે આવ્યાં હો! સૌ ખુશીમાં તો છેની?

લક્ષ્મણા–ખુશી ખુશી ઘેર ગઇ મારી બાઇ, મારે તો 'બાર બાંકુડું ને તેર તુટે છે.' ચંચળા પરણાવવા જેવડી થઈ તેની વાત મેં ચંચળાના બાપને કરી હતી, તેમણે તમારા ધણીને કહ્યું હતું પણ કાંઈ ગણકારતા નથી, એમને તો ગગનમાં ગાજે છે, તે માટે આવવું થયું છે. કહો કેને? તમે શું ધાર્યું છે.

મંગલા–મારે ક્યારે ના છે. આપણે તો તૈયાર છીએ, મોટાના ઘરના છોકરાને વ્હેલો પરણાવવો જોઇએ. હું તો ક્યારનીએ મનોહરના બાપાને કહું છું જે લ્હાવો લેવાયો તે ખરો, કાલ કોણે દીઠી છે.

લક્ષ્મણા–તમારા ઘરમાં તમારા ઘરવાળા કેમ ના પાડે છે. તેમને તમો કેમ કંઇ કહેતાં નથી, અગર તમારૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની આગળ કંઈ ચાલતું નથી કે શું?

મંગલા—કેમ ચાલતું નહિ હોય! હું કોઇની ઓશીયાળી છું કે શું! પીટયાને આજ ધધડાઇને કહીશ. પોતાના હાથે છોકરાંને પરણાવ્યાં એટલે નીકાલ થયો. ખરૂં કહ્યું કે ખોટું. એટલામાં ધવલશેઠ અને મનોહર ઘરમાં આવે છે. લક્ષ્મણાને દેખીને શેઠ કહે છે કે ઓહો! વ્હેવાંણ આવ્યાં કે શું? ખુશીમાં તો છોને! લક્ષ્મણા—તમોને દેખ્યાં એટલે આપણે તો ખુશી. સગાના જેવું સુખ સ્વર્ગમાં પણ નથી.

ધવલશા—કેમ ઘણા દહાડે પધારવું થયું. કામકાજ હોય તો ફરમાવશો.

લક્ષ્મણા—આપણી ચંચલાનું લગ્ન લેવું એમ કહેવા આવી છું. મેં સાંભળ્યું છે કે તમે લગ્ન લેવાની ના પાડો છો. શું ખાવા પીવામાં હરકત તો નથી કે શું?

ધવલશા—જુઓ વ્હેવાણ! તમે ક્યાં બૈરાં, તમારે કંઇ ધંધો છે. કાલ તમો ભાષણ સાંભળવા આવ્યાં હોત તો માલૂમ પડત. એક માણસ આવ્યો હતો તે એમ કહેતો હતો કે બાળલગ્ન કરવામાં ઘણી ખરાબી છે, માટે બે ત્રણ વરસની સમતા રાખો. હજી મનોહર દશ વર્ષનો થયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષ્મણા—બેસો બેસો! બળ્યું તમોને તો બાનાં કહાડતાં આવડે છે. હું કંઇ બીજાના જેવી નથી કે તમારૂં ગાંડીયું ગાડું ગબડાવો. હવે તો લગ્ન લીધા વિના છુટકો નથી. કેમ મંગલા સાંભળો છો કે?

મંગલા—લક્ષ્મણા વ્હેવાણ શું ખોટું કહે છે! એને લોકો મ્હેણાં મારે છે, ખોલા જેવડી દીકરી સાસરાના ઘેર શોભે. તમને તો ઘણાએ ચીટ્યા ભોળા લોકો ભરમાવશે, હું પણ ક્યારનીએ તમારા રોદડા રોઉં છું. હવે તો એકની બે થવાની નથી. હા કીધે છુટકો છે નહિ તો કાલથી મારે તમારા ઘરમાં રાંધવા રહેવા, ખાવા, પાણી પીવાના સમ છે. બળ્યો રાંડનો જન્મારો! એમ કહી પથરાથી માથું કૂટી રાગડો તાણી રૂએ છે અને અનેક ઢુંગ કરી ધતાંગ માંડે છે.

ધવલશા—છાંની રાંડ છાંની! ગાંડી રાંડની, એક વાત જરામાં ઘડીમાં કેવી ગાભરી બની ગઈ. મેં તો તારી પરીક્ષા કરવા કહ્યું. જા, હવે લગ્ન જોવરાવીશું. એમ કહી લગ્નનું નક્કી કરી લક્ષ્મણા પોતાના ઘેર આવી.

લક્ષ્મણા પોતાના ધણી લક્ષ્મીચંદને કહેવા લાગી કે, જુઓ! આજ મેં દીકરીનાં લગ્ન ધવલશાને ઘેર જઇ નક્કી નિરધાર્યાં છે, હવે એક મહિનાની વાર છે, વૈશાખ શુદ ત્રીજના દિવસે પોતાની દીકરી પરણાવવી પડશે માટે તૈયારી કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે ધવલશા તથા લક્ષ્મીચંદના ઘેર પાપડ વણવા લાગ્યાં, ઘર ધોળાયાં, ચંદ્રવા બંધાયા, પંદર દિવસ લગભગ રહ્યા કે—વરકન્યાની પીઠીયો ચોળાવા લાગી. આ વખત મનોહર શું કરે છે તે આપણે જોઇએ. મનોહર આ વખત પાંચમી ચોપડીમાં નાપાસ થયો હતો તેથી માસ્તર ધવલચંદને ઘેર આવી કહેવા લાગ્યા કે તમારા પુત્રને હજી લેસન બરાબર આવડતું નથી તેથી એક વર્ષ પાંચમી ચોપડીમાં રહેવું પડશે. છોકરૂં તિક્ષ્ણ બુદ્ધિવાળું નથી.

ધવલશા—માસ્તર સાહેબ ! એક વર્ષ પાંચમીમાં રહેશે તો કંઇ હરકત નથી, પણ હાલ તો મનોહરનાં લગ્ન છે માટે એક મહિનાની રજા આપશો.

માસ્તર—આવડા નાના બાળકનાં લગ્ન કરવાં ઠીક નથી. જો તમો ઢીંગલા ઢીંગલીની રમત પેઠે આજથી પરણાવશો તો તેનો ભવ બગડશે તેમાં દોષના અધિકારી તમે થશો.

ધવલ—હું કેમ કરૂં ! એની મા મારો જીવ ખાયછે અને રૂએ છે માટે કર્યા વિના છુટકો નથી.

માસ્તર—ખરેખર શેઠ,—પોતાના પુત્રોનું હિત વાંચ્છનારા માબાપો કોઈકજ હોય છે, તેમાં સ્ત્રીવર્ગતો ઘણા દરજ્જે ખરાબ છે. બીચારી સ્ત્રીયોને જો કે ળવણી આપી હોય તો અને સદબોધ પહેલાંથીજ આપ્યો હોય તો આવું પરિણામ આવે નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાવું, પીવું, રોવું, જોવું, ન્હાવું, બેસવાંને પ્યારૂં હોય છે. કેટલીક માતાઓ પોતાના છોકરાને વ્હેલાં પરણાવી પોતાને કૃતાર્થ માની પુત્રનું જીવન ધુળમાં ઘાલે છે. કેટલાક પુત્રના પુત્રનાં દર્શન કરવા સારૂ વહેલાં પુત્ર પુત્રીઓને પરણાવે છે, પણ તેથી દેશની તથા ધર્મની ખરાબી થાય છે અને જૈનોની નબળી હાલત થાય છે. કોણ જાણે શું થવા બેઠું છે. એમ કહી માસ્તર પોતાને ઘેર ગયા.

લગ્નમાં ઉભયના ત્યાં વાજાં વાગવા લાગ્યાં, એક બે દીવસ બાકી રહ્યા એટલે વરઘોડો ચડયો, તેમાં ઘણા રૂપૈયાનો નાશ થયો. દારૂખાનું ઉડાડવામાં, નાત વરામાં તેમ લગ્ન પાછળ ખાલી નકામા ખર્ચથી પૈસાનું પાણી થયું. પુત્ર પુત્રીઓને લગ્ન પહેલાં નીચે પ્રમાણે ઉપદેશ આપવો જોઇએ.

## पुत्र पुत्रीओने परणावता पहेलां आपवानी हितशिक्षा.

પુત્ર પુત્રીઓને પરણાવતા પહેલાં માતપિતાએ તેમને હિતશિક્ષા આપવી જોઇએ. તમારે પત્ની તથા સ્વામી રીતે બરાબર વર્તવું. સ્ત્રીએ પોતાના પતિની આજ્ઞા માનવી, તેમને દુઃખકર વચનોથી સંતાપવા નહીં, તેમની મરજી પ્રમાણે વર્તવું, સાસુ સસરાનો વિનય કરવો, તેમના સામું ઉદ્ધતાઇથી બોલવું નહિ, સાસુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠપકો આપે તો તે શાંતભાવથી સહન કરવો, કદાપિ સાસુએ કહેલી વાત યુક્તીયુક્ત ના હોય તોપણ તે વખતે કહેવું નહિ, તેમનું મન પ્રસન હોય તે વખતે નમ્રપણે કહેવું, સાસુ ક્રોધીલી હોય તો વહુએ સામાં ક્રોધકર વચનો બોલવાં નહિ. પતિએ પોતાની સ્ત્રી સાથે પ્રેમ ભાવથી વર્તવું, સંસારમાં વ્યવહાર વિરૂદ્ધ વર્તવું નહીં, પરણ્યા એટલાથી કૃતાર્થ થવાનું નથી, સંસાર વ્યવહારમાં ન્યાયનીતિથી ચાલી ધર્મ અર્થ કામ મોક્ષ એ ચારે વર્ગનું સાધન કરવું, પોતાની સ્ત્રીને ધર્મના માર્ગમાં જોડવી, ધર્મ કરવામાં તેને અંતરાય કરવો નહિ, જેથી સ્ત્રીની લાગણી દુઃખાય તેવાં કટુક વચનો કહેવાં નહિ, લોક વિરૂદ્ધ વર્તવુ નહિ, પુરૂષે પોતાની સ્ત્રીને ધર્મની કથાઓ સંભળાવવી અને ધર્મ કરવામાં સ્ત્રી પુરૂષે ઐક્યભાવથી વર્તવું, પણ મોજ શોખથી પોતાનું જીવન ગાળવું એ કંઇ પરણવાનું ભૂષણ નથી. આ સંસાર અનિત્ય અને સ્વાર્થીઓ છે, તેમાં એક ધર્મ તેજ સાર છે. સાંસારિક પદાર્થો અનિત્ય અને પોતાના નથી માટે વૈરાગી જીવોતો સંસારનો ત્યાગ કરી સાધુપણું અંગીકાર કરે છે. જ્યાં રાગ ત્યાં દ્વેષ અવશ્ય રહે છે, સ્ત્રી પણ પોતાની નથી, પોતાનું શરીર પણ પોતાનું નથી, તો અન્ય વસ્તુ પોતાની ના હોય તેમાં શી નવાઇ ? માટે બનેતો મુનિવ્રત અંગીકાર કરવું એ એક વાત છે, તે ના બને તો મોહનીયકર્મનો ઉદય હોય તો સ્ત્રી પરણવી, પણ તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની માનવી નહિ; તેમ સ્ત્રીએ એમ જાણવું જે પતિએ પણ અન્ય જીવ છે, પણ સંસારમાં રહ્યા છીએ, તેથી પરસ્પર સંસારિક નીતિ પ્રમાણે વર્તવું જોઈએ. આ પ્રમાણે શિક્ષા આપીને જો પરણાવવામાં આવે તો ઘણો ફાયદો થઇ શકે. હવે આગળ શું બન્યું તે કહેવાય છે.

ચંચળાને મનોહરવેરે પરણાવવા ચંચળાના બાપ લક્ષ્મીચંદના ઘેર મનોહરને લઈ સર્વે માણસ આવ્યાં. તોરણ આગળ મનોહરને ઉભો રાખવામાં આવ્યો, ત્યાં પ્રથમ લક્ષ્મણા સાસુ તરફથી સંસારની યુક્તિ દેખાડવા વિષે પ્રથમ સાંબેલું લઇને પોંખવા માટે આવીને સાંબેલું દેખાડવા માંડ્યું એટલે સાંબેલાવતી પોંખવા મંડી. તે ઉપરથી સમજવાનું કે જેમ ઉખલમાં દાણાને મુસલવડે ખાંડવામાં આવે છે તેમ સંસારરૂપી ખાંયણીઆમાં મારી દીકરી તરફની પડતી હરકતોરૂપી સાંબેલા વડે આપ જે દાણા ખાંડશો તે ચિંતા ઉપાધિનું કારણ છે, માટે મારી દીકરીને તમો પરણવા ધારો છો તો તમારી એવી અવસ્થા થશે. તેમ છતાં પણ જ્યારે મરજી દેખાય છે ત્યારે વળી ધુંસરૂ દેખાડે છે. તે ઉપરથી એમ સમજાવે છે કે જેમ બળદ ધુંસરાને ધારણ કરી ટાઢ તાપ સહન કરી પોતાના કામમાં પ્રવર્તે છે, તેમ તમારે પણ આ સંસારમાં મારી દીકરી રૂપ ધુંસરૂ ખાંધે ધારણ કરીને ટાઢ તાપ ઉપાધિ શોક આદિ દુઃખોને ધારણ કરી સંસારમાર્ગમાં વર્તવું પડશે. વળી સાસુ વરને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રાક દેખાડે છે, તે ઉપરથી એમ સમજવાનું કે ત્રાક રૂપ સ્રીથી સંસારમાં ઉત્પન્ન થતાં આધિ વ્યાધિ ઉપાધિ દુઃખોથી વિંધાવું પડશે, પરણવું સહેલ નથી. વળી રવૈયો દેખાડે છે, તે ઉપરથી એમ સમજવાનું કે જેમ ઘીને માટે છાશ બલોવાય છે તેમ તમો સ્વાર્થને માટે વલોવાશો. ઇત્યાદિ તેના ઉપનય પુરૂષમતિ અનુસારે જુદા જુદા પણ થઇ શકે છે. એ પ્રમાણે દેખાડ્યા છતાં પણ જ્યારે વર તરફથી મોહને લીધે કંઈ જવાબ દેવાતો નથી ત્યારે સાસુ સસરો પોતાની દીકરીને ચાર ફેરા ફેરવી પરણાવે છે. ચાર મંગલના ફેરાથી એમ સમજવાનું કે હવે આ મોહનીનું ઘર એવી સ્રી પરણવાથી ચાર ગતિમાં પુનઃ પુનઃ ફેરા ફરવા પડશે; જો એનો ખરો ઉપનય જાણવામાં આવે તો વર સ્રી પરણવાની ઇચ્છા કરે નહિ, અને ખરૂં પૂછો તો અજ્ઞાનભાવે પરણાવવાથી એ ક્રિયાનો શો અર્થ છે તે બીલકુલ જાણવામાં આવતો નથી. હવે આ પ્રમાણે બીચારા નાના બાળકનું ચંચળાની સાથે લગ્ન થયું.

મનોહર પરણવું એટલે શું તેનો અર્થ પણ સમજતો નહોતો, જેમ બિચારા ક્રિયા કરાવે તેમ કરતો, પોતે એમ સમજતો કે પરણેલી સ્રીને વહુ કહેવાય છે. હવે નાનપણમાંથી સંસારભાવે ચંચળાની સાથે મનોહરને વર્તવું પડયું. કારણ મળે દરેક સંજ્ઞાઓનો ઉદય થાય છે, તે પ્રમાણે આને મૈથુનસંજ્ઞા ઉદયે આવી, મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિના બાદ મનોહરને નિશાળે ભણવા જવું પડયું, ચંચળા બીલકૂલ મૂર્ખ હતી, ભણવાને તે તો ધિક્કારતી હતી, તેમ તેનો ચીડીયો અને કદાગ્રહી લડાઈખોર સ્વભાવ પડયો હતો. તે મનોહરને નિશાળે જતો દેખી કહેવા લાગી કે હવે નિશાળે જવું ખોટું છે, મને લોકો મ્હેણાં મારે છે અને મારી બીજી બૈરીઓ મશ્કરી કરે છે, પણ તેથી મનોહરને કંઈ અસર થઈ નહિ; કારણ કે પિતાનો આગ્રહ ભણવા સબંધી ઘણો હતો. મનોહરનું ચિત્ત વિદ્યાભ્યાસ ઉપરથી કંટાળ્યું હતું અને બરાબર લેશન પણ થઇ શકતું નહોતું. માસ્તર વારંવાર ઠપકો આપતા હતા, મનોહરની માતાતો પોતાની વહુને દેખી પોતે ધન્ય ધન્ય માનતી હતી. અહો! માતાઓ પોતાના પુત્રનો ખરો સ્વાર્થ સમજી શકતી નથી અને ક્ષયના હોમમાં પોતાના વ્હાલા છોકરાને હોમે છે.

મનોહર હવે શાળામાં જતો બંધ થયો, કુમિત્રોની સોબત થઇ તેથી વેશ્યાને ઘેર પણ જતાં શિખ્યો, અને તેથી તેને ચાંદીનો રોગ થયો, તે મહા મહેનતે હજારો રૂપૈયા ખર્ચતાં મટયો. મનોહર એક દુકાનેથી બીજી દુકાને ભટકવા લાગ્યો, મોહના પાસમાં બાલ્યાવસ્થામાં પડવાથી ખરૂં સંસાર સ્વરૂપ જાણી શકતો નહોતો, કેટલાક લોકો તેને મશ્કરીમાં તેની વહુને તેની મા કહીને બોલાવતા, મનોહર તેથી ચીડાતો પણ શું કરે? કોઇ વખતે સહેજ બાબતમાં મનોહર અને ચંચળાને કલેશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ થતો, ચંચળા અને સાસુ વચ્ચે પણ કોઇ વખતે કેશા કેશી ગાળા ગાળી યુદ્ધ મચતું, આખા ઘરમાં ચંચળા તોફાન મચાવતી, રોતી લડતી, અને ખાતી પણ ન્હોતી.

## अतिशे लाम लमाववां नहीं.

સાસુનો ધર્મ છે કે, પુત્રની વહુને પહેલાં પોતાના ઘરની નીતિ શીખવવી. આ પ્રમાણે સંસારમાં વર્તવું, સાસુ સાથે આ પ્રમાણે વર્તવું, અમુક વખતે અમુક અમુક ઘરનાં કામકાજ કરવાં, પોતાના પતિની ભક્તિ કરવી, સાસુ સસરાને નમન કરવું, પરપુરૂષ સાથે એ કાંતે છાની વાત કરવી નહિ, હસવું નહિ, સવારમાં સૌના પહેલાં ઉઠવું, મોટાના સામું બોલવું નહિ, પોતાની મર્યાદા પ્રમાણે ચાલવું, એ પ્રમાણે સાસુ જો પહેલાંથીજ પુત્રની વહુને શિખામણ આપે તો કેશા કેશી યુદ્ધ બનવાનો વખત આવે નહિ.

## चंचळाना मुखमां देडकुं पेठुं.

એક દિવસ ચંચળા લક્ષ્મણા સાસુ સાથે ગાળો દેઈ ખુબ લઢી અને રીસાઈ કોઈ કચરાળી જગામાં ક્રોધથી જઈ સૂઇ રહી, એવામાં એક નાનું દેડકું કૂદતું કૂદતું તેના મુખમાં પેઠું, એકદમ મુખ પહોળું કરવાથી પેટમાં ઉતરી ગયું, બૂમો બરાડા પાડવા લાગી. ઉંચી નીચી થવા લાગી, માથું પટકવા લાગી, અંતે ધવલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠને માલુમ પડવાથી ડાકટરને બોલાવી પ્રતિકાર કરા વ્યો તેથી દેડકું નીકળી ગયું; તોપણ ચંચળાએ પોતા ના સ્વભાવને છોડયો નહીં. ચંચળા કાચું પાકું ખુબ ખાતી, દેવદર્શન કરવાં અને ગુરૂ પાસે ધર્મ સાંભળવા જવું તે તો ઝેર જેવું લાગતું, કોઇની નિંદા કરવી, કો ઇનું ઉંધું ચતું કરવું. લાકડાં લડાવવાં એ તેને વ્હાલું લાગતું. એક દિવસ તેણીએ પોતાની બેનપણી પાસે એ ક મોતીની માળા દેખી તેવી માળા મેળવવા પોતાના પતિને કહ્યું, ત્યારે મનોહરે કહ્યું કે, મારૂં મારા બાપા આગળ કંઇ ચાલતું નથી, તારે ખપ હોય તો મારા બાપાને કહે. ત્યારે ચંચળાએ કહ્યું. પીટયા! તું શું ક રવા પરણવા આવ્યો હતો, વાંઢા રહેવું હતું, મને તું પરણ્યો છે કે તારો બાપ પરણ્યો છે, કે જેથી તેને ક- હેવાનું કહે છે.

મનોહર—નફટ! વિચારીને બોલ! બોલતાં બોલતાં બ્હે કી કે શું?

ચંચળા—અહો હો! આટલી બધી શેખાઇ કોના ઉપર મારોછો, શું જધન કરી નાંખ્યો છે, હજી તમારા ઘરનું એક કાપડું સરખું પણ લીધું નથી, રાંડની બબે વરસથી ઉઘાડી ફરે છે, એક મોતીની માળા સરખી પણ તમારાથી અપાય નહિં ત્યારે તમોને પરણીને શું સુખ માણ્યું. શાં પાપકર્મ કર્યાં હતાં કે ભોગજોગે આવો વહુ મળ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઘરેણાંનો ઘમઘમાટ.

સ્ત્રીયો ઘરેણાં પહેરી પોતાને કૃતાર્થ માને છે, પણ સમજતી નથી કે ઘરેણાંની શોભા કરતાં ગુણની શોભા મોટી છે. પોતાના પતિને પંજેળી ઘરેણાં પહેરવાં એ મહા પાપ છે, તેમ ગામમાં બે પૈસાનું દેવું કરી પતિને કનડી ઘરેણાં પહેરવાં એ પણ અન્યાય છે. પતિના દુઃખમાં સ્ત્રી ભાગ લેનારી હોય છે પણ પોતેજ તેને નકામો સંતાપે ત્યારે તે પતિવ્રતા સ્ત્રી શી રીતે કહી શકાય. કોઇ ગાંડો ધણી હોય વા વ્યસની પતિ હોય અને પોતાનાં ઘરેણાંને પતિ વટાવી દેવાળું કાઢે તે વખતે સ્ત્રીએ જેમ પોતાનું સારૂં થાય તેમ વિચારવું. સ્ત્રીઓનો મુખ્ય અલંકાર પતિવ્રતાપણું છે, તેમજ સાસુ સસરાને નમન કરવું એજ તેની મોટી કીર્તિ છે; પોતાના પતિનું બૂરૂ ચિંતવવું નહીં, અને સુખ દુઃખમાં પરસ્પર સાહાય્ય કરવી એજ સ્ત્રીનું ભૂષણ છે. અંતે થાકીને મોતીની માળા માટે મનોહરે પોતાના પિતાને કહ્યું. તેણે મોતીની માળા પોતાની સ્ત્રીને આપી ત્યારે તેનો સાલ ચંચળાએ છોડયો. અહો! કદાગ્રહી અને મૂર્ખ સ્ત્રીઓથી કેટલું દુઃખ સહન કરવું પડે છે. ચંચળાને ચૌદ વર્ષની ઉમરે એક પુત્રનો પ્રસવ થયો, પણ તે છ મહિનાનો થઈ મરી ગયો.

મનોહરની મા મનોહરનું સુખ દેખવા રહી નહીં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેણે પરભવની વાટ લીધી એટલે મૃત્યુ પામી. ધનલશે ઠ વૃદ્ધ થયા હતા તેને એક આ કારી ઘા લાગ્યો, તેપણ ચિંતામાં ને ચિંતામાં મૃત્યુ પામ્યા. મનોહરને દુકાન નો ભાર વળગ્યો, નાની ઉમરમાં કેળવણી બરાબર લીધી નહિ તેથી વ્યાપારમાં તેને સમજણ પડતી નહોતી, તેના ગુમાસ્તા કેટલુંક ધન ખાઇ ગયા, પ્રતિદિન લક્ષ્મી ખુટવા લાગી, મનોહરથી મોટો વ્યાપાર પણ થઇ શક તો નહોતો, છેક નિર્ધન અવસ્થા આવી, ખાવાનું ખુટ્યું, ઘર પણ રહેવાનું ઘરેણે મૂક્યું, ઓછામાં પૂરો ક્ષય નો રોગ તથા ભગંદર અને પરમીયો એ ત્રણ રોગ મનોહરને ઉત્પન્ન થયા, બીચારો મનોહર ખાટલે પડયો, ચંચળાને કોઢરોગ ઉત્પન્ન થયો તેથી તે પણ દુબળી બની ગઇ, તેની અભિમાનદશા ઉતરી ગઇ, બાળલગ્ન જોડું દુ:ખી હાલતમાં આવી પડયું. એક દિવસ મનોહરે દુ:ખથી આ પ્રમાણે પથારીમાં સૂતાં સૂતાં ગાવામાં પોતાના દુ:ખના ઉભરા કાઢવા માંડયા.

## રાગ કાન્હરો.

લગ્ન બાળકનાં કરશો ન કોઇ,
મારાં દુ:ખડાં નજરે જોઇ. લગ્ન૦ ૧
ધાતુ ક્ષય વિદ્યા ક્ષય થાવે,
કાળજુ ફોલી સ્ત્રિ નિત ખાવે. લગ્ન૦ ૨
ચિંતા ચિતા સમ મન બાળે,
શોક વિયોગ તે દેહને ગાળે. લગ્ન૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભણતર ગણતર દુરે નાસે,
વ્યાપાર હુન્નર મન નવિ ભાપે. લગ્ન૦ ૪
શરીરશક્તિ ઘટતી જાય,
ક્ષય ગળતી બહુ રોગો થાય. લગ્ન૦ ૫
માતા પિતાએ મને પરણાવ્યો,
હોમાગ્નિમાં મને સળગાવ્યો. લગ્ન૦ ૬
દુઃખના દરિયામાં હું પડિયો,
મરણપથારીમાં રડવડીયો. લગ્ન૦ ૭
કરગરી કરજોડી કહુ વાત,
લગ્ન બાળનાં કરજો ન માત. લગ્ન૦ ૮

આ પ્રમાણે ગાયન ગાઈ મનોહર દુઃખના ઉભરા કાઢે છે. પ્રમેહ રોગથી બૂમો બારકા પાડે છે, ડાકટરને ઘેર બોલાવ્યો, ડાકટરે શરીર તપાસી કહ્યું કે, તમારા શરીરમાં મૂળથી ધાતુવિકાર થયો છે અને વીર્ય ક્ષય થયું છે તેથી ખાધું પચી શકતું નથી અને તેના લીધે બીજા રોગો ઉત્પન્ન થયા છે, આદિ કારણો કહી બતાવ્યાં. રોગ અસાધ્ય છે. ચંચળા હવે દુઃખની સ્થિતિમાં આવી પડી, બે ત્રણ વર્ષ પથારીમાં પડી રહ્યો, ઉધરસ, શ્વાસોશ્વાસના ઉપાડને લીધે અત્યંત પીડાવા લાગ્યો, ત્યારે તેનાં સગાંવહાલાં કુટુંબી સંબંધી સર્વ મળવા આવ્યાં, તેવારે મનોહરે આ પ્રમાણે અડકતે અડકતે વચને દુઃખીયારીસ્થિતિમાં પણ પોતાના દેશના કલ્યાણને માટે, જૈનવર્ગની ઉન્નત્તિને માટે આ પ્રમાણે બોલવા લાગ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારાં સગાં વ્હાલાંઓ! તમે જાણો છો કે 'પહેલું સુખ તે જાતે નર્યા " એમ કહેતાં કહેતાં આંખમાંથી દડદડ આંસુની ધારા વહેવા લાગી અને છાતી ભરાઈ આવી, ત્યારે કાકાઓએ તથા કાકીઓએ તથા સાસુ વિગેરેએ ધીરજ આપીને કહ્યું કે, તમે ગભરાશો નહિ. ત્યારે મનોહર આગળ બોલ્યો. આ મારૂં શરીર રૂધિર માંસના લોચા વિનાનું શિથિલ હાડકાંની માળા જેવું થઇ ગયું છે, તેનું કારણ મને મારા માતપિતાએ નાનપણમાં પરણાવ્યો તેજ છે. અહંહ! અરે હાય! મમમને બીજું દુ:ખ એ છે કે મારૂં થયું એમ બીજાનું થાય નહિ. મારા શરીરમાંથી વીર્ય નાશ થઇ ગયું, ત્યારે સર્વ રોગો શત્રુની પેઠે પીડવા લાગ્યા. હાય! અરે! હવે કોનો આ ધાર. લાડમાંને લાડમાં મારી માતાએ મને પરણાવ્યો, ભણવાનું મૂકાવ્યું, ભણવા ઉપરથી ચિત્ત ઉઠી ગયું, વ્યાપારમાં ગમ પડી નહિ, તેથી અંતે ધન સર્વ ખુટી ગયું, બૈરી પણ અવિનીત અને ક્લેશ કરનારી મળી, હવે ક્ષયરોગમાંથી બચવું મુશ્કેલ છે, હવે સૌ સગાં સાથે છેલ્લા પ્રણામ છે, એમ કહી બે હાથ જોડે છે અને આંખમાંથી અશ્રુધારા વર્ષાવે છે, તે દેખી સગાંવહાલાં પણ રડી પડે છે અને ગળગળાં થઇ ગયાં. નવકાર મંત્ર અંતે સંભળાવ્યો. તેણે કહ્યું કે મારાં વ્હાલાંઓ! હું તો જાઉં છું પણ અંતે અંત શિખામણ એ છે કે કોઇ બાળલગ્ન કરી સંસાર વ્યવહારમાં વરવહુને વર્તાવશો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ. એમ કહેતાં કહેતાં તેના આત્માએ આ નાશવંત શરીરનો સંગ છોડ્યો. સગાં વહાલાંએ મરણકૃત્ય કર્યું. અંચળા હાયપીટ કરવા લાગી, પણ હવે શું વળે. શરીરમાંથી નીકળેલો આત્મા કંઇ પાછો આવતો નથી.

## હિતશિક્ષા.

સુજ્ઞો! મનોહરની અંત્યાવસ્થાથી કોને દુઃખ થયા વિના રહેશે. બાળલગ્ન કરવાથી એવા કુફાયદા થાય છે. ધવલશેઠે લગ્ન માટે કંઇ સારો વિચાર કર્યો હતો પણ ઘરમાં સ્ત્રીએ અજ્ઞાનદશાથી પોતાના પુત્રને પરણાવ્યો ત્યારે અંતે ખખમેદાન થઇ ગયું, વંશનો પણ ઉચ્છેદ થયો; માટે માતપિતાને શિખામણ કે પોતાનાં છોકરાંને નાનપણમાં પરણાવવાં નહિ. બાળલગ્નથી થોડી માત્ર પણ હાનિ પહોંચ્યા વિના રહેશે નહિ અને શરીરની ચપલી અવસ્થા થશે અને પોતાનાં છોકરાંથી મહાન્-કાર્ય થઇ શકશે નહિ; માટે વિદ્યાભ્યાસ પૂર્ણ થાય, વ્યાપારકળામાં હુશિયાર થાય ત્યારે પરણાવવા, કે જેથી સંસારમાં કોઇ જાતની અડચણ પડે નહિ અને શરીરની ખુવારી થતી અટકે. આ એક પોતાના પુત્રના એકલાના હિતને માટે નથી પણ સમગ્ર સંતતિ તથા જૈનવર્ગને માટે હિતકારક આ વાત છે. આ હિતશિક્ષાને માન્ય આપશે તે લોકો શરીરે સુખી થશે અને સંસારનાં તથા ધર્મનાં મહાન કામો કરી શકશે અને દુનિયામાં અમર થઇ જશે; અને જે હિતશિક્ષા નહિ માને તે વિપરીત ફળ પામશે. નિર્બળ પ્રજાનાં મનપણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્બળ રહે છે અને તે પ્રમાણે સત્વગુણ પણ ઓછો રહે છે, તો તેથી ધર્મકાર્યમાં પણ તેની યથાયોગ્ય પ્રવૃતિ થતી નથી. સુજ્ઞ હોય તેજ ધર્મને સાધી શકે છે, તો બાળલગ્નથી જેનાં શરીર મડદાલ બની ગયાં હોય અને વળી તેનાથી ચૌદ, પંદર, સોળ વર્ષ વયથી ઉત્પન્ન થનાર પ્રજા તેનો વિશેષે કરી ધર્મમાં હિંમત વિનાની રહે છે. અર્થાત્ ધૈર્ય અને દૃઢતાપૂર્વક તેનાથી ધર્મસાધન થઈ શકતું નથી અને સત્તાવાન ધૈર્યવાન પુરૂષો હોય છે તે ધર્મ વા કર્મમાં પૂરા હોય છે. કહેવત છે કે "જે શુરા તે સર્વ વાતે પૂરા." નિર્બળ પ્રજાથી વિદ્યાભ્યાસ પણ બરાબર કરી શકાય નહિ; વળી બાળલગ્ન થયા બાદ વિદ્યાર્થિઓની યાદશક્તિ પણ કમતી થાય છે અને ચિંતાવાળું મન રહે છે; માટે બાળલગ્નનો કુધારો બંધ કરવો અને યોગ્ય ઉમરે લગ્ન કરવાં એજ હિતશિક્ષા છે. ઇતિ શ્રી શાંતિ: શાંતિ: શાંતિ:

આ પ્રમાણે દ્વિતીય પુરૂષે બાળલગ્ન ઉપર ભાષણ આપ્યું, તે સાંભળી સભાના સદ્ગૃહસ્થોએ તેમને વધાવી લીધા. ત્યાર બાદ તૃતીય રત્નમણિ નામના પુરૂષે ભાષણ આપ્યું કે:—

ગૃહસ્થો—બાળલગ્ન સંબંધી આપણી જૈન કોમમાં એક ઠરાવ કરવો જોઇએ છીએ કે કોઇ બાળલગ્ન કરે નહિ. મને ખાત્રી છે કે બાળલગ્ન ન કરવા સામે આ સભામાંનો બેઠેલો અને બહારનો કોઇ પણ માણસ વાંધો લેશે નહિ. એ દુષ્ટ રીવાજને દેશનીકાલ કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને અત્રે આ સભા ભેગી થઈ હોય એમ હું માનું છું. હવે હું આટલું કહી નાતના શેઠીઆઓએ શાંશાં કૃત્ય કરવાં જોઇએ તે વિષય ઉપર બે બોલ કહું છું. નાતના શેઠો નાતનું ભલું કરવા, તેનો બંદોબસ્ત રાખવા, નાતની ઉન્નતિ કરવા તથા ધર્મના કાયદા પળાવવા ની મવામાં આવે છે; જેમકે અમુક વીશાશ્રીમાળી જ્ઞાતના શેઠ, અમુક ઓશવાળ જ્ઞાતિના શેઠ. જ્ઞાતિને સુધારવી, તેને સારા માર્ગે દોરવી તે શેઠીઆનું કર્તવ્ય છે. જેનો પક્ષ જબરો હોય, રાજકાજમાં લાગવગવાળો હોય, ખાનદાન હોય, ગંભીર હોય, ઉદાર હોય, દયાળુ હોય, પોતાની જ્ઞાતિની ઉંચી સ્થિતિ થવામાં જેની દરરોજ લાગણી હોય, સમયનો જાણ હોય, ધર્મી હોય, લજ્જાળુ હોય, બહાદુર અને ધૈર્યગુણે કરી સંપન્ન હોય, સર્વ જ્ઞાતિને સન્માર્ગે દોરવાની જેનામાં કળા હોય, ન્યાય અને અન્યાયનો જાણ હોય, યથાયોગ્ય ઇન્સાફ આપનારો હોય, કોઈની શરમમાં લેવાય નહિ એવો હોય, પ્રાણનો નાશ થતાં પણ લાંચ લેનાર ના હોય, સત્યવાદી એવો શેઠ વા નગરશેઠ જૈનવર્ગનું તથા પોતાની જ્ઞાતિનું ભલું કરી શકે છે.

## નામના શેઠો.

જેનામાં સત્વગુણ ના હોય તથા લાંચના પૈસા ખાનારા હોય, જુઠાનો પક્ષકાર હોય. "વર મરો વહુ મરો પણ ગોરનું તરભાણું ભરો." એ ન્યાયે પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાર્થમાં પૂરા હોય અને પારકી દયા રાખનાર ના હોય, સત્યવાદીપણું તો જેનાથી દૂર રહેલું હોય, પોતાની નાતની જેને દરકાર ના હોય, ઘડીમાં કંઇ બોલે ને ઘડીમાં કંઇ બોલે, કહેણી પ્રમાણે રહેણી ના હોય, પોતાના પગે કુવાડો લેનાર ના હોય, કુસંપી અને કદાગ્રહી હોય, કામના ભૂખ્યા ના હોય પણ જે નામના ભૂખ્યા હોય, જેનો ભારબોજ પડે નહિ, પોતાની નાતીમાં પડેલું અવ્યવસ્થીતપણું તે દૂર કરી શકે નહિ, કુસંપ પડેલો હોય તે પણ દૂર કરી શકે નહિ, એવા વીશાશ્રીમાળી શેઠ અગર ઓશવાળ જ્ઞાતિના શેઠો વા પોરવાડ વિગેરે દરેક જ્ઞાતિના શેઠ હોય તે નામના માત્ર શેઠો જાણવા, તેનાથી પોતાની જ્ઞાતિનું હિત થઇ શકે નહિ, અને જૈનવર્ગની ઉન્નત્તિ પણ થઇ શકે નહિ. સત્તા વિનાના શેઠીયાના વખતમાં નાતની સ્થિતિ ખરાબ થાય છે, અને તે નાત ઉંચી સ્થિતિમાં ચઢી શકતી નથી. જ્ઞાતિનો હું શેઠ છું, માટે તેના ભલામાં એક કલાક વા બે કલાક દિવસમાં તે સંબંધી પ્રયત્ન-ઉદ્યમ કરવો જોઇએ, એવી જેના મનમાં લાગણી નથી તેને શેઠીયો કરવાથી જ્ઞાતિનું કંઇ ભલું થતું નથી.

## શેઠીયાઓની ફરજ.

નાતના શેઠીયા લોકો કહે તેથીજ આનંદ માનવાનો નથી, પણ જ્ઞાતિવર્ગની સેવા બજાવવી, પ્રાણ અને તન ધનનો ભોગ આપવો, પરોપકાર કરવો એજ મુક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્તવ્ય છે. પોતાની જ્ઞાતિમાં રાંડીરાંડો કેટલી છે, તેની આજીવિકા શી રીતે ચાલે છે, તેની તપાસ કરી ગુપ્ત અન્નદાનની સગવડતા હરેક રીતે કરી આપવી, પોતાની જ્ઞાતિના છોકરાઓને ઉત્તમ પ્રકારની કેળવણી આપવી, અપાવવી, તેમને ભણવામાં સાહાય્ય આપવી, ગરીબ છોકરાઓ કે જે પોતાના ઘર તરફથી અભ્યાસ કરવાને અશક્ય છે તેને હરેક સ્થાને ભણવાની ગોઠવણ કરી આપવી, પોતાની જ્ઞાતિવર્ગમાં જે છોકરીઓ હોય તેને ધર્મશાસ્ત્રની કેળવણી અપાવવી અને તેના માટે બંદોબસ્ત કરવો, પોતાની નાતમાં ટંટા પડવા દેવા નહિ, એક નાતમાં ઘણા શેઠીયાઓ હોય તોપણ પરસ્પર અદેખાઇ કરી તડ પાડવાં નહિ, કારણકે તેથી નાતની ખરાબી થાય છે, સંપમાં જે સુખ છે તે કુસંપમાં જરા માત્ર પણ સુખ નથી. પૃથુરાજ જે દિલ્લીનો હિંદુપતિ હતો તે પણ કુસંપથી હાર્યો અને જયચંદ્રનું રાજ્ય પણ નાશ પામ્યું.

પોતાની જ્ઞાતિમાંથી કોઇ સ્વામિનારાયણ વા ગોસાઇ વા થિઓસૉફી વિગેરેનો ધર્મ પાળે તો તેને જ્ઞાતિ બહાર કરવા, અને તેની સાથે ભોજન વ્યવહાર પોતાના કાયદા માને તો રાખવો, પોતાના જે જે સારા વિચારો હોય તે પહેલાં જ્ઞાતિના સદ્‌ગૃહસ્થોને બોલાવી સંભળાવવા અને સર્વની અનુમતિ લેઈ અમલમાં મૂકવા. ઇંગ્લીશ કેળવણીના લીધે ખ્રીસ્તિમતને અનુસરનારા એવા જીવાન છોકરાઓને સદ્‌ગુરૂમહારાજની પા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સે મોકલવા, પોતાની જ્ઞાતિનું ભલું કેમ થાય તે ધનવાન્ અને ધર્મી ક્યારે બને, તે માટે જેની સદા શુભ મતિ વર્તતી હોય તેવા શેઠીયાઓથી જ્ઞાતિનું તથા જૈન વર્ગનું ભલું થાય છે, નાતની પંચાતમાં અન્યાયીઓનો પક્ષ કરવો નહિ, કોઇએ કન્યાવિક્રય કર્યો હોય તો તેને ખુબ સખ્ત શિક્ષા કરવી અને નાતબહાર મૂકવો કે જેથી બીજાઓ એવાં પાપનાં કૃત્ય કરતા અટકે. કન્યાના પૈસા ખાનારનો પક્ષ કરનાર જો નાતનો શેઠીયો હોય તો તે મહા પાપી અને જ્ઞાતિનું બુરૂ કરનાર તેનો નાશ કરનાર પણ જાણવો. શેઠીયાઓએ જ્ઞાતિનું ભલું કરવા હરેક પ્રયત્ન કરવો. એજ હિતશિક્ષા.

## શેઠીયાઓ પ્રતિ નાતને કેવી રીતે વર્તવું?

પ્રીતિ અને નમ્રભાવથી શેઠીયાઓ પ્રતિ નાતિને વર્તવું, અને તેમના કહેલા વચનને માન્ય આપવું, તેમના પ્રતિ દ્વેષની બુદ્ધિ ધારણ કરવી નહિ. ઝઘડા ટંટા જ્ઞાતિમાં કરવા નહિ, અને શેઠીયા સામું થવું નહિ, કદાપિ શેઠીયા લાંચીયા હોય અને નાતીની ખાખાવીખી કરી નાંખતા હોય તો તે શેઠીયાઓને સર્વ ગૃહસ્થોએ ભેગા થઈ સમજાવવા, અને તેમ છતાં તેમના કદાગ્રહથી જ્ઞાતિ ઘણી દુ:ખી થતી હોય તો શેઠીયાઓને પણ દૂર કરવા. શેઠીયાઓ જ્ઞાતિનું ભલું કરનાર છે, અને જ્ઞાતિ તેના વચનને અનુસાર છે, તો તેથી પરસ્પર સંપીને ચાલવું, અને પોતાની જ્ઞાતિની ઉન્નતિ ઇચ્છવી. નાતના ગ્રહસ્થો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પરસ્પર લડવું નહિ, આપણે માણસ જાતિ સ્વતંત્ર છીએ, તે વળી આપણે માથે જ્ઞાતિના શેઠીયા અને તેમના કાયદા આપણે માનવા તો તે શેઠીયા કેમ જોઇએ એમ વિચારવું નહિ. દરેકના માથે એક અંકુશની જરૂર છે, તે વિના પરસ્પર આપણે અન્યાય કરીએ તો આપણને કોણ શિક્ષા આપી શકે; માટે શિક્ષા આપી સન્માર્ગે દોરનાર શેઠીયા રાજા ગુરૂમહારાજ વિગેરેની જરૂર છે માટે તેમની આજ્ઞા માનવી. નહિતો નીચે લખેલા દૃષ્ટાંત પ્રમાણે જરૂરના ધારનારને કેવી રીતે હરકત પડે છે તે ખ્યાલ આવશે.

## ઇંદ્રિયો અને જઠર વચ્ચે અણબનાવ.

એક દિવસ આંખ, કાન, નાક, જીભ અને ચામડી, તથા હાથ પગની મંડળી એકઠી થઇ, અને તેમાં એક બીજાની મોટાઇ દેખાડવા લાગી. આંખ કહેવા લાગી કે હું સર્વ કરતાં શ્રેષ્ટ છું, મારા વિના કોઈ પણ પદાર્થ દેખી શકાય નહિ, સારૂં નરસું જોવામાં ખાડો ખચકો શત્રુ મિત્રને પ્રથમથીજ હું દેખું છું. આ સાંભળી કાન કહેવા લાગ્યો કે, અરે! આંખ આટલી બધી બડાઇ કોની આગળ હાંકે છે. જો હું ન હોત તો તારા એકલાથી કંઇ પણ થઇ શકે નહિ; કારણ કે આ વસ્તુ સારી અને ખોટી છે, અમુક દુષ્ટ છે, અમુક સજ્જન છે, અમુક ધર્મ છે, અમુક પાપ છે, એનું પ્રથમ શ્રવણ કર્યા વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના તું શી રીતે પરીક્ષા કરી શકશે; માટે ખરેખર સર્વમાં શ્રેષ્ટતા મારી છે' ત્યારે નાક કહેવા લાગ્યું કે, મારા વડે જ તમે સૌ કાયમ છો અને જીવી શકો છો, કારણ કે નસકોરાંથી શુદ્ધ હવાનો શ્વાસ લઉં છું, અને ખરાબ હવા કાઢી નાંખું છું, ઉંઘમાં આંખ પણ મીંચાઈ જાય છે, કાન પણ સાંભળવાનું કામ મૂકી દે છે, પણ હું તો તે વખતે પણ પેરો ભરૂં છું, મારે તો એક મીનીટ પણ વિશ્રાંતિની જગ્યા મળતી નથી; માટે મારી આગળ તમે શા હિસાબમાં છો! નકામી બડાઈ કેમ હાંકો છો, હું સર્વમાં શ્રેષ્ટ છું. ત્યારે જીભ ચમકીને બોલી ઉઠી. અરે.! તમે સર્વ મારી આગળ નકામાં છો, ને હું વિવિધ પ્રકારના ઉચ્ચાર કરી રસની પરીક્ષા કરવામાં, અન્યને બોધ કરવામાં, મારો ખપ પડે છે, છએ રસની પરીક્ષા હું કરૂં છું,ઝેર અને અમૃતની પરીક્ષા મારાથી છે, કડવું અને ગળ્યું હું પારખી શકું છું, અને સર્વ પદાર્થ હું ખાઇ આખા શરીરમાં પુષ્ટી તરીકે મોકલું છું. કહો કેવી હું મોટી? હાથ પગ પણ બડાઈ હાંકવા લાગ્યા. સર્વેએ વિચાર કર્યો કે આપણે તો પરસ્પર એક બીજાને મદદ કરીએ છીએ પણ આ જઠર કંઈ ઉદ્યોગમાં નથી અને બેઠું બેઠું આપણી કમાઈ ખાયાં કરે છે. આપણે બધાએ થોડા દિવસ ઉદ્યોગ કરવાનું બંધ રાખવું. જુઓ જઠરની કેવી અવસ્થા થાય છે! એમ નક્કી કરી બધી ઇંદ્રિયોએ થોડા દિવસસુધી જઠરને દુઃખ દે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વા ઉદ્યમ ત્યાગ્યો; પણ અવિચારી ઇંદ્રિયોના જાણવામાં નહોતું કે જઠર પણ અન્ન પચાવવું, લોહી ઉત્પન્ન કરવું તેનું કામ કરે છે, અને તેના લીધે આપણને શક્તિ મળે છે, આનો વિચાર કર્યા વિના જઠરને નકામું ધારી પોત પોતાનું કામ છોડી દીધું. ત્રણ દિવસ થતાં તો આંખે અંધારાં આવવાં લાગ્યાં, કાનની સાંભળવાની શક્તિ નરમ પડી, શ્વાસોશ્વાસ લેવામાં મહેનત પડી, શબ્દ બોલતાં અચકાવાપણું થયું, પગથી ચાલવા લાગ્યું નહિ, હાથથી કંઇ કામ થાય નહિ, એવી ખરાબ સ્થિતિ બધી ઇંદ્રિયોની થવા લાગી; ત્યારે મને સર્વને ભેગાં કરી કહ્યું કે, જો તમે આમ કરશો તો તમારો સંક્ષય થાશે. સર્વ ઇંદ્રિયો પણ પોતાની દુ:ખી સ્થિતિથી તુરત બોધ પામી, અને મનને પૂછયું.-અમારી અવસ્થા કેમ થઇ, ત્યારે મને વિચાર કરી જણાવ્યું કે તેનો ઉત્તર જઠર આપશે. જઠર અત્યાર સુધી મૌન રહ્યું હતું તે બોલ્યું—અરે અવિચારી ઇંદ્રિયો! તમે મારી ફરજ બીલકુલ જાણી નહિ, જુઓ હું તમારા સૌને માટે અમુલ્ય સેવા બજાવું છું તે તમને માલુમ નથી. અનાજને પચાવી તેનું લોહી બનાવવું, અને તે લોહી તમારી સર્વની પુષ્ટીને માટે હું મોકલું છું. આ સાંભળી સર્વ ઇંદ્રિયો આશ્ચર્યમાં પડી, અને જઠરનો ઉપકાર માન્યો, અને પોતપોતાનું કામ કરવા લાગી. તેમ જ્ઞાતિ વર્ગ પણ નગરશેઠ, શેઠ વા રાજા, ગુરૂમહારાજ વિગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની ઉપયોગ્યતા જાણી તેમના પ્રતિ પ્રીતિભાવે વર્તવું.

છેવટે રત્નમણિએ ઉપસંહારમાં કહ્યું કે:—આપણા નગરશેઠની વર્તણુક તેમની નીતિ અને ઉત્સાહ ન્યાય એવો છે કે હવે આ ગામની ચઢતી દશા કર્યા વિના રહેશે નહિ. મને આશા છે કે તેઓ સાહેબ તન મન ધનથી જ્ઞાતિવર્ગનું ભલું કરવા મચ્યા રહેશે અને જ્ઞાતિ વર્ગમાં જે જે દુષ્ટ રીવાજો પડી ગયા છે તે સંબંધી કાયદા ઘડવા જોઇએ. આ પ્રમાણે કહી રત્નમણિએ ભાષણની સમાપ્તિ કરી ત્યારે જ્ઞાતિવર્ગે જય જય ધ્વનિથી તેમને વધાવી લીધા.

નગરશેઠ હરીચંદે ઉભા થઈ જ્ઞાતિવર્ગને આ પ્રમાણે નિવેદન કર્યું. મારા વ્હાલા બંધુઓ! બાળલગ્ન સંબંધી સદરહુ ગૃહસ્થે ભાષણ કર્યું તથા શેઠીયાઓની ફરજો કહી બતાવી તે યથાયોગ્ય છે. મારો વિચાર એવો છે કે આપણી જ્ઞાતિમાં દશ અગિયાર વર્ષનાં છોકરાંને પરણાવી તેમને સંસારી રીતે વર્તાવવા પડે છે, તે સંબંધી કંઈ કાયદો ઘડવા ધારૂંછું. એકદમ આ દુષ્ટ રીવાજનો નાશ નહિ થાય, માટે પ્રથમતો મારો એવો મત છે કે અઢાર વર્ષ ઉપરાંતનો છોકરો અને તેર ચૌદ વર્ષની અગર તે ઉપરાંતની છોકરીનાં લગ્ન કરવાં, અને વિવાહ એવી રીતે છોકરાંનો કરવો કે છોકરી કરતાં પુત્રની ઉમર પાંચ વર્ષની વધારે હોય અને પીસ્તાળીશ વર્ષ ઉપરાંતના પુરૂષને કન્યા આપવી નહિ. આ કાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દો ગુજરાતના વર્ગને માટે છે અને આખી સત્તાવીશના માટે પણ યોગ્ય છે; કેમ તમારો કેવો અભિપ્રાય છે? જ્ઞાતિના સર્વ ગૃહસ્થોએ કહ્યું કે એ કાયદો પ્રમાણ છે, તે પ્રમાણે અમો વર્તીશું; એમ કહી જિનશાસનની જય બોલાવી. ત્યારબાદ વળી નગરશેઠ બોલ્યા કે હું બે કલાક નાતિનું તથા ગામના લોકોનું ભલું કરવા ગુમાવીશ, ખોડાંઢોરોની સંભાળ લેવા એક કલાક પાંજરા પોળમાં જઈ ગુમાવીશ, ગુરૂપાસે વ્યાખ્યાન સાંભળવા તથા જૈની છોકરાઓને ઉત્તમ કેળવણી અપાય એવી યોજનામાં તથા જૈની છોકરા કે જેને આશ્રય ના હોય તેને આશ્રય આપવા ધંધા-વેપારમાં વળગાડવામાં તથા જૈની બાળાઓને કેળવણી આપવામાં ઉત્તેજન અર્થે કેટલોક વખત પ્રતિદિન ગુમાવીશ, કોઇ પણ માણસ મને સારી વાત આવીને કહેશે તો હું ધ્યાન દેઈ સાંભળીશ, એમ કહી શેઠ સંભાષણ સંપૂર્ણ કરી નીચે બેઠા ત્યારે નાતિવર્ગે જયની ધ્વનિથી વધાવી લીધા.

ત્યારબાદ નાતના આગેવાન ગૃહસ્થોએ ઉભા થઇ જણાવ્યું કે જ્ઞાતના દરેક મનુષ્યે શેઠની પ્રતિ પ્રીતિભાવથી વર્તવું, અને તેમના ભલામાં રાજી રહેવું; તેમને પ્રાણ પણ સમર્પણ કરવા ચુકવું નહીં. આ પ્રમાણે તેમણે કહ્યું.

ત્યારબાદ નાથાલાલ નામના એક સદ્ગૃહસ્થે ઉભા થઇ જણાવ્યું કે, નાતના સદ્ગૃહસ્થો અને નગરશેઠ પ્રતિ વિનંતી કે—જૈન શ્રાવક જ્ઞાતિનો કાયદો શિથિલ પડવાને લીધે કેટલાક જૈનો સ્વામિનારાયણીયા થઇ ગયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તો કેટલાક ગોસાઇજી, થીઓસોફીસ્ટ, ઢુંઢીયા વિગેરે બની ગયા છે, કેટલાક વિષ્ણુભક્ત બની ગયા છે, તેને આપણા જ્ઞાતિવાળા કન્યા દે છે તે બંધ થવી જોઇએ; અને તેમના માટે કંઈ બંદોબસ્ત થવો જોઇએ. આખી નાતના માણસો એકે અવાજે બોલી ઉઠયા કે એ વાત સાચી છે. મિથ્યાત્વી થઈ ગએલાની સાથે આપણી પુત્રી પરણાવવાથી પુત્રીને મિથ્યાત્વી બનવું પડે છે. અને ઘરમાં ધર્મ સંબંધી ઝઘડા ચાલે છે તે મોટું પાપ છે. હાલનો વખત બારીક છે, જો નાતનો પકકો બંદોબસ્ત નહિ રહે તો ઘણા લોકો મિથ્યાત્વીયો બની જશે, માટે શેઠસાહેબે કંઈ કાયદો ઘડવો જોઇએ.

સર્વની ધર્માભિમાનની એક સરખી લાગણી દેખી કાયદો ઘડી જાહેર કર્યો, અને વાંચી સંભળાવ્યો કે.—સર્વ આપની જ્ઞાતિ સમક્ષ જ્ઞાતિના જનોની સંમતિથી ઠરાવ કરવામાં આવે છે કે આજથી જૈનધર્મથી વિપરીત ધર્મ પાળનારા મિથ્યાત્વીઓને કોઇએ પોતાની કન્યા દેવી નહિ. તથા જે કોઇ મિથ્યાત્વી ધર્મમાં જશે જેવા કે સ્વામીનારાયણ, ગોસાઇ, વૈષ્ણવ આદિના તેને નાત બહાર મુકવામાં આવશે; તેને કોઇએ દીકરી આપવી નહિ અને તેની દીકરી લેવી પણ નહી. સર્વાનુમતે આ ઠરાવ કરવામાં આવેછે. એટલું કહેતાં સર્વાનુમતે પ્રસાર થયો અને શેઠને સર્વેએ જયની ધ્વનિથી વધાવી લીધા. ત્યાર બાદ નથુભાઇનામના એક સદ્ગૃહસ્થે ઉભા થઇ નીચે પ્રમાણે ભાષણ આપ્યું:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભાષણ.

આપણા પૂર્વજો ઘણા ધનવાન હતા, શ્રી મહાવીર નિર્વાણપદ પામે આજ ૨૪૩૦ વર્ષ થયાં, આપણા જૈનોમાં ઘણા વિદ્વાનો થઇ ગયા છે, જૈનોનો એક વખત એવો ઉદય હતો કે સર્વ લોકમાં જૈનોની અતિશય ખ્યાતિ હતી. હાલ કર્મ યોગે જૈનોમાં કોઇ રાજા નથી તથા કોઇ એવા આચાર્ય નથી કે જે જૈનોની ઉન્નતિ કરી શકે; તેથી જૈનોની પડતી આવી છે. પણ આપણા માટે આપણા પ્રાણના આધાર અને મોક્ષમાર્ગના વાહક આચાર્યો હજારો થઇ ગયા છે, તેમણે પરમાત્મા શ્રી તિર્થંકરની વાણી આગમોમાં પુસ્તકોમાં લખી છે, તે પુસ્તકો લખતાં તથા રચતાં અત્યંત મહેનત પડી છે. તેમણે એવી પરોપકારી બુદ્ધિથી પુસ્તકો રચ્યાં છે કે આપણી પશ્ચાત્ થનાર જૈનપ્રજા આ પુસ્તક-ગ્રંથોને વાંચી તેનો લાભ લેશે, અને તેથી ધર્મ ઉપર શ્રદ્ધાવાળી જૈનપ્રજા થઇ ધર્મ માર્ગ આદરી મુક્તિપદ પામશે. એ પુસ્તકોને લખતાં લખાવતાં કરોડો અબજ રૂપૈયાનોઃ ખર્ચ થઇ ગયો છે, અને તે પુસ્તકોના ભંડાર પાટણ જેસલમેર ખંભાત અમદાવાદ વિગેરે ઠેકાણે છે. તે પુસ્તકોમાં-ગ્રંથોમાં અપૂર્વ વિદ્યા ભરેલી છે, અને તે પુસ્તકોનો લાભ આપણાથી લેઇ શકાતો નથી. મંત્રના ગ્રંથો, યંત્ર શાસ્ત્રો, તથા જ્યોતિષ ગ્રંથો, તથા વ્યાકરણના ગ્રંથો, તથા ન્યાયના ગ્રંથો, તથા વૈદકના ગ્રંથો, તથા ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રના હજારો ગ્રંથો છે, તથા તંત્રના પણ ગ્રંથો છે, તે આપણા ગુરૂઓએ બનાવ્યા છે, કે જેથી આપણે તેમનો મોટો ઉપકાર માનવો જોઇએ. અને તેને સાચવી રાખવાં જોઇએ, છતાં આપણે સડી જતાં, ખડી જતાં, કકડા થઇ જતાં, શાસ્ત્રોનો ઉદ્ધાર કરીએ નહિ, તે ઉપરથી બીજી પ્રતો ઉતરાવીએ નહિ તો આપણા જેવો બીજો કયો મુર્ખ કહેવાય? અને આપણો જન્મ સફલ પણ શી રીતે કહેવાય? ધર્મ વિના સંસારની બહાદૂરી ચાતુરી સાથે આવતી નથી, ધર્મકરણીથી સંસારસમુદ્ર પાર પામી શકાય છે તે વિના બીજું બધું અલેખે છે. તે ઉપર હું દૃષ્ટાંત કહું છું તે શ્રવણ કરશો.

મુંબાઇમાં કોઇએક શેઠ રહેતા હતા, તે ધનવાન હતા તેમ કળાવાન હતા. એક દિવસ તેમણે સમુદ્રમાં હોડીયામાં બેશી પ્રવેશ કર્યો. હોડી સમુદ્ર મધ્યે ચાલે છે તેવામાં શેઠ ખારવાને પૂછવા લાગ્યા:—અલ્યા ખારવા! તારૂં નામ શું છે?

ખારવો—શેઠ! મારૂં નામ મોતિયો.

શેઠ—અલ્યા કંઈ પરણ્યો છે કે નહિ?

ખારવો—ના શેઠ સાહેબ, આપણે બંદા તો કુંવારા એકીલા છીએ.

શેઠ—જા, ત્યારે તો તારી અડધી ઉમર નકામી ગઇ. અલ્યા! કંઇ પંચાત કરતાં આવડે છે કે? તથા વાંચતાં લખતાં આવડે છે કે?

ખારવો—ના શેઠજી. વાંચતાં લખતાં આવડતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા પંચાત બંચાત કરતાં પણ આવડતી નથી,
ખાવુંપીવું તથા હોડી હાંકવી એટલુંજ આવડેછે.

શેઠ—જારે જા, ત્યારે તો તારી, પોણી ઉમ્મર નકામી ગઈ. એવામાં હોડી આગળ ચાલી, પાણીનાં મોજાં ઉછળ્યાં ત્યારે ખારવે કહ્યું—કેમ શેઠજી! તરતાં તો આવડે છેને! શેઠ કહેવા લાગ્યા. ના તરતાં આવડતું નથી. ત્યારે ખારવો બોલ્યો-ઓહો! ત્યારે તો શેઠ ખુબ બની, મારી તો પોણી ઉમર નકામી ગઈ અને તમારી તો આખી ઉમર નકામી થઈ. એમ કહેતાં હોડીયું પાણીથી ભરાવા લાગ્યું, અને છેવટ બૂડયું. ખારવો કૂદીને તરી કાંઠે ગયો, શેઠજી બૂડી મુઆ. તેમ સંસારમાં આપણે કુશળ છીએ પણ ધર્મકરણીમાં પ્રવૃત્તી નથી ત્યારે તો આપણી આખી ઉમર નકામી ગઈ; માટે પુસ્તક લખાવવાં, તેની સંભાળ રાખવી. ધર્મકરણી કરીશું તો સંસારસમુદ્ર તરી શકીશું; નહિ તો આપણી કળા હુશિયારી બહાદુરી ધન આદિ સર્વ નકામું જાણવું. માટે પુસ્તક લખાવવાં, જીર્ણ દેરાસર સમરાવવાં, પ્રભુ પૂજા કરવી, જ્ઞાન ભણવું, ભણાવવું, ભણતાને સાહાય્ય કરવી, જૈન ભાઈઓને મદદ કરવી, પોસહ પ્રતિક્રમણ આદિ ધર્મકરણી કરી મનુષ્ય જન્મ સફળ કરવો જોઇએ. હજી જૈનધર્મનો ઉદય થવાનો છે. ત્રેવીસ ઉદયમાંના ઘણા બાકી છે. શ્રી દીવાળીકલ્પને વિષે તે ઉદય બતાવ્યો છે. તે નિચે મુજબ જાણવા સારૂ કહું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| उदयनो अनुक्रम अंक. | | युगप्रधान. |
|---|---|---|
| ૧ | પ્રથમ ઉદયે. | ૨૨ |
| ૨ | બીજામાં. | ૨૩ |
| ૩ | ત્રીજામાં. | ૯૮ |
| ૪ | ચોથામાં. | ૭૮ |
| ૫ | પાંચમામાં. | ૭૦ |
| ૬ | છઠ્ઠામાં. | ૮૯ |
| ૭ | સાતમામાં. | ૧૦૦ |
| ૮ | આઠમામાં. | ૮૭ |
| ૯ | નવમામાં. | ૯૫ |
| ૧૦ | દશમામાં. | ૮૯ |
| ૧૧ | અગીઆરમામાં. | ૭૬ |
| ૧૨ | બારમામાં. | ૭૮ |
| ૧૩ | તેરમામાં. | ૯૪ |
| ૧૪ | ચૌદમામાં. | ૧૦૮ |
| ૧૫ | પંદરમામાં. | ૧૦૮ |
| ૧૬ | સોળમામાં. | ૧૦૩ |
| ૧૭ | સત્તરમામાં. | ૧૦૪ |
| ૧૮ | અઢારમામાં. | ૧૧૫ |
| ૧૯ | ઓગણીશમામાં. | ૧૩૩ |
| ૨૦ | વીસમામાં. | ૧૦૦ |
| ૨૧ | એકવીસમામાં. | ૯૫ |
| ૨૨ | બાવીસમામાં. | ૯૯ |
| ૨૩ | ત્રેવીસમામાં. | ૪૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પ્રમાણે યુગપ્રધાનો ૨૦૦૪ બે હજારને ચાર થવાના છે, તેમાંથી ઘણા ઉદયો બાકી છે અને તેમાં થનાર યુગપ્રધાનો પણ બાકી છે માટે જૈનીઓએ ઉદ્યમ કરવો અને ધર્મની શ્રદ્ધા કરવી. શાશનદેવતાઓ જૈનોને સાહાય થાઓ અને જૈનવર્ગની પ્રતિદિન ચઢતી થાઓ અને જૈનધર્મનો મહિમા મહિમાં શાશ્વત પ્રસરો. ઈત્યવમ્ શ્રી શાંતિઃ શાંતિ: શાતિ: આ પ્રમાણે નથુભાઇ એ ભાષણ આપ્યા બાદ સભાએ તેમને વધાવી લીધા. સભા વિસર્જન થઇ.

## मंगळम्.

### દૂહા.

કન્યાવિક્રય ગ્રંથ આ, પૂર્ણ થયો સુરસાળ;
તદનુસારે ચાલતાં, હોવે મંગળમાળ. ૧
સંવત ઓગણી ઉપરે, શાઠની સાલ વિશાળ;
ચૈત્ર શુદ્ધ એકાદશી, પૂર્ણ થયો સુખ કાર. ૨
ભણશે ગણશે જે ભવિ, લેશે તેનો સાર;
બુદ્ધિસાગર સુખ લહી, પામે ભવજળ પાર. ૩

॥ इत्येवम् श्री शांतिः शातिः शांतिः ॥

मुकाम विजापुर. (वीद्यापुर.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only